# પ્રાસંગિક
# તથા
# નિત્ય ભક્તિ ગીતો

પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૦૦૦
વિ.સં. ૨૦૬૨ વીર સં. ૨૫૩૨ ઈ.સ. ૨૦૦૬
પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૭૪મી સમ્યક્ત્વ-જયંતી પ્રસંગે
ફાગણ વદ ૧૦

દ્વિતીય આવૃત્તિ : પ્રત ૨૦૦૦
વિ.સં. ૨૦૬૪ વીર સં. ૨૫૩૪ ઈ.સ. ૨૦૦૮
શ્રી કુંદકુંદાચાર્ય આચાર્ય પદવી દિન
માગશર વદ ૮

મુદ્રક :

**કહાન મુદ્રણાલય**

જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ, સોનગઢ-૩૬૪૨૫૦
Phone : (02846) 244081

# અનુક્રમણિકા


**કારતક સુદ ૧** **નૂતન વર્ષ પ્રારંભ**
સુપ્રભાત-સ્તોત્ર . . . . . . . . . . . . . . . . . . . . . . ૧
આજ ઉગ્યો સોનેરી સુપ્રભાત . . . . . . . . . . . . ૩
**કારતક, ફાગણ** **અષ્ટાહ્નિકા પૂજા**
**અષાઢ સુદ ૮-૧૫** હિલમિલકર સબ ભક્તો ચાલો . . . . . . . . . . . . . . . ૪
શાશ્વત નંદીશ્વરધામ . . . . . . . . . . . . . . . . . . ૫
**કારતક વદ ૭** **પૂ. ગુરુદેવશ્રીનો સમાધિદિન**
ચાંદલિયા! સંદેશ દેજે ગુરુદેવને. . . . . . . . . . . . ૬
સ્વાનુભૂતિના સંત મહાન. . . . . . . . . . . . . . . . ૮
તુજ પાદપંકજ જ્યાં થયા . . . . . . . . . . . . . . . ૯
ધ્યાવો ધ્યાવો હે ભક્તજનો . . . . . . . . . . . . . . . ૯
શાસન તણા શિરોમણિ. . . . . . . . . . . . . . . . . ૧૦
એક અદ્ભુત આતમા . . . . . . . . . . . . . . . . . ૧૨
ગુરુ મને સાંભરશે સથવારો. . . . . . . . . . . . . . ૧૪
**માગશર વદ ૮** **શ્રી કુંદકુંદદેવ આચાર્ય પદવીદિન**
આજ મંગળ દિન મહા ઉગીયો રે. . . . . . . . . . . ૧૪
આજ મંગળકારી મહા સૂર્યોદય . . . . . . . . . . . . ૧૫
**ફાગણ સુદ ૨** **શ્રી સીમંધર જિનમંદિર (સોનગઢ) પ્રતિષ્ઠા દિન**
સુંદર સ્વર્ણપુરીમાં સ્વર્ણ--રવિ . . . . . . . . . . . . ૧૭
**ફાગણ વદ ૧૦** **પૂ. બહેનશ્રી સમ્યક્ત્વજયંતી**
મારા માતાજીને લાગ્યો એક. . . . . . . . . . . . . . ૧૮
જ્ઞાન તારું દિવ્ય છે હો માતા . . . . . . . . . . . . ૧૯
માતા તારા મહોત્સવ ઉજવવા છે . . . . . . . . . . ૧૯
આજ મંગળ મંદિર દ્વાર. . . . . . . . . . . . . . . . ૨૦
**ચૈત્ર સુદ ૧૩** **શ્રી મહાવીર જન્મોત્સવ તથા**
**પૂ. ગુરુદેવશ્રીનો પરિવર્તન દિન**
આ ચૈત્ર ત્રયોદશી આજ છે . . . . . . . . . . . . . ૨૨
કુંડલપુરી કે મંઝાર લિયા પ્રભુ અવતાર . . . . . . . ૨૩
લિયા પ્રભુ અવતાર . . . . . . . . . . . . . . . . . ૨૪
ભારતખંડમાં સંત એક ઊગીયો . . . . . . . . . . . ૨૪
**ચૈત્ર વદ ૮** **જાતિસ્મરણ દિન**
એ આવ્યા પૂર્વના સ્મરણ . . . . . . . . . . . . . . ૨૫
**વૈશાખ સુદ ૨** **પૂ. ગુરુદેવશ્રીની જન્મજયંતિ**
અવની ઉદ્ધારવા . . . . . . . . . . . . . . . . . . . ૨૬
આજ મંગળ વધાઈ વાગતી રે. . . . . . . . . . . . ૨૭
સુવર્ણપુરીમાં મુમુક્ષુઓનો. . . . . . . . . . . . . . . . . ૨૯
ધન્ય જન્મદિન મારા . . . . . . . . . . . . . . . . . ૩૦
ઘર ઘરમાં આનંદ છવાયો . . . . . . . . . . . . . . ૩૦
ઉમરાળા ધામમાં રત્નોની વર્ષા . . . . . . . . . . . ૩૧
**વૈશાખ સુદ ૮** **શ્રી નેમિનાથ જિનમંદિર (ઘાટકોપર) પ્રતિષ્ઠા દિન**
ગિરનાર ગિરના વાસી જિનને . . . . . . . . . . . . ૩૪
તારું જીવન ખરું તારું જીવન. . . . . . . . . . . . ૩૫
બાળ બ્રહ્મચારી જિણંદ પદ ધારી . . . . . . . . . . ૩૬
મંગળાષ્ટક . . . . . . . . . . . . . . . . . . . . . . ૩૭
લહેરાયેગા લહેરાયેગા ઝંડા . . . . . . . . . . . . ૩૮
**વૈશાખ સુદ ૧૩** **શ્રી સીમંધરસ્વામી સમવસરણ(ઘાટકોપર) પ્રતિષ્ઠાદિન**
આજ તો વધાઈ મારે સમવસરણ . . . . . . . . . . ૩૯
ફરફર ફરકે કેસરીયા. . . . . . . . . . . . . . . . . ૪૦
**વૈશાખ વદ ૩** **પૂ. બહેનશ્રી ઉપકાર સ્મૃતિદિન**
દર્શન દ્યો માતા મોરી . . . . . . . . . . . . . . . . ૪૧
દૂર કાં પ્રભુ દોડ તું. . . . . . . . . . . . . . . . . ૪૨
**જેઠ સુદ ૫** **શ્રુત પંચમી**
જય જય, જય જય સમયસાર . . . . . . . . . . . ૪૩
આચાર્ય ધરસેન જો ન ગ્રંથ બનાતે . . . . . . . . ૪૫
**અષાઢ વદ ૧** **દિવ્યધ્વનિ દિવસ**
આજ દિવ્યધ્વનિ છૂટી વીર મુખથી રે . . . . . . . . ૪૬
વીર સભામાં આજ ગૌતમ પધાર્યા . . . . . . . . . ૪૭
**શ્રાવણ સુદ ૧૫** **રક્ષાબંધન દિન**
જય જય મુનિવર વિષ્ણુકુમાર . . . . . . . . . . . . ૪૮
**શ્રાવણ વદ ૨** **પૂ. બહેનશ્રીની જન્મજયંતિ**
સખી દેખ્યું કૌતુક આજ. . . . . . . . . . . . . . . ૪૯
પ્રશમમૂર્તિ નામ છે. . . . . . . . . . . . . . . . . . ૫૦
શ્રાવણ મહિનાની બીજલડી આવી. . . . . . . . . . ૫૧
શ્રાવણીયાની બીજ આવી . . . . . . . . . . . . . . ૫૧
**શ્રાવણ વદ ૧૪** **જ્ઞાનવૈભવ પ્રકાશનદિન**
આજે આનંદ અપાર. . . . . . . . . . . . . . . . . ૫૨
**ભાદ. સુદ ૫-૧૪** **દશલક્ષણી પર્યુષણ મહોત્સવ**
રૂડા પર્યુષણ દિન આજ. . . . . . . . . . . . . . . ૫૩
થાંકી ઉત્તમ ક્ષમાપે જી . . . . . . . . . . . . . . . ૫૫
મારા પરમ દિગંબર મુનિવર આયા . . . . . . . . . ૫૬

નિત ઉઠ ધ્યાવું ગુણ ગાઉ .................. ૫૬
આજ અનંતચતુર્દશી દિન છે રે .................. ૫૭
અનંત ચતુર્દશી દિન આજનો રે .................. ૫૮
ઉત્તમ જૈન ધર્મની નોબત વાગી .................. ૫૯

**ભાદરવા વદ ૧** **ક્ષમાવાણી દિન**
ગુરુદેવ! તારા ચરણમાં .................. ૬૦

**આસો વદ ૧૫** **મહાવીર નિર્વાણ દિન**
મહાવીરાષ્ટક-ભાષા .................. ૬૧
વીર પ્રભુજી મોક્ષ પધાર્યા.................. ૬૨
નિર્વાણ મહોત્સવ દિન આજ.................. ૬૩


## નિત્ય ભક્તિ ગીતો


**પંચપરમેષ્ઠી–ભક્તિ**
૧. નમીએ શ્રી પંચપદને નેહે .................. ૬૫
૨. મૈં દેવ નિત અરહંત .................. ૬૬
૩. અશરીરી સિદ્ધ ભગવાન .................. ૬૭

**જિનવર–ભક્તિ**
૪. નિરખો અંગ અંગ જિનવર કે.................. ૬૭
૫. રસીલા ધર્મીના હૈયા .................. ૬૮
૬. તુમ્હારે દર્શ બિન.................. ૬૮
૭. આજ હમ જિનરાજ .................. ૬૯
૮. ભાવ ભજો જિનરાયા.................. ૬૯
૯. દેખોજી આદિશ્વરસ્વામી .................. ૭૦
૧૦. મ્હારા નેમ પિયા ગીરનારી ચાલ્યા.................. ૭૧
૧૧. ગિરિ નગરના વાસી નેમ જિણંદજી .................. ૭૧
૧૨. તુમસે લાગી લગન .................. ૭૨
૧૩. જય પારસ, જય પારસ .................. ૭૨
૧૪. મેરે મન મંદિરમેં આન .................. ૭૩
૧૫. સીમંધરનાથજી! મોહ ટાળજો .................. ૭૪
૧૬. સીમંધર સભામાં નાદ .................. ૭૪

**મુનિરાજ–ભક્તિ**
૧૭. દેખ્યા દેખ્યા બાહુબલી મુનિરાજને રે .................. ૭૫
૧૮. ધન્ય મુનિશ્વર આતમહિતમેં.................. ૭૬
૧૯. ઐસે મુનિવર દેખે વનમેં.................. ૭૭
૨૦. હોલી ખેલે મુનિરાજ .................. ૭૭
૨૧. હે પરમ દિગંબર મુદ્રા.................. ૭૮
૨૨. જંગલ વસાવ્યું રે જોગીએ .................. ૭૯
૨૩. મને કોને કુંદકુંદ પ્રભુ .................. ૭૯

**સુવર્ણપુરી–ભક્તિ**
૨૪. સોનગઢ આપણું કહેવાય .................. ૮૦
૨૫. કે છાયો છાયો આનંદ અપાર.................. ૮૦
૨૬. યે સંતોકા દેશ હૈ .................. ૮૧
૨૭. નાના નાના બાળ મળી સૌ .................. ૮૨

**ગુરુદેવ–ભક્તિ**
૨૮. કલ્પવૃક્ષ આંગણે પધાર્યા રે .................. ૮૨
૨૯. ગુરુદેવ તમારા ચરણોમાં .................. ૮૩
૩૦. તત્ત્વની ઊંચી વાત .................. ૮૪

**ભાવ–ભક્તિ**
૩૧. ભજ ભજ પ્યારે .................. ૮૫
૩૨. ચિન્મૂરત દ્રગધારીકી મોહેં.................. ૮૫
૩૩. હમકો કછૂ ભય ના રે .................. ૮૫
૩૪. બહુ પુણ્ય કેરા પુંજથી .................. ૮૬
૩૫. ક્યારે રહેશું અખંડ આનંદમાં .................. ૮૭
૩૬. સદાય જિનવર શરણ હો .................. ૮૮
૩૭. સંત સાધુ બનકે વિચરું.................. ૮૮
૩૮. ધ્રુવ આંગણામાં દરિયા ઉછળતા .................. ૮૯
૩૯. ન સમજો અભી મિત્ર કિતના અંધેરા.................. ૮૯
૪૦. આજ મારા જીવનમાં .................. ૯૦
૪૧. સુનું તો થયું રે પીંજર .................. ૯૧
૪૨. આટલું તો આપજો ભગવન્ મને .................. ૯૨

**તીર્થ-ભક્તિ**
૪૩. સંમેદ સિદ્ધધામ .................. ૯૨
૪૪. આજે ગુરુજી મારા પોન્નુર.................. ૯૪

**જિનશાસન–ભક્તિ**
૪૫. આ જૈનધર્મનો દીપક .................. ૯૭
૪૬. જિનવાણી માતા દર્શન કી .................. ૯૮
૪૭. શ્રી અમિતગતિ સામાયિક પાઠ (પદ્યાનુવાદ) .................. ૯૯
૪૮. આલોચના પાઠ .................. ૧૦૪
૪૯. સમાધિમરણ ભાષા (પં. સૂરચંદજી રચિત) .................. ૧૦૭
૫૦. આરાધના પાઠ .................. ૧૧૫

# પ્રાસંગિક ભક્તિ ગીતો

## કારતક સુદ ૧-નૂતન વર્ષ પ્રારંભ

### સુપ્રભાત-સ્તોત્ર

(શાર્દૂલવિક્રીડિત)

યત્સ્વર્ગાવતરોત્સવે યદભવજ્જન્માભિષેકોત્સવે
યદીક્ષાગ્રહણોત્સવે યદખિલજ્ઞાનપ્રકાશોત્સવે,
યન્નિર્વાણગમોત્સવે જિનપતેઃ પૂજાદ્ભુતં તદ્ભવૈઃ
સંગીતસ્તુતિમંગલૈઃ પ્રસરતાં મે સુપ્રભાતોત્સવ. ૧

(વસંતતિલકા)

શ્રીમન્નતામરકિરીટમણિપ્રભાભિઃ
આલીઢપાદયુગ દુર્ધરકર્મદૂર,
શ્રીનાભિનંદન જિનાજિત શંભવાખ્ય
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૨

છત્રત્રયં પ્રચલચામરવીજ્યમાન
દેવાભિનંદન મુને સુમતે જિનેન્દ્ર,
પદ્મપ્રભારુણમણિદ્યુતિભાસુરાંગ
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૩

અર્હન્ સુપાર્શ્વ કદલીદલવર્ણ ગાત્ર
પ્રા લે ય તા રગિરિમૌક્તિકવર્ણગૌર,
ચંદ્રપ્રભ સ્ફટિક પાંડુર પુષ્પદંત
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૪

સંતપ્તકાંચનરુચે જિનશીતલાખ્ય
શ્રેયાન્વિનષ્ટ દુરિતાષ્ટ કલંકપંક,
બંધૂકબંધુર રુચે જિનવાસુપૂજ્ય
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૫



ઉદ્દંડદર્પકરિપો વિમલામલાંગ
સ્થેમન્નનંતજિદનંત સુખાંબુરાશે,
દુષ્કર્મકલ્મષવિવર્જિત ધર્મનાથ
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૬

દેવામરીકુસુમસન્નિભ શાંતિનાથ
કુંથોદયાગુણવિભૂષણભૂષિતાંગ,
દેવાધિદેવ ભગવન્નરતીર્થનાથ
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૭

યન્મોહમલ્લમદભંજન મલ્લિનાથ
ક્ષેમંકરાવિતથ શાસન સુવ્રતાખ્ય,
યત્સંપદા પ્રશમિતો નમિનામધેય
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૮

તાપિચ્છગુચ્છરુચિરોજ્જ્વલ નેમિનાથ
ઘોરોપસર્ગવિજયિન્ જિન પાર્શ્વનાથ
સ્યાદ્વાદસૂક્તિમણિદર્પણ વર્દ્ધમાન
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૯

પ્રાલેયનીલહરિતારુણપીતભાસં
યન્મૂર્તિમવ્યય સુખાવસથં મુનીંદ્રાઃ
ધ્યાયંતિ સપ્તતિશતં જિનવલ્લભાનાં
ત્વદ્ધ્યાનતોસ્તુ સતતં મમ સુપ્રભાતં. ૧૦

(અનુષ્ટુપ)

સુપ્રભાતં સુનક્ષત્રં માંગલ્યં પરિકીર્તિતં,
ચતુર્વિંશતિ તીર્થાનાં સુપ્રભાતં દિને દિને. ૧૧

સુપ્રભાતં સુનક્ષત્રં શ્રેયઃ પ્રત્યભિનંદિતં,
દેવતા ઋષયઃ સિદ્ધાઃ સુપ્રભાતં દિને દિને. ૧૨

સુપ્રભાતં તવૈકસ્ય વૃષભસ્ય મહાત્મનઃ,
યેન પ્રવર્તિતં તીર્થં ભવ્યસત્ત્વ સુખાવહં. ૧૩

સુપ્રભાતં જિનેન્દ્રાણાં જ્ઞાનોન્મીલિતચક્ષુષાં,
અજ્ઞાનતિમિરાંધાનાં નિત્યમસ્તમિતોરવિઃ ૧૪

સુપ્રભાતં જિનેંદ્રસ્ય વીરઃ કમલલોચનઃ,
યેન કર્માટવી દગ્ધા શુક્લધ્યાનોગ્રવહ્નિના. ૧૫

સુપ્રભાતં સુનક્ષત્રં સુકલ્યાણં સુમંગલં,
ત્રૈલોક્યહિતકર્તૃણાં જિનાનામેવ શાસનં. ૧૬

ઈતિ સુપ્રભાત મંગલં.

❀

(રાગ–વિદેહે વસ્યા ભગવાન)

આજ ઊગ્યો સોનેરી પ્રભાત,
ધન્ય સુપ્રભાત અહો!
શ્રી સીમંધરનાથ સુપ્રભાત અહો!
શ્રી ગુરુદેવસૂર્ય સુપ્રભાત અહો!
શ્રી દેવ–ગુરુ સુપ્રભાત......ધન્ય.
જિનશાસનમાંહી સુપ્રભાત......ધન્ય.

જગતારણહાર જિનનાથ અહો!
પરમ પ્રદીપ પરમ દાની અહો!
મહા કૌતુકી ભગવાન......ધન્ય.

જગતદીવાકર દેવ અહો!
સુરનર પૂજિત પાદ અહો!
અહો! કરુણાનિધિ ભગવાન.....ધન્ય.



આજ સોનેરી પ્રભાત ગુરુ આતમમાંહી
ઊગી છે અનોખી ગુરુ ચૈતન્યમહીં,
મારા ગુરુવરસૂર્ય સુપ્રભાત......ધન્ય.

આજ ગગને રવિ અનેરો દીસે,
જેના મંગળ કિરણો સોહી રહે;
જાણે આત્મભાનુની ઝાંય.....ધન્ય.
જાણે સાધકનો સુલભકાળ.....ધન્ય.

સુપ્રભાત વડે સુવર્ષ પ્રગટો,
સેવકને રત્નત્રય ભાનુ પ્રગટો;
ગુરુ ચરણોમાં વારી વારી જાઉં......ધન્ય.

❀

## કારતક-ફાગણ-અષાઢ સુદ ૮-૧૫
## અષ્ટાહ્નિકા પૂજા

(રાગ–જય જય જય સબ મિલકર બોલો)

હિલમિલકર સબ ભક્તોં ચાલોં નંદીશ્વર જિન ધામમેં.......૪

અષ્ટમ દ્વીપમેં જો હૈ રાજે
શાશ્વત જહાં જિનબિંબ બિરાજે;
દિવ્ય જિનાલય બાવન સોહે;
ચહું દિશ વાવડી પર્વત શોભે.......
મહિમા અતિ ભગવાનકી (૪) હિલ. ૧

જિનબિંબ કી શોભા ભારી
વી ત રા ગ તા દ ર્શ ક પ્યા રી;
માનસ્તંભ છે રત્નના ભારી,
કરે દેવ સેવા સુ ખ કા રી.....
જિનેશ્વર ભગવાનકી.....(૪) હિલ. ૨

નંદીશ્વર કી મહિમા ગાઉં,
દર્શન-પૂજન ચિત્તમેં લાઉં;
પહુંચન કો તો વહાં ન પાઉં,
હૃદય સ્થાપી ફિર ફિર ધ્યાઉં.......
વીતરાગી ભગવાન કો.....(૪) હિલ. ૩

સ્વર્ણધામ કી શોભા સારી,
કહાન ગુરુ કી વાણી પ્યારી;
માનસ્તંભ છે ઉન્નત ભારી,
ગંધકુટી દિસે મનોહારી......
—શોભા જિનવર-ધામકી.....(૪)
—શોભા સુવરન-ધામકી....(૪) હિલ. ૪

દેશદેશ કે યાત્રી આકર,
ગુરુ-કહાનકા પરિચય પાકર,
આત્મતત્ત્વકા પ્રવચન સુનકર,
ગાતા હૈ નિજ હૃદય ખોલકર,
-મહિમા ગુરુવર કહાન કી......(૪) હિલ. ૫

❀

(રાગ-અબ સુણો સહુ સંદેશ......)

શાશ્વત નંદીશ્વરધામ જિનેન્દ્ર કે ધામ
સદા સુખકારા.....જીવનમેં નાથ સહારા.....

અષ્ટમ દ્વીપકી શોભા ભારી,
ઈંદ્રો કી ભક્તિ અજબ પ્યારી,
પ્રભુ ભક્તિ કરી ઈસ જગસેં હો ભવપારા.....જી. ૧

શાશ્વત જિનજી કા પૂજન કરો,
પરમાત્મ સ્વરૂપકા ધ્યાન ધરો,
પ્રતિબિંબ સ્વરૂપ જિનબિંબિ જગતમેં પ્યારા......જી. ૨



અરહંતસમ મુદ્રા જિસકી હૈ,
માનું દિવ્યધ્વનિ અભી છૂટતી હૈ,
ઐસે છપ્પન સોં સોળ રતનમય સારા....જી
દર્શન કરનેકો તલસે હૃદય હમારા....જી.
કરીએ જિનમંદિર પૂજન આજ તમારા......જી. ૩

મૈં બહુત દિનોં સે તરસા થા,
પર ચૈન કહીં નહીં પડતા થા,
અબ મિલે મુક્તિ દાતારા....જિનવર પ્યારા....જી.
અબ મિલે મુક્તિ દાતારા....ગુરુવર પ્યારા......જી. ૪

❀

## કારતક વદ ૭-પૂ. ગુરુદેવશ્રીનો સમાધિદિન

[પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ભક્તિપૂર્ણ હૃદયમાંથી વહેલું]

(રાગ-અપૂર્વ અવસર એવો.....)

ચાંદલિયા! સંદેશ દેજે ગુરુવરને,
(શશિયર! સંદેશો દેજે ગુરુદેવને,)
વસી રહ્યા છે સ્વર્ગપુરીને ધામ જો;
વૈમાનિક સ્વર્ગે મુજ ગુરુજી બિરાજતા,
ઈંદ્ર સરીખા શોભી રહ્યા એ દેવ જો.....ચાંદલિયા! ૧.

વિદેહમાં સ્વર્ગેથી ગુરુજી પધારતા,
સીમંધરદર્શનથી તૃપ્તિ અપાર જો;
વૈમાનિક-પરિષદમાં ગુરુવર-બેસણાં,
ભાવભીના ઝીલે ધ્વનિ અમૃતધાર જો....ચાંદલિયા! ૨.

સ્વર્ણપુરીનાં ધામો આ સૂનાં થયાં,
ભરતક્ષેત્રને છોડી ચાલ્યા નાથ જો;
(સ્વર્ણપુરીને છોડી ચાલ્યા નાથ જો;)

તુજ વિરહે હૃદયો ભક્તોનાં રડી રહ્યાં,
ટળવળતા જયમ માતવિહૂણાં બાળ જો.....ચાંદલિયા! ૩.

વિદેહક્ષેત્રે ગુરુજી જેમ પધારતા,
તેમ પધારો સ્વર્ણપુરી મોઝાર જો;
સ્વર્ણપુરે ભક્તો તુજ દર્શન ઝંખતા,
દર્શન દો, વાણી વરસાવો, નાથ! જો...ચાંદલિયા! ૪.

તુજ ચરણોમાં મનડું મુજ લાગી રહ્યું,
અંતરમાંહી લાગ્યો રંગ મજીઠ જો;
તુજ દર્શનની સેવકને નિત ઝંખના,
શ્રવણ કરાવો ચિદ્રસઝરતા નાદ જો.....ચાંદલિયા! ૫.

વિમાનવાસી, દિવ્ય શક્તિધર દેવ છો,
વિધવિધ કાર્યે સમર્થ છો ગુરુદેવ! જો;
આશા પૂર્ણ કરોને ગુરુજી! દાસની,
સ્વર્ણે પધારી વર્તાવો! જયકાર જો.
(આનંદમંગળ વર્તાવો ગુરુરાજ! જો.).....ચાંદલિયા! ૬.

ભરતે એક અજોડ રતન ગુરુજી! તમે,
અંતર ઊછળ્યાં શ્રુતસાગરનાં પૂર જો;
સ્વર્ણે નિત ગુરુમુખથી અમીવર્ષા થતી,
પંચમ કાળે પરાક્રમી ભડવીર જો.....ચાંદલિયા! ૭.

ગુણમૂર્તિ અદ્ભુત શ્રુતધર ગુરુદેવ! છો,
ચિંતામણિ સમ ચિંતિત ફળ દાતાર જો;
મંગળતામય શીતળ તારી છાંયડી,
સત્ય ધરમના આંબા રોપ્યા નાથ! જો....ચાંદલિયા! ૮.

ગુરુજી! તારા પડ્યા વિરહ વસમા ઘણા,
તારણહાર થયા નયનોથી દૂર જો;



સેવકને છોડી ગુરુજી ચાલ્યા ગયા,
અંતરમાં તો નિત્ય બિરાજો નાથ! જો......ચાંદલિયા! ૯.

ભવભવમાં હો તુજ ચરણોની સેવના,
અનંત-ઉપકારી ભાવી ભગવંત જો;
શુદ્ધાત્માના શરણે સાધી સાધના,
નિત્યે રહેશું દેવ-ગુરુની સાથ જો........ચાંદલિયા! ૧૦.

❀

સ્વાનુભૂતિના સંતમહાન, શતશત વંદન કરીએ આજ,
હૃદયમાં રમતા સીમંધરનાથ, હતો જીવનમાં કુંદનો સાથ.
જિનવાણીનો શિરપર હાથ, શિવરમણીના જપતા જાપ......
સ્વાનુભૂતિનાં.......

ગુરુ અમારા કહાન પ્રભુ, માત અમારા ભગવતી માત,
આપો રત્નત્રયનાં દાન, શાશ્વત હોજો તમારો સાથ....
સ્વાનુભુતિનાં......

સુવર્ણપુરીને સુની કરી, સ્વર્ગપુરીને મંગલ કરી,
અમઅંતર ઉજ્જડ કરી, ચાલ્યાગયા ક્યાં ધીંગ ધણી.....
સ્વાનુભૂતિનાં.....

જ્ઞાયક જ્ઞાયક જ્ઞાયકદેવ, પાઠ પઢાવે દિનને રાત,
વાણી સુખમય રહી ગઈ, કહાનગુરુએ લીધી વિદાય.....
સ્વાનુભૂતિનાં.....

બાળ તમારા વિનવે આજ, પાછા ફરો હે જગનાં ભાણ,
દર્શન આપો કૃપાનિધાન, ગુરુનો બોલો જય જયકાર.....
સ્વાનુભૂતિનાં......

❀

તુજ પાદપંકજ જ્યાં થયાં તે દેશને પણ ધન્ય છે;
એ ગામ-પુરને ધન્ય છે, એ માત કુળ જ વન્દ્ય છે. ૧.

તારાં કર્યાં દર્શન અરે! તે લોક પણ કૃતપુણ્ય છે;
તુજ પાદથી સ્પર્શાઈ એવી ધૂલિને પણ ધન્ય છે. ૨.

તારી મતિ, તારી ગતિ, ચારિત્ર લોકાતીત છે;
આદર્શ સાધક તું થયો, વૈરાગ્ય વચનાતીત છે. ૩.

વૈરાગ્યમૂર્તિ, શાંતમુદ્રા, જ્ઞાનનો અવતાર તું;
ઓ દેવના દેવેન્દ્ર વહાલા! ગુણ તારા શું કથું? ૪.

અનુભવ મહીં આનંદતો સાપેક્ષ દૃષ્ટિ તું ધરે;
દુનિયા બિચારી બાવરી તુજ દિલ દેખે ક્યાં અરે. ૫.

તારા હૃદયના તારમાં રણકાર પ્રભુના નામના;
એ નામ 'સોહં' નામનું, ભાષા પરા જ્યાં કામના. ૬.

અધ્યાત્મની વાતો કરે, અધ્યાત્મની દૃષ્ટિ ધરે;
નિજ દેહ–અણુઅણુમાં અહો! અધ્યાત્મરસ ભાવે ભરે. ૭.

અધ્યાત્મમાં તન્મય બની અધ્યાત્મને ફેલાવતો;
કાયા અને વાણી–હૃદય, અધ્યાત્મમાં રેલાવતો. ૮.

જ્યાં જ્યાં તમારી દૃષ્ટિ, ત્યાં આનંદના ઊભરા વહે;
છાયા છવાયે શાંતિની, તું શાંતમૂર્તે! જ્યાં રહે. ૯.

અધ્યાત્મમૂર્તિ, શાન્તમુદ્રા, જ્ઞાનનો અવતાર તું;
ઓ કહાનદેવ દેવેન્દ્ર વહાલા! ગુણ તારા શું કથું? ૧૦.

❀

ધ્યાવો ધ્યાવો હે ભક્તજનો સૌ કહાનગુરુ ભગવાન.

મંગલકારી નામ ગુરુનું ધ્યાવો થઈ એકતાન,
સર્વ સંપદા સ્હેજે પામો કરો આત્મ કલ્યાણ...ધ્યાવો૦



વિચરે ગુરુજી ભરતક્ષેત્રમાં કરતા ભવિ ઉપકાર,
ભરતક્ષેત્રના ભક્તો ભાવે સ્મરી તરે સંસાર...ધ્યાવો૦

જગત શિરોમણી ઉજમબા નંદન વંદન હો અગણિત,
આ કળીકાળે ભાગ્ય અમારા છે અનુપમ ઉપકાર...ધ્યાવો૦

વાણી છે ભવતારિણી ગુરુની કુંદ સમયનો સાર,
સમ્યક્દર્શન વરવા કાજે કરો ભવ્ય પુરુષાર્થ...ધ્યાવો૦

કહાનગુરુના દર્શન દુર્લભ મળે નહિ વારંવાર,
શાને કાજે વખત વિતાવો લઈ લ્યો લ્હાવો આજ...ધ્યાવો૦

તીર્થંકરના વિરહ ભુલાવે દુષમ પંચમકાળે,
મર્મ વિચારી ગુરુવાણીનો લ્યો અનુભવનો સ્વાદ...ધ્યાવો૦

જય જય થાવો ચારે દિશામાં વહાલા કહાનગુરુનો,
આવો સૌ જન સાથે મળીને કરીએ લાખો પ્રણામ...ધ્યાવો૦

અભિલાષા સૌ ભક્તો સેવે ગુરુસંગ કદી નવ તજિયે,
સિદ્ધાલયમાં ભક્તજનો સૌ શુદ્ધાતમમાં રમીએ...ધ્યાવો૦

❀

શાસન તણા શિરોમણિ સ્તવના કરું 'ગુરુ કહાન'ની
તુજ દિવ્ય મૂર્તિ ઝળહળે, અધ્યાત્મરસના રાજવી. ૧

અધ્યાત્મ-કલ્પવૃક્ષનાં ફળનો રસીલો તું થયો;
તું શીઘ્ર રસસાધક બન્યો, અંતર તણી સૃષ્ટિ લહ્યો. ૨

તું લોકસંજ્ઞા જીતીને, અલમસ્ત થઈ જગમાં ફર્યો;
પરમાત્મનું ધ્યાન જ ધરી, તુજ આત્મને સ્વચ્છ જ કર્યો. ૩

પ્રતિબંધ ટાળી લોકનો, આનંદની મોજે રહ્યો;
તેં શુદ્ધ ચેતન ધર્મનો અનુભવ હૃદયમાંથી લહ્યો. ૪

અંતર તણા આનંદમાં સુરતા લગાવી પ્રેમથી;
શુભ દ્રવ્યભાવે તપ તપેથી શુદ્ધિ કરી શુભ નેમથી. ૫

નિંદા કરી ના કોઈની, નિંદા કરી સહુ તેં સહી;
શુદ્ધ-આત્મરસ-ભોગી ભ્રમર; શુભદૃષ્ટિ તારામાં રહી. ૬
ઔદાર્યને તેં આદરી જગમાં જણાવ્યું બોલથી;
આચારમાં મૂકી ઘણું જોયું અનુભવ તોલથી. ૭
તારા હૃદયની ગૂઢતા ત્યાં મૂઢ જનની મૂઢતા;
જે આત્મયોગી હોય તે જાણે ખરે તવ શુદ્ધતા. ૮
પહોંચ્યો અને પહોંચાડતો તું લોકને શુદ્ધ ભાવમાં;
અધ્યાત્મરસિયા જે થયા, બેઠા ખરે શુદ્ધ નાવમાં. ૯
દુનિયા થકી ડરતો નથી, આશા નથી મમતા જરી;
જ્યાં હું વસું ત્યાં તું નહીં, એ ભાવના વિલસે ખરી. ૧૦
સ્યાદ્વાદ પારાવાર છે, આનંદ અપરંપાર છે,
સાચા હૃદયનો સંત છો, પરવા નથી જયકાર છે. ૧૧
આશા નથી કીર્તિ તણી, અપકીર્તિને ગણતો નથી;
લોકો મને એ શું કહે ત્યાં લક્ષને દેતો નથી. ૧૨
વ્યવહારના ભેદો ઘણા ત્યાં ક્લેશને કરતો નથી;
લાગી લગનવા આત્મની, બીજું કશું જોતો નથી. ૧૩
તેં ભાવસંયમ બોટમાં બેસી પ્રયાણ જ આદર્યું,
ભવપથ-ઉદધિ તરવા વિશે તેં લક્ષ અંતરમાં ધર્યું. ૧૪
જે જે ભર્યું તુજ ચિત્તમાં, તે બાહ્યમાં દેખાય છે;
અધ્યાત્મરસરસિયા જનોથી તુજ હૃદય પરખાય છે. ૧૫
એકાંતથી અધ્યાત્મમાં જે શુષ્ક થઈને ચાલતો,
ચાબુક તેને મારીને વ્યવહારમાંહી વાળતો. ૧૬
ગંભીર તારી વાણીમાં ભાવાર્થ બહુ ઊંડા છતાં,
જે હૃદય તારું જાણતા તે ભાવ તારો ખેંચતા. ૧૭.
તુજ વદન-કમળેથી વહે ઉપદેશનાં અમૃત અહો!
અધ્યાત્મ–અમૃત–પાનથી વારી જતા કોટી જનો. ૧૮.



ઉપકાર તારા શું કથું? ગુણગાન તારાં શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું. ૧૯.

❀

એક અદ્‌ભુત આતમા, વીરનો મારગ જાણતા;
મુમુક્ષુઓ વખાણતા, એ પ્રભાવશાળી આતમા. ૧.
કાનજીસ્વામી નામ છે, ભવ તરવાનું કામ છે;
આનંદી આતમરામ છે, એ પ્રભાવશાળી આતમા. ૨.
કુંદ-સીમંધર-વારસ છે, રત્નચિંતામણિ પારસ છે;
અંતર જેનું આરસ છે, એ પ્રભાવશાળી આતમા. ૩.
અજબ એની સ્મૃતિ છે, ગજબ એની સ્ફૂર્તિ છે;
કેવળ કરુણામૂર્તિ છે, એ પ્રભાવશાળી આતમા. ૪.
શ્રીમંત-ધીમંત આવે છે, ચરણે શિર ઝુકાવે છે;
માનીનાં માન મુકાવે છે, એ પ્રભાવશાળી આતમા. ૫.
ભાવિકને સંભાળે છે, આતમલક્ષે વાળે છે;
સંશય સૌના ટાળે છે, એ પ્રભાવશાળી આતમા. ૬.
આત્મજ્ઞાનનો રસિયો છે, અમ અંતરમાં વસિયો છે;
સંસારથી દૂર ખસિયો છે, એ પ્રભાવશાળી આતમા. ૭.
કર્મશત્રુને હણનારો, સાચો અનુભવ કરનારો;
બિરૂદ ધર્યું તારણહારો, એ પ્રભાવશાળી આતમા. ૮.
સુંવાળી એની કાયા છે, શીતળ જેની છાયા છે;
તે ઉજમબાના જાયા છે, એ પ્રભાવશાળી આતમા. ૯.
રોકાયો નહિ માયામાં, જેને મોહ નથી આ કાયામાં;
રહેવું એની છાયામાં, એ પ્રભાવશાળી આતમા. ૧૦.
(એને) નહીં ઓળખે તે પસ્તાશે, ભવ રખડી ખત્તા ખાશે;
જાણનારા ફાવી જાશે, એ પ્રભાવશાળી આતમા. ૧૧.

તેને કદી ન વિસારીએ, આજ્ઞા એની શિર ધરીએ;
ભવસાગર સ્હેજે તરીએ, એ પ્રભાવશાળી આતમા. ૧૨.

સુવર્ણપુરી મોઝાર છે, પુણ્યશાળી પારાવાર છે;
શ્રદ્ધાથી બેડો પાર છે, એ પ્રભાવશાળી આતમા. ૧૩.

કરુણા અપરંપાર છે, અનંત ગુણ ભંડાર છે;
તેને વંદન લાખો વાર છે, એ પ્રભાવશાળી આતમા. ૧૪.

સદ્‌ગુરુ નાવિક તું સાચો, ઉતારું પ્રભુ હું કાચો;
મનમંદિરમાં કર વાસો, એ પ્રભાવશાળી આતમા. ૧૫.

ગુરુદેવને પાયે લાગું છું, અવિનયની માફી માગું છું;
સેવા-ભક્તિ યાચું છું, એ પ્રભાવશાળી આતમા. ૧૬.

આત્મલક્ષ્મીથી શોભે છે, જ્ઞાનગુણથી ઓપે છે;
મુક્તિના મંડપ રોપે છે, એ પ્રભાવશાળી આતમા. ૧૭.

સત્‌શાસ્ત્રોનો જાણ છે, કુંદવાણી પ્રમાણ છે;
તેનાં વચનો અમૃતખાણ છે, એ પ્રભાવશાળી આતમા. ૧૮.

એ ભારતની વિભૂતિ છે, સિદ્ધપદની સમજૂતી છે;
કેવળ કરુણામૂર્તિ છે, એ પ્રભાવશાળી આતમા. ૧૯.

સદ્‌ગુરુ બાળબ્રહ્મચારી છે, અંતરમાં અમૃત-ક્યારી છે;
એના જીવનની બલિહારી છે, એ પ્રભાવશાળી આતમા. ૨૦.

આત્મજ્ઞાનથી પંકાયા, ભારતભરમાં ઓળખાયા;
એ સુવર્ણપુરીના મહારાયા, એ પ્રભાવશાળી આતમા. ૨૧.

વિનવે પ્રભુને સર્વ સમાજ, શિવપુરીમાં રાખજો સાથ;
અમર તપો તમે હે ગુરુરાજ ! એ પ્રભાવશાળી આતમા. ૨૨.

❀



ગુરૂ મને સાંભરશે સથવારો
તારો મને સાંભરશે સથવારો
ભવોભવથી ભટકી રહ્યો છું,
બતાવ્યો માર્ગ તે સારો રે....ગુરૂ મને...

મોતીચંદભાઈનું મોતી પ્રકાશ્યું
ઉજમબા માતાનું રત્ન ઝબક્યું
વહાવી વીતરાગી વાણી ધારો રે....ગુરૂ મને...

વિનવે ભક્તો ગુરૂજી ફરીથી પધારજો
ધર્મ વત્સલ ભક્તો ફરીથી પધારજો
માફ કરજો ક્ષતિ દોષ અમારો રે....ગુરૂ મને...

❀

## માગસર વદ ૮–શ્રી કુંદકુંદઆચાર્ય પદવીદિન

આજ મંગળ દિન મહા ઊગીયો રે,
આજે ઘેર ઘેર મંગળમાળ.....આજ આચાર્યપદ
સોહામણાં રે........

કુંદકુંદ આચાર્ય અહો જાગીયા રે,
ભરતક્ષેત્રનાં અહો ભાગ્ય.....આજ આચાર્યપદ.....૧

પ્રમત્ત અપ્રમત્તે ઝૂલતા રે,
જિનમુદ્રાધારી ભગવંત.....આજ આચાર્યપદ.....૨

દેહ છતાં દેહાતીત દેવ છો રે,
ઋદ્ધિ લબ્ધિ તણો નહીં પાર.....આજ આચાર્યપદ.....૩

જ્ઞાન અનેકાન્ત બળવાન છે રે,
શ્રુતકેવળીની છે સાખ.....આજ આચાર્યપદ.....૪

આચાર્યપદે મુનિ કુંદને રે,
સ્થાપે ઈંદ્ર નરેન્દ્રો આજ.....આજ આચાર્યપદ.....૫

દેવેન્દ્રગણ આજ આવીયા રે,
મનુષ્યજન બહુ ઊભરાય.....આજ આચાર્યપદ.....૬
ચૌદિશમાં વાજાં વાગીયાં રે,
આચાર્યપદદિન આજ.....આજ આચાર્યપદ.....૭
મહાવિદેહક્ષેત્રમાં ચાલીયા રે,
નીહાળ્યા સીમંધરનાથ.....આજ આચાર્યપદ.....૮
દિવ્યધ્વનિનાં સૂર સૂણીયા રે,
ઓગાળ્યા આતમ મોઝાર.....આજ આચાર્યપદ.....૯
જિનદર્શનથી ચિત્ત અતિ ઊછળ્યા રે,
ભરતે આવીને છૂટ્યા બોધ.....આજ આચાર્યપદ.....૧૦
પ્રભુ થોકે થયા મુનિ અર્જિકા રે,
વ્રતધારી તણો નહિ પાર.....આજ આચાર્યપદ.....૧૧
આ ભરત તણો એક થાંભલો રે,
સંત વડે નભે બ્રહ્માંડ.....આજ આચાર્યપદ.....૧૨
કહાનદેવે કુંદકુંદ ઓળખ્યા રે,
કળિયુગે સંબોધ્યા બહુ જીવ.....આજ આચાર્યપદ.....૧૩
આતમયોગી આ જાગીયો રે,
આત્મનાદ વગાડ્યા જગમાંહી.....આજ આચાર્યપદ.....૧૪
કુંદ–કહાન વસો મુજ અંતરે રે,
ઝટ તારજો તારણહાર.....આજ આચાર્યપદ.....૧૫

❀

(રાગ–ગાજે પાટણપુરમાં)

આજે મંગળકારી મહા સૂર્યોદય ઊગિયો રે,
ભવ્યજનોનાં હૈયે હર્ષાનંદ અપાર;
શ્રી કુંદકુંદ પ્રભુજી શાસન શિરોમણી થયા રે. આજે૦ ૧



(સાખી)

શ્રી મહાવીર જિણંદના, કેડાયત કુંદનાથ;
વીર શાસનનો તું થાંભલો, થંભાવ્યો મુક્તિનો રાહ.

જેને આચાર્યની પદવી આજે શોભતી રે,
જેની જળહળ જ્યોતિ ઝળકે દશદિશિમાંય;
જેને જોવાને ઈંદ્રોનાં ટોળાં ઊતર્યાં રે. આજે૦ ૨

શ્રી મહાવિદેહક્ષેત્રમાં, વિચરંતા ભગવાન;
સીમંધર જિનનાથના, સાક્ષાત દર્શન કરનાર.

જેઓ જિનેશ્વરના દર્શનથી પાવન થયા રે,
જેની આતમશક્તિની કરવી શું વાત!
તેનાં ચરણોમાં મસ્તક મારું ઝૂકી પડે રે. આજે૦ ૩

વનવાસી ઓ મુનિવરા! આતમ ધ્યાને મગ્ન;
આતમ સાધના સાધતા અહો! દિગંબર સંત.

જેનાં પાદ ચરણને પૂજે સહુ નરનારીઓ રે,
જેની વાણી સુણવા આવે ચારે તીર્થ;
જેની પ્રભાવનાનો વેગ ઝડપથી ચાલિયો રે,
એવા સંતોનાં ચરણની ઈચ્છું સેવના રે. આજે૦ ૪

કુંદ હૃદયને ઓળખાવનાર ગુરુ કહાન છે રે,
જેના મુખકમળથી વરસે અમૃતમેહ;
સુણવા ભક્તજનોનાં ટોળાં સ્વર્ણે ઊતરે રે,
એવા સદ્‌ગુરુદેવની સેવક ઈચ્છે સેવનારે. આજે૦ ૫

❀

# ફાગણ સુદ ૨
# શ્રી સીમંધર જિનમંદિર પ્રતિષ્ઠાદિન (સોનગઢ)

(રાગ–ગાજે પાટણપુરમાં)

સુંદર સ્વર્ણપુરીમાં સ્વર્ણ–રવિ આજે ઊગ્યો રે,
ભવ્યજનોના હૈયે હર્ષાનંદ અપાર,
શ્રી સીમંધર પ્રભુજી પધાર્યા છે અમ આંગણે રે.......૧

(વસંતતિલકા)

નિર્મૂળ મોહ કરીને પ્રભુ નિર્વિકારી,
છે દ્રવ્યભાવ સહુના પરિપૂર્ણ સાક્ષી;
કોટિ સુધાંશુ કરતાં વધુ આત્મશાન્તિ,
કોટિ રવીંદ્ર કરતાં વધુ જ્ઞાનજ્યોતિ.

જેની મુદ્રા જોતાં આત્મસ્વરૂપ લખાય છે રે,
જેની ભક્તિથી ચારિત્રવિમળતા થાય,
એવા ચૈતન્યમૂર્તિ પ્રભુજી અહો ! અમ આંગણે રે. સુંદર૦ ૨

'સદ્ધર્મવૃદ્ધિ વર્તો' જયનાદ બોલ્યા,
શ્રી કુન્દના વિરહતાપ પ્રભુ નિવાર્યા;
સપ્તાહ એક વરસી અદ્‌ભુત ધારા,
શ્રી કુન્દકુન્દ હૃદયે પરિતોષ પામ્યા.

જેની વાણી ઝીલી કુન્દપ્રભુ શાસ્ત્રો રચ્યાં રે,
જેની વાણીનો વળી સદ્‌ગુરુ પર ઉપકાર,
એવા ત્રણ ભુવનના નાથ અહો ! અમ આંગણે રે. સુંદર૦ ૩

પૂર્વજ્ઞ છે ગણધરો પ્રભુપાદપદ્મે;
સર્વજ્ઞ કેવળી ઘણા પ્રભુના નિમિત્તે;
આત્મજ્ઞ સંતગણના હૃદયેશ સ્વામી,
સીમંધરા! નમું તને શિર નામી નામી.



જેના દ્વારા જિનજી આવ્યા, ભવ્યે ઓળખ્યા રે,
તે શ્રી કા'નગુરુનો પણ અનુપમ ઉપકાર,
નિત્યે દેવ-ગુરુનાં ચરણકમલ હૃદયે વસો રે. સુંદર૦ ૪

*

# ફાગણ વદ ૧૦
# પૂ. બહેનશ્રીની સમ્યક્ત્વજયંતી

જગમાં માત અનેક છે, ના કોઈ તુજ સમાન,
સીંચે સંસ્કાર આત્મનાં, બસ એક ચંપામાત.
મારાં માતાજીને લાગ્યો છે એક અધ્યાત્મનો રંગ,
એણે ગ્રહી લીધો એક જ છે શાશ્વત સુખનો પંથ,
મારા......

જ્ઞાયક જ્ઞાયક એક જ રટણ મનમાં એના ચાલે,
જગની કોઈ વાત કદી નાં, માતા ઉરમાં ધારે,
એના વૈરાગ્યની શું વાત!
એનું મંથન પારાવાર!.....મારા......

ઉંડી ઉંડી એક જ લગન માતાજીને લાગી,
બહારમાંથી ખસી જઈને, અંદર ધૂન લગાડી,
એના આનંદની શું વાત,
એને આતમ લાગ્યો હાથ.....મારા......

નાથ સીમંધર નીરખી એનું, હૈયું ઉછળી જાતું,
દેવગુરુનો મહિમા એનું મનડું સદા ગાતું,
એના સંસ્કારની શું વાત!
એનો ધન્ય અવતાર!.....મારા.......

❀

જ્ઞાન તારું છે દિવ્ય હો માતા, અવતાર તારો ધન્ય વળી,
શુદ્ધ ચિદાનંદ, ચેતન ઘનને, નજરો નજર નિહાળે રે......

શિશુએથી વૈરાગી બની છે, મંથન પારાવાર કર્યું (૨)
માતા નિશદિન તે તો એક જ, આતમનું છે ધ્યાન ધર્યું (૨)
દ્રવ્ય ઉપર તે દૃષ્ટિ કરી, ત્યાં સ્વાનુભૂતિ તને આવી મળી,
શાંત સૌમ્ય મુદ્રા ઉપર, આતમજ્યોતિ ઝળકતી રહી,
જ્ઞાન તારું છે.....

મંગલમય તું જગમાં ઉત્તમ, પાવન તું તો પુરણ છે.....(૨)
જગની કોઈ વાત સુણીના, માતા તું તો નિસ્પૃહ છે......(૨)
સ્વરૂપમાં તું લીન બની છે, અંતરમાં તું પૂર્ણ ઉતરી,
બહાર છું કે ભીતરમાં છું, તને રહે ના ધ્યાન જરી.....
જ્ઞાન તારું છે.....

વિદેહથી તું સીમંધરની વાત લઈને આવી અહીં......(૨)
મીઠી વાણી તારી માતા, અમીરસથી છે પૂર્ણ ભરી.....(૨)
ધર્મરત્ન ઓ માતા તું તો, આરાધનાની દેવી છે......
જગતવંદ્ય તું જગદંબા છે ચરણે ચરણે તીરથ બને......
જ્ઞાન તારું છે.....

❀

માતા તારા મહોત્સવ ઉજવવા છે,
મંગલકારી સમ્યક્ દિન રે.....
વિદેહથી આવ્યા, દેવકુમાર
વીરપુરી ધામે, તેજબાને દ્વારે,
કુમકુમને પગલે પધાર્યા રે.......માતા.....
બાળાવયમાં, અઢારમે વર્ષે,
ફાગણ વદિ, દશમના દિવસે,



આત્મદર્શન અહો પામ્યા રે.....
સમ્યક્દર્શન અહો પામ્યા રે.....માતા....

સીમંધર નાથના, લાડકવાયા,
બ્રહ્મચારી ભડવીર વિદેહધામના,
સમોસરણમાં જેના વાસ હતા.....માતા

સ્વાનુભૂતિના, રંગે રંગાયા,
હરતા ને ફરતા, ચિદ્રસ પીતા,
એવા ભગવંત અહિં આવ્યા રે.....માતા.....

જાતિસ્મરણ એને, નવ–નવ ભવનાં,
કહાનગુરુને તીર્થંકર બતાવ્યા,
આપ થશો એમના ગણધર રે.....માતા....

ખમ્મા ખમ્મા હે ભગવતી માતા,
જુગ જુગ સમ્યક્ જયંતિ હો માતા,
ઉજવે ભારતના ભક્ત સમાજ.....માતા.....

આશિષ આપો વ્હાલા હે માતા,
નિશદિન રહિએ આપની સાથમાં,
મુક્તિના પંથે રાખજો સાથ.....માતા....

❀

આજ મંગળ મંદિર દ્વાર ખૂલ્યાં, મંગળ દ્વાર ખૂલ્યાં રે;
સ્વાનુભૂતિના સ્વાદ આજ ચાખ્યા, મંગળ દ્વાર ખૂલ્યાં રે.

હીરા-મોતી-રત્નથી વધાવું ભગવતી માત,
પરમ સુભાગ્યે પધારિયાં, આજ આનંદ અતિ ઊભરાય રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૧)

ઓગણીસ વર્ષે ઉલ્લસી, આત્મલગન દિનરાત,
વાત ગમે નહિ વિશ્વની, પ્રભુ પામ્યે જ હોય નિરાંત રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૨)

ભાળ્યા નિજ ભગવાનને, ચેતનઘન અવિકાર,
આનંદસાગર ઊછળ્યા, અહો ભવભ્રમણ નિસ્તાર રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૩)

જ્ઞાયકબાગ મહીં રમો, કરો ચિદામૃતપાન,
અપ્રતિહત સાધકદશા, ઝટ બોલાવે કેવળજ્ઞાન રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૪)

મતિ-શ્રુત ઉદધિ ઊછળ્યા, તુજ હૃદયે જગમાત,
સીમંધર-કુંદકુંદની તમે લાવ્યાં અલૌકિક વાત રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૫)

શીઘ્ર શીઘ્ર અવિકલ્પતા, ધ્રુવ ધામે ધરી નેહ;
સવિકલ્પે સંભારતાં—આ ભરત છે કે વિદેહ રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૬)

અનુભવભીની સ્પષ્ટ છે તલસ્પર્શી તુજ વાણ,
'વચનામૃત'ના પાનમાં ડોલ્યું આખુંય હિન્દુસ્તાન રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૭)

અમૃતમીઠી છાંયડી, તારી અતિ સુખકાર;
ધર્મરત્ન ગુણમૂર્તિ છો, છો ઉપશમરસ-અવતાર રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૮)

ઝાઝું શું કહું મા તને, દ્યો દાનેશ્વરી દાન,
શિવપુર સાથે રાખજો—એ પૂરો અંતર અરમાન રે
...મંગળ દ્વાર ખૂલ્યાં રે. (૯)

❀



# ચૈત્ર સુદ ૧૩
# શ્રી મહાવીર ભગવાનનો જન્મોત્સવ તથા પૂ. ગુરુદેવશ્રીનો પરિવર્તનદિન

આ ચૈત્રત્રયોદશી આજ છે સહુ જય બોલો;
આ જન્મકલ્યાણક આજ મહાવીરજીની જય બોલો.

આ ત્રિશલામાતાના નંદન, જિણંદજીનો જય બોલો;
આ સિદ્ધારથ-નૃપકુલચંદ, મહાવીરજીની જય બોલો.

પ્રભુ શાસન ઉદ્ધારક જનમિયા, સહુ જય બોલો;
પ્રભુ તરણતારણ જિનરાજ, મહાવીરજીની જય બોલો.

પ્રભુ ત્રીશ વર્ષે તપ આદર્યા, સહુ જય બોલો;
વનવાસે કર્યું આત્મધ્યાન, મહાવીરજીની જય બોલો.

શુક્લધ્યાને ઉજ્જ્વળતા આદરી, સહુ જય બોલો;
લીધા કેવળજ્ઞાન અખંડ, મહાવીરજીની જય બોલો.

પ્રભુ અનંતચતુષ્ટયે રાજતા, સહુ જય બોલો;
અનંત અનંત આનંદ વેદનાર, મહાવીરજીની જય બોલો.

દિવ્ય રચના ભરી દિવ્યધ્વનિ છૂટી, સહુ જય બોલો;
તર્યા ભવ્ય જીવો અનંત, મહાવીરજીની જય બોલો.

તુજ શાસનનો વૃદ્ધિકાળ દેખું, સહુ જય બોલો;
પ્રગટ્યા તુજ સુપુત્ર કહાન, ગુરુજીનો જય બોલો.

સત્ ધર્મના દરિયા વહાવિયા; સહુ જય બોલો;
જેણે ઉછાળ્યા આખા ભારત, ગુરુજીનો જય બોલો.

જેણે હલાવ્યા આખા હિંદ, ગુરુજીનો જય બોલો;
શાસન-વૃદ્ધિ-દિન આજનો, સહુ જય બોલો.

વધતાં દેખું ગુરુદેવ, ગુરુજીનો જય બોલો;
શ્રી જયવંત ગુરુજીનો જય દેખી સહુ જય બોલો.
મારા વંદન હો અનંત, ગુરુજીનો જય બોલો.

❀

(રાગ–કહે રાજુલદે નાર......જરા મેરી ભી પુકાર......)

કુંડલપુરી કે મંઝાર, છાયા હરષ અપાર,
સુનો સુનો નરનાર
ચલોજી વહાં જય જય બોલિયે,
રસના ખોલિયે..... (ટેક)
ઓ, ચૈત સુ તેરસ આઈ,
ક્યા સુન્દર પ્રભાત હૈ લાઈ,
ચલે સુગંધ બયાર,
હૈ વસંત કી બહાર......સુનો૦ ૧
ઓ, ઉત્સવ કહો ક્યા હૈ આજ જી,
ક્યોં હર્ષિત હૈ સારા સમાજ જી,
બાજે બજે હૈં અપાર,
સુરનર બોલે જયજયકાર....સુનો૦ ૨
ઓ, જન્મે હૈં વીર ભગવાનજી,
ઉનકા કરને કો જન્મ કલ્યાણજી,
આયે દેવ હૈં અપાર,
જાયેં સુમેરુ પહાડ......સુનો૦ ૩
ઓ, હમ ભી તો ઉત્સવ મનાયેં,
કરેં ન્હવન પ્રભુ ગુણ ગાયેં,
શિવરામા સુખકાર,
ભરે પુણ્ય કા ભંડાર.....સુનો૦ ૪

❀



(રાગ–નૈયા મેરી મઝધાર)

લિયા પ્રભુ અવતાર, જય જયકાર જય જયકાર, જય જયકાર,
ત્રિશલાનંદ કુમાર; જય જયકાર જય જયકાર, જય જયકાર.
—ટેક.

આજ ખુશી હૈ, આજ ખુશી હૈ,
તુમ્હેં ખુશી હૈ, હમેં ખુશી હૈ;
ખુશિયાં અપરંપાર, જય જયકાર, જય જયકાર, જય જયકાર.

પુષ્પ ઔર રત્નોંકી વર્ષા, સુરપતિ કરતે હર્ષા હર્ષા,
બજા દુદુંભી સાર, જય જયકાર, જય જયકાર, જય જયકાર.

ઉમંગ ઉમંગ નર–નારી આતે, નૃત્ય, ભજન–સંગીત સુનાતે,
ઈન્દ્ર શચી લે લાર, જય જયકાર, જય જયકાર, જય જયકાર.

પ્રભુકા રૂપ અનૂપ સુહાયા, નિરખ-નિરખ છબિ હરિ લલચાયા,
કીને નેત્ર હજાર, જય જયકાર, જય જયકાર, જય જયકાર.

જન્મોત્સવકી શોભા ભારી, દેખો પ્રભુકી લગી સવારી,
જુડ રહી ભીડ અપાર, જય જયકાર, જય જયકાર, જય જયકાર.

આઓ હમ સબ પ્રભુ ગુણ ગાવેં,
સત્ય અહિંસા ધ્વજ લહરાવેં,
જો જગ–મંગલકાર, જય જયકાર, જય જયકાર, જય જયકાર.

પુણ્ય યોગ 'સૌભાગ્ય' હમારા, સફળ હુઆ હૈ જીવન સારા;
મિલે મોક્ષદાતાર, જય જયકાર, જય જયકાર, જય જયકાર.

❀

ભારતખંડમાં સંત એક ઊગિયો, ભાગ્યવાન આંગણે કહાન એ પાકિયો;
ચૈતન્યજ્યોતિ અખંડ, સંત એવા પૂજવા પધારજો. ૧

જાગિયો એ સંત આજ, જગતને જગાડવા;
મુક્તિમંત્ર આપિયો, સ્વતંત્રતાને પામવા;
શક્તિ એની છે પ્રચંડ.....સંત૦ ૨

સીમંધરદેવના ચરણ–ઉપાસક,
પૂર્ણાનંદ સ્વરૂપતણો ગ્રાહક;
જાગ્યો એ સંત એકાએક.....સંત૦ ૩

કુંદકુંદગુરુનો કેડાયત સંત એ,
સમયસાર શાસ્ત્રનો પચાવનાર સંત એ;
ખોલ્યાં રહસ્ય અણમૂલ.....સંત૦ ૪

અજ્ઞાન અંધારા નશાડવા એ શૂરવીર,
જ્ઞાનપ્રકાશ પ્રકાશવા એ ભડવીર;
ભવ્યનો ઉદ્ધારનાર વીર.....સંત૦ ૫

નિજ સ્વરૂપની મસ્તીમાં મસ્ત એ,
આત્મ અખંડમાં થયા અલમસ્ત એ;
વાણીએ ઝરે અમીરસ.....સંત૦ ૬

ઉત્તમ ભાગ્યથી સંત એ સેવીયા,
સેવકના સર્વ કાર્ય સુધરીયા,
વંદન હોજો અનંત.....સંત૦ ૭

❀

## ચૈત્ર વદ ૮–જાતિસ્મરણ દિન

એ આવ્યા પૂર્વના સ્મરણ મંગળકાર
અદ્‌ભૂત તારો સ્વર્ણિમ છે ઈતિહાસ.

સીમંધર કુંદ મીલન નજરે નીહાળતા
સમવસરણ સીમંધર નાથનું
એ તો સમરે સીમંધર વાણ.....અદ્‌ભૂત૦



આતમ ધ્યાનની લીનતા જામી
ચૈત્રકૃષ્ણ અષ્ટમીએ પરિણતી જાગી
એણે દેખ્યા નવભવના નિધાન.....અદ્‌ભૂત૦

અસંખ્યાત વર્ષોના સ્મરણો છે જાગ્યા
ઉર્ધ્વ મધ્ય અધો લોક નીરખતા
એ ઈતિહાસની મહિમા અપાર.....અદ્‌ભૂત૦

આ રે ઈતિહાસના શબ્દે શબ્દે
પ્રગટી રહ્યા છે ગુપ્ત નિધાનો
જેનું ચમત્કારી મતિશ્રુત જ્ઞાન.....અદ્‌ભૂત૦

આ રે ઈતિહાસના પૃષ્ટ પૃષ્ટ ખુલતાં
જગત આખુ ઘેલુ બની ગયું
જાજી જોતા ’તા ભવિક જન વાટ.....અદ્‌ભૂત૦

❀

## વૈશાખ સુદ ૨–પૂ.ગુરુદેવશ્રીની જન્મજયંતિ

અવની ઉદ્ધારવા, ભવ્યોને તારવા, તારો અવતાર;
કહાન તારી બંસીમાં ડોલે નરનાર (૨).

સત્યને સ્થાપવા, અસત્યને ઉથાપવા;
થયો ભરતમાં તારો અવતાર......કહાન૦ ૧.

આત્મ ઉદ્ધારવા, ભવસાગર તારવા;
જિજ્ઞાસુ જીવનો સાચો સરદાર......કહાન૦ ૨.

અજ્ઞાન મિટાવવા, જ્યોતિ પ્રગટાવવાં;
જ્ઞાનામૃત સીંચી જીવન દેનાર.....કહાન૦ ૩.

આત્મદષ્ટિ આપતો, જડતા ઉથાપતો;
અજ્ઞાની અમ પર તારા ઉપકાર.....કહાન૦ ૪.

આત્મસ્વરૂપે લીન, જગથી ઉદાસીન;
સાચું પવિત્ર તું જીવન જીવનાર......કહાન૦ ૫.
જિનશાસન કાજ, ધર્મ ઉદ્ધારવા જ;
ડંકો વગાડ્યો તેં ભરત મોઝાર....કહાન૦ ૬.

❀

આજ મંગળ વધાઈ વાગતી રે
કહાન કુંવર જન્મ્યા અહો આજ,
આજ મંગળ વધાઈ વાગતી રે.

ધન્ય ધન્ય ઉમરાળા ગામને રે,
ધન્ય ધન્ય ઉજમબા માત
આજ મંગળ વધાઈ વાગતી રે. ૧.

ધન્ય માત પિતા કૂળ જાતને રે,
જેને આંગણ જન્મ્યા બાળ કહાન
આજ મંગળ વધાઈ વાગતી રે. ૨.

આજ તેજ થયા જન્મ ધામમાં રે,
એનો ભરત ખંડમાં પ્રકાશ
આજ મંગળ વધાઈ વાગતી રે. ૩.

આજ આનંદ મંગળ ઘેર ઘેર થયા રે,
ઠેર ઠેર અહો! લીલા લ્હેર
આજ મંગળ વધાઈ વાગતી રે. ૪.

બાળ કુંવર કહાન એ લાડિલા રે,
માત પૂરે કુંવરના કોડ
આજ મંગળ વધાઈ વાગતી રે. ૫.

પ્રભુ પારણેથી આત્મનાદ ગાજતા રે,
એની મુદ્રા અહો અદ્‌ભુત
આજ મંગળ વધાઈ વાગતી રે. ૬.



કુંવર કહાને અપૂર્વ સત્ શોધીયું રે,
એના વૈરાગ્ય તણો નહીં પાર
આજ મંગળ વધાઈ વાગતી રે. ૭.

એણે ત્યાગ કર્યો સંસારનો રે,
પ્રકાશ્યા મુક્તિ કેરા પંથ......
આજ મંગળ વધાઈ વાગતી રે. ૮.

કહાનગુરુએ હલાવ્યા હિંદને રે,
અહો! મલાવ્યો જ્ઞાયકદેવ......
આજ મંગળ વધાઈ વાગતી રે. ૯.

ધર્મ ચક્રી ભરતમાં ઊતર્યા રે,
અહો ધર્માવતારી પુરુષ....
આજ મંગળ વધાઈ વાગતી રે. ૧૦.

જ્ઞાન અવતારી અહો આવીયા રે,
પધાર્યા સીમંધર સુત....
આજ મંગળ વધાઈ વાગતી રે. ૧૧.

કહાનગુરુજીના જન્મ એ મીઠડાં રે,
એના મીઠાં વાણીના સૂર....
આજ મંગળ વધાઈ વાગતી રે. ૧૨.

ગુરુદેવના ગુણને શું કથું રે,
પ્રભુ સેવક તણા શણગાર.....
આજ મંગળ વધાઈ વાગતી રે. ૧૩.

❀

સુવર્ણપુરીમાં મુમુક્ષુઓનો, મેળો આજ ભરાયો,
વધાઈ મંગળ જન્મોત્સવની, કહાનગુરુની આજે,
આજે સત્‌ના ખુલ્યા છે દ્વાર
પધાર્યા ભારતનાં ભગવાન....

સીમંધરનો લાડકવાયો, ભરતે આજ છે આવ્યો,
ઉજમબાની આંખોનો તારો, વાત ગજબની લાવ્યો,
ગુરુજી અદ્‌ભૂત તારું જ્ઞાન,
દિવ્ય અલૌકિક આત્મપ્રકાશ........

ઝળહળ ઝળહળ જગમાં થતો, અહીં જ્ઞાન તણો આ ભાનુ,
ૐ સહજ ચિદાનંદનું બસ, સાચું સ્વરૂપ છે મ્હારું,
પ્રભુ હું પૂર્ણાનંદનો નાથ,
પ્રભુ હું પોતે છું ભગવાન્‌.....

મંગલમૂર્તિ કહાનગુરુ, અતિ ઉત્તમ દ્રવ્ય છે તારું,
શુદ્ધબુદ્ધ ચૈતન્ય ધનનું, તુજ ઉરમાં છે અજવાળું.
મંત્રો મીઠા, તારા નાથ,
જગમાં ગુંજી રહ્યા છે આજ,

તારા પગલે પગલે અહીંયા જિનવૃંદો છે પધાર્યા,
સમોશર્ણ નંદિશ્વર આદિ પગલે તારા રચાયાં,
સ્વર્ણ મંગલ તીરથ ધામ, મળજો મુક્તિતણો અહીં માર્ગ......

આત્મપ્રભાથી મુખડું તારું, મધુર મધુર મલકાતું,
જિનવાણીના ગીત હંમેશા, હૈયું તારું ગાતું,
પરમાગમનો તુજમાં વાસ, બન્યો તું પોતે સમયનો સાર......

મંગલ રૂડો અવસર આવ્યો, સ્વર્ણે આજ અનેરો
જ્ઞાયકને જ્ઞાયકમાં રંગો, સંત મળ્યો છે સલુણો
અહીંથી સિદ્ધોની વણજાર, બધોયે તારો પ્રતાપ જાણ......



ધન્ય જન્મ દિન મારા વ્હાલા ગુરુરાજનો.....(૨)
આનંદ મનાવો ભક્તો, આનંદ મનાવો......(૨)

પાવનભૂમિને આજ સોને મઢાવીએ,
લાખેણા તોરણે, સોનગઢ શણગારીએ.....(૨)
વ્હાલા ગુરૂરાજને, હીરાથી વધાવીએ.....(૨)

સ્વર્ગપુરીથી, ઈન્દ્રો પધારે.....(૨)
વૈમાનિક દેવ બની, માતા પધારે.....(૨)
શાશ્વત રત્નથી, ગુરુને વધાવે રે.....(૨)
આનંદ......

સ્વર્ણધામ જો ને, હેલે ચડ્યું છે......(૨)
માનવમહેરામણ, ઉમટી પડ્યું છે.....(૨)
વ્હાલા ગુરુરાજનો જન્મોત્સવ ઉજવાય છે.....
આનંદ....

ભાવિ તીર્થાધિરાજ, વ્હાલા ગુરુરાજ છે....(૨)
અમભક્તોના ગુરુ તારણહાર છે....ગુરુ.....
સૂર્ય કિર્તી નાથનો બોલો જય જયકાર રે.....
આનંદ.....

ઘર ઘરમાં આનંદ છવાયો ઘર ઘરમાં આનંદ
ઊજમબા માતાની કૂખે જનમીયો
જાણે પુનમનો ચંદ હો હો...ઘર.......

ગગને ગોખે દીવા પ્રગટીયા, કેશર કુમકુમ રંગ ઊઘડીયા,
ધરતી કેરા અંતઃ તળથી પ્રગટી ગુણ સુગંધ હો હો....ઘર૦

ભાગ્યશાળી ઉજમબા દ્વારે, ચાંદલિયો વિદેહથી ઊતરે,
ભક્તિ ભાવથી વારણા લઈને આવે ભવિજન વૃંદ હો હો....ઘર૦

સરખી સહેલી થઈને ઘેલી, મંગળકારી આ બાળને નીરખી,
અમૃત વરસે, મંગલ વરસે ધન્યધન્ય ઊજમબા માત હો હો....ઘર૦
અંગે અંગે અતિ ઊમંગે, નૈન ભરી ને હરખે નીરખે,
તૃપ્ત ન થાયે કુંવર નીરખતા ગાતા મધુરા વૃંદ હો હો....ઘર૦

❀

(રાગ–સીમંધરમુખથી ફૂલડાં ખરે)

ઉમરાળા ધામમાં રત્નોની વર્ષા,
જન્મ્યા તારણહાર રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે;

ઉજમબા--માતાના નંદન આનંદકંદ,
શીતળ પૂનમનો ચંદ રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે. ૧.

મોતીચંદભાઈના લાડીલા સુત અહો!
ધન્ય માતા-કુળ-ગ્રામ રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે;

દુષમ કાળે અહો! કહાન પધાર્યા,
સાધકને આવ્યા સુકાળ રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે. ૨.

વિદેહમાં જિન-સમવસરણના
શ્રોતા સુભક્ત યુવરાજ રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે.

ભરતે શ્રી કુંદકુંદ--માર્ગ--પ્રભાવક
અધ્યાત્મસંત શિરતાજ રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે. ૩.



વરસ્યા કૃપામૃત સીમંધરમુખથી,
યુવરાજ કીધા નિહાલ રે.
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે;

ત્રિકાળ--મંગળ--દ્રવ્ય ગુરુજી,
મંગળમૂર્તિ મહાન રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે. ૪.

આત્મા સુમંગળ, દૃગજ્ઞાન મંગળ,
ગુણગણ મંગળમાળ રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે;

સ્વાધ્યાય મંગળ, ધ્યાન અતિ મંગળ,
લગની મંગળ દિનરાત રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે. ૫.

સ્વાનુભવમુદ્રિત વાણી સુમંગળ,
મંગળ મધુર રણકાર રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે.

બ્રહ્મ અતિ મંગળ, વૈરાગ્ય મંગળ,
મંગળ મંગળ સર્વાંગ રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે. ૬.

જ્ઞાયક-આલંબન-મંત્ર ભણાવી,
ખોલ્યાં મંગળમય દ્વાર રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે;

આત્મસાક્ષાત્કાર-જ્યોતિ જગાવી,
ઉજાળ્યો જિનવરમાર્ગ રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે. ૭.

પરમાગમસારભૂત સ્વાનુભૂતિનો
યુગ સર્જ્યો ઉજમાળ રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે;

દ્રવ્યસ્વતંત્રતા, જ્ઞાયકવિશુદ્ધતા
વિશ્વે ગજાવનહાર રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે. ૮.

સારા ભારતમાં અમૃત વરસ્યાં,
ફાલ્યા અધ્યાત્મ--ફાલ રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે;

શ્રુતલબ્ધિ--મહાસાગર ઊછળ્યો,
વાણી વરસે અમીધાર રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે. ૯.

નગર નગર ભવ્ય જિનાલયો ને,
બિંબોત્સવ ઉજવાય રે.
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે;

કહાનચરણથી સુવર્ણપુરનો,
ઉજ્જ્વળ બન્યો ઈતિહાસ રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે. ૧૦.

'ભગવાન છો' સિંહનાદોથી ગાજતું,
સુવર્ણપુર તીર્થધામ રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે;

રત્નચિંતામણિ ગુરુવર મળિયા,
સિદ્ધયાં મનવાંછિત કાજ રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે. ૧૧.

અનંત મહિમાવંત ગુરુરાજને,
રત્ને વધાવું ભરી થાળને રે;
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે;

પાવન એ સંતનાં પાદારવિંદમાં,
હોજો નિરંતર વાસ રે,
સ્વર્ણભાનુ ભરતે ઉગ્યો રે. ૧૨.



# વૈશાખ સુદ ૮
# શ્રી નેમિનાથ ભગવાન જિનમંદિર પ્રતિષ્ઠાદિન (ઘાટકોપર)

ગિરનાર ગિરિના વાસી જિનને કરોડો પ્રણામ,
પ્રભુને કરોડો પ્રણામ.

નેમિ જિનેશ્વર આનંદદાયી,
ધ્યાતા ભવિજન કર્મ ખપાઈ;
પામે છે શિવધામ, જિનને કરોડો પ્રણામ. ગિરનાર૦

સાચો લાહો શિવનો લેવા;
રાજુલને સંદેશો દેવા;
તોરણ આવ્યા શ્યામ, જિનને કરોડો પ્રણામ. ગિરનાર૦

આત્મિક દાન જિણંદે દીધું,
સહસાવનમાં સંયમ લીધું;
પામ્યા કેવલજ્ઞાન, જિનને કરોડો પ્રણામ. ગિરનાર૦

દેવાધિદેવ અહો પ્રભુ મારો,
એક આશરો મારે તારો;
તુંહી એક આધાર, જિનને કરોડો પ્રણામ. ગિરનાર૦

ભવ ભ્રમણા દુઃખથી પ્રભુ થાક્યો,
મોક્ષસુખ પ્રભુ નિકટ આયો;
હવે નથી. કાંઈ વાર, જિનને કરોડો પ્રણામ. ગિરનાર૦

આત્મ ભૂમિમાં જિનવર સેવા,
આપે મીઠા મુક્તિ મેવા;
આત્મ વરે શિવનાર, જિનને કરોડો પ્રણામ. ગિરનાર૦

❀

(રાગ–મારું વતન આ મારું વતન)

તારું જીવન ખરું તારું જીવન,
જીવી જાણ્યું નેમનાથે જીવન;
સુતાંરે જાગતાં બેસતાં ઊઠતાં,
હૈડે રહે તારું ખૂબ રટન. તારુ૦

અશરણ જગતને શરણે કરવા,
થયું સુરાલયમાંથી ચવન. તારું૦

જન્મ જરા મરણોથી દુ:ખી જગ,
પેખી જન્મ્યા તુમે ભરતે ભુવન. તારું૦

સ્વરૂપ પૂર્ણ કરવા કાજે,
ગ્રહી સંયમ કુળ કીધું પાવન. તારું૦

ઘોર ઉપદ્રવો સહી મારા જિનજી,
પામી કેવલ જોયું આત્મ ભુવન. તારું૦

લોક અલોકનાં તત્ત્વ પિછાણી,
પામ્યા શિવ પ્રભુ ગીત ગાવન. તારું૦

મહાનન્દામૃત સ્થાન મહોદય,
પાયા અમૃત સિદ્ધિ સુમન. તારું૦

ગિરિ ગુફામાં નેમ પ્રભુજી,
સંયમ કેવળ શિવ રમન. તારું૦

કથનાક્ષરી અક્ષર ન પાવે,
અનંત ગુણાક્ષરી તારું લેખન. તારું૦

ગિરિનગરના વીતરાગ સ્વામી,
દર્શન ધોને નાથ દયાળ. તારું૦

❀



બાળ બ્રહ્મચારી જિણંદ પદ ધારી,
સેવે સુરનર ચંદા રે;
ગિરનાર ગિરિ નેમનાથ બિરાજે,
ભેટંત ટળે ભવ ફંદા રે. બાળ૦

બાળ બ્રહ્મચારી વિષય નિવારી,
નિસ્નેહી ગુણરાયા રે;
સચિત્ત પુદ્‌ગલ ભોગ ક્ષીણ જાણી,
સંયમ લીધો ગિરનારી રે. બાળ૦

જિણંદ પદ ધારી રાગદ્વેષ નિવારી,
ઘાતિ કરમ ક્ષય કારી રે;
સહેસાવને કેવળ પ્રગટાવી,
કલ્યાણ મંગલ જયકારી રે. બાળ૦

ઈંદ્રાદિક સુર અસંખ્ય આવે,
સમવસરણ વિરચાવે રે;
પ્રર્ષદા બાર મિલે તિહાં વેગે,
દેશના જિનજી સુણાવે રે. બાળ૦

ભેટંતા ટળે ભવ ફંદા,
આતમ જ્ઞાને રાચો રે;
શુક્લ શુક્લ પર્યાય ગ્રહીને,
શુદ્ધ પરિણતિમાં રાચો રે. બાળ૦

અયોગી ગુણસ્થાન ગ્રહીને,
જોગાતીત પદ લીધો રે;
સમશ્રેણી છે પાંચમી ટૂંકે,
આત્મપ્રદેશ ઘન કીધો રે. બાળ૦

ગિરનાર ગિરિ પર નેમ જિણંદકી,
કલ્યાણિક ત્રણ ભૂમી રે;

જ્ઞાન શીતલ ગુણ રાગે ગાઈ,
અંતર આતમ પાઈ રે. બાળ૦

## મંગલાષ્ટક

શ્રીમન્નમ્રસુરાસુરેન્દ્રમુકુટપ્રદ્યોતરત્નપ્રભા-
ભાસ્વત્પાદનખેન્દવઃ પ્રવચનામ્ભોધાવવસ્થાયિનઃ।
યે સર્વે જિન-સિદ્ધ-સૂર્યનુગતાસ્તે પાઠકાઃ સાધવઃ
સ્તુત્યા યોગિજનૈશ્ચ પઞ્ચગુરુવઃ કુર્વન્તુ તે મઙ્ગલમ્ ॥૧॥

સમ્યગ્દર્શનબોધવૃત્તમમલં રત્નત્રયં પાવનં
મુક્તિશ્રીનગરાધિનાથજિનપત્યુક્તોઽપવર્ગપ્રદઃ।
ધર્મઃ સુક્તિસુધા ચ ચૈત્યમખિલં ચૈત્યાલયં શ્રયાલયં
પ્રોક્તં ચ ત્રિવિધં ચતુર્વિધમમી કુર્વન્તુ તે મઙ્ગલમ્ ॥૨॥

નાભેયાદિજિનાઃ પ્રશસ્તવદનાઃ ખ્યાતાશ્ચતુર્વિંશતિઃ
શ્રીમન્તો ભરતેશ્વરપ્રભૃતયો યે ચક્રિણો દ્વાદશ।
યે વિષ્ણુ-પ્રતિવિષ્ણુ-લાઙ્ગલધરાઃ સપ્તોત્તરા વિંશતિ-
સ્ત્રૈલોક્યાભયદાસ્ત્રિષષ્ટિપુરુષાઃ કુર્વન્તુ તે મઙ્ગલમ્ ॥૩॥

યે પઞ્ચૌષધઋદ્ધયઃ શ્રુતતપોવૃદ્ધિંગતાઃ પઞ્ચ યે
યે ચાષ્ટાંઙ્ગમહાનિમિત્તકુશલાશ્ચાષ્ટૌ વિયચ્ચારિણઃ।
પઞ્ચજ્ઞાનધરાશ્ચ યેઽપિ વિપુલા યે સિદ્ધિબુદ્ધીશ્વરાઃ
સપ્તૈતે સકલાર્ચિતા મુનિવરાઃ કુર્વન્તુ તે મઙ્ગલમ્ ॥૪॥

જ્યોતિર્વ્યન્તર-ભાવનામરગૃહે મેરૌ કુલાદ્રૌ સ્થિતાઃ
જમ્બૂ-શાલ્મલિ-ચૈત્યશાખિષુ તથા વક્ષારરૌપ્યાદ્રિષુ।
ઈષ્વાકારગિરૌ ચ કુણ્ડલનગે દ્વીપે ચ નન્દીશ્વરે
શૈલે યે મનુજોત્તરે જિનગૃહાઃ કુર્વન્તુ તે મઙ્ગલમ્ ॥૫॥



કૈલાસો વૃષભસ્ય નિર્વૃત્તિમહી વીરસ્ય પાવાપુરી
ચમ્પા વા વસુપૂજ્ય સજ્જિનપતેઃ સમ્મેદશૈલોઽર્હતામ્।
શેષાણામપિ ચોર્જયન્તશિખરી નેમીશ્વરસ્યાર્હતો
નિર્વાણાવનયઃ પ્રસિદ્ધવિભવાઃ કુર્વન્તુ તે મઙ્ગલમ્ ॥૬॥

જાયન્તે જિન-ચક્રવર્તિ-બલભૃદ્-ભોગીન્દ્ર-કૃષ્ણાદયો
ધર્માદેવ દિગઙ્ગનાઙ્ગવિલસચ્છશ્વદ્યશ્ચન્દનાઃ।
તદ્ધીના નરકાદિયોનિષુ નરા દુઃખં સહન્તે ધ્રુવં
સ સ્વર્ગાત્સુખરમણીયકપદં કુર્યાત્ સદા મઙ્ગલમ્ ॥૭॥

યો ગર્ભાવતરોત્સવો ભગવતાં જન્માભિષેકોત્સવો
યો જાતઃ પરિનિષ્ક્રમેણ વિભવો યઃ કેવલજ્ઞાનભાક્।
યઃ કૈવલ્યપુરપ્રવેશમહિમા સમ્પાદિતઃ સ્વર્ગિભિઃ
કલ્યાણાનિ ચ તાનિ પઞ્ચ સતતં કુર્વન્તુ તે મઙ્ગલમ્ ॥૮॥

ઈત્થં શ્રીજિનમઙ્ગલાષ્ટકમિદં સૌભાગ્યસમ્પત્કરં
કલ્યાણેષુ મહોત્સવેષુ સુધિયસ્તીર્થંકરાણાં મુખાત્।
યે શ્રુણ્વન્તિ પઠન્તિ તૈશ્ચ સુજનૈર્ધર્માર્થકામાન્વિતા
લક્ષ્મીરાધ્રિયતે વ્યપાયરહિતા નિર્વાણલક્ષ્મીરપિ ॥૯॥

(રાગ–જય જય જય સબ મિલકર બોલો)

લહરાયેગા લહરાયેગા ઝંડા શ્રી મહાવીર કા.......
ઝંડા શ્રી ભગવાનકા, ઝંડા શ્રી ભગવાનકા, ઝંડા શ્રી ભગવાનકા;
ઝંડા શ્રી ભગવાનકા....લહરાયેગા.....

તીર્થંકરને જો ફરકાયા,
રત્નત્રય કા માર્ગ દિખાયા,
અનેકાન્ત કા ચિહ્ન લગાયા,
ઝંડા શ્રી મહાવીર કા....લહરાયેગા૦ ૧

સબ જૈનોંકા જો હૈ પ્યારા,
આત્મ ધર્મકા ચમકીત તારા,
સબ સાધક કા પૂર્ણ સહારા,
ઝંડા શ્રી મહાવીર કા....લહરાયેગા૦ ૨

સારે જગકા જો હૈ નાયક,
મોક્ષ માર્ગ કા હૈ જો દાયક,
ભક્ત જનોંકા સદા સહાયક,
ઝંડા શ્રી મહાવીર કા....લહરાયેગા૦ ૩

શાસનકા સૌભાગ્ય બઢાતા,
સબ જીવોંકો આનંદદાતા,
સ્વાલંબન કા પાઠ પઢાતા,
ઝંડા શ્રી ભગવાન કા....લહરાયેગા૦ ૪

વીર કુંદને ઈસે લહરાયા,
ગુરુ કહાનને ફિર ફહરાયા,
ભારત ભરમેં નાદ ગૂંજાયા,
ઝંડા શ્રી મહાવીર કા....લહરાયેગા૦ ૫

❀

## વૈશાખ સુદ ૧૩ શ્રી સીમંધરસ્વામી સમવસરણ પ્રતિષ્ઠાદિન (ઘાટકોપર)

આજ તો વધાઈ મારે સમોસરણ દરબારજી......
સમો સરણ દરબાર આજે સમોસરણ દરબારજી......

ત્રણ ભુવનના નાથ પધાર્યા, પધાર્યા સીમંધર નાથજી......
કેવળજ્ઞાન ગુણાકર પ્રગટ્યા, પ્રગટ્યા ચૈતન્ય દેવજી......

ૐકાર ધ્વનિના ધોધ છૂટ્યા, ઊછળ્યા સમુદ્ર અપારજી......
ઈંદ્રોએ મળી ઉત્સવ કીનો, ઘરઘર મંગલાચારજી......



ઘનનન ઘનનન ઘંટા વાગે, દેવ કરે જયકારજી......
સુવર્ણપુરે સમોસરણ પધાર્યા જિનેન્દ્ર દરબારજી......

જિનવર વૈભવ આજ નિહાળી હૈડા હરખી જાયજી......
અષ્ટ ભૂમિની શોભા અદ્ભુત, મહિમાનો નહિ પારજી......

સભા ભૂમિમાં મુનિ અર્જિકા, સુરપતિ નરપતિ વૃંદજી......
લયલીન બન્યા સહુ પ્રભુ ધ્વનિમાં અંતર આતમ ઊછળ્યાજી......

શ્રી તીર્થંકર વૈભવ કેરા ગુણો કેમ ગવાયજી......
ત્રણ ભુવનમાં મહિમા તારી મહિમાના ભંડારજી......

સ્વર્ગ પુરીથી ઈંદ્રો આવે નૃત્ય કરે જયકારજી......
કહાનગુરુના પરમ પ્રભાવે સમોસરણ નીહાળ્યાજી......

કહાનગુરુએ રહસ્ય ખોલ્યાં ખોલ્યા મુક્તિ મારગજી......
સેવકને પ્રભુ શરણે રાખો એ જ અરજ દિનરાતજી......

❀

(રાગ-તન મન ફૂલા દર્શન પા......)

ફરફર ફરકે કેસરીયા, ગગન શિખા પર ઝંડા.
ગગન શિખા પર ઝંડા.
ચિત્ત હરષાતા......ષાતા.....ચિત્ત હરષાતા......

ઊંચે ઊંચે જિનમંદિર પર છા રહે, છા રહે,
ઈનકી છાયા બૈઠ જિનગુણ ગા રહે, ગા રહે,
શાસન પ્રભુકા પ્યારા રે, હોંશ જગાતા દિલમેં,
હોંશ જગાતા દિલમેં;
શિર ઝુક જાતા.....જાતા શિર ઝૂક જાતા....
ફરફર ફરકે૦ ૧

ક્યા બાલક, ક્યા બૂઢે, હિલમિલ આ રહે, આ રહે,
પ્રભુ દરશન કર ચિત્તમેં હરષિત હો રહે, હો રહે,

સબકે મંગલ દાતા રે, ધર્મ દીપાતા જગમેં,
......ધર્મ દીપાતા જગમેં,
અનેકાન્તવાલા......વાલા......અનેકાન્તવાલા.....
ફરફર ફરકે૦ ૨

શ્રી જિનવર કે મારગ પર સબ બઢે ચલો, બઢે ચલો,
જિનશાસન ઉન્નતિ શિખર પર ચઢેં ચલો, ચઢેં ચલો;
ઉત્સાહી બનકર આના રે, આતમ ધર્મકો પાના,
.....આતમ ધર્મકો પાના,
યહી દરશાતા.....શાતા....યહી દરશાતા......
ફરફર ફરકે૦ ૩

❀

# વૈશાખ વદ ૩
# પૂ. બહેનશ્રી ઉપકાર સમૃતિદિન

(રાગ–કુંવરીને ખમા ખમા કરતી)

દર્શન દ્યો માતા મોરી, ફરી ફરી પાય પડું તોરી.

સીમંધરનંદન! વંદન તુજને, ભવ્યાતમ--આધારા,
પૂર્વારાધન--દોર સાંધીને, પ્રગટી જ્ઞાયકધારા....દર્શન૦ ૧

લાખ વર્ષમાં દર્શન દુર્લભ, ધીર વીર ગંભીરા,
શ્રુતલબ્ધિયુત માતા મળિયાં, પુણ્યોદય મુજ ફળિયા....દર્શન૦ ૨

વિદાય વસમી માતા તારી, ક્યાંયે ચેન ન પડતું,
સરલ વદનનાં દર્શન કાજે, મનડું ખૂબ તલસતું....દર્શન૦ ૩

આશ ધરે હિજરતું હૈયું---માતા દર્શન દેશે,
સૂકી દિલડાની વાડી આ, અમૃતથી સિંચાશે....દર્શન૦ ૪

સૂનાં સ્વર્ણપુરીના ધામો, મનમંદિર મુજ સૂના,
દશે દિશાઓ સૂનીસૂની, માતા! તુજ વિરહામાં....દર્શન૦ ૫



અમ આંગણિયાં પાવન કરવા, માત વિદેહી પધાર્યાં,
અલ્પ સમયમાં ટળવળતા ભક્તોને છોડી ચાલ્યાં....દર્શન૦ ૬

વત્સલતાનું અમૃતઝરણું માત–હૃદયમાં વહેતું,
અમ સેવકના અંતર તાપો ક્ષણમાં દૂર કરી દેતું....દર્શન૦ ૭

સીમંધરપ્રભુના મંગલમય સંદેશા ભરતે લાવ્યાં,
'કહાનગુરુ તીર્થંકર થાશે'—મધુરાં અમૃત પાયાં....દર્શન૦ ૮

મીઠી મીઠી દૃષ્ટિ તારી મીઠાં અમૃત પાતી,
જ્ઞાનખજાનો ખોલી ખોલી, દાન ભક્તને દેતી....દર્શન૦ ૯

દિવ્યશક્તિધારક! સ્વર્ગેથી ગુરુવર સંગ પધારો,
ભક્તોના મુરઝાતા મનને દર્શન દઈ વિકસાવો....દર્શન૦ ૧૦

ઉપકારી! ઉપકાર તમારા અમ અંતરમાં છાયા,
સ્વાનુભૂતિયુત વચનામૃતના જગમાં ધોધ વહાવ્યા....દર્શન૦ ૧૧

ચિંતામણિ કલ્યાણી માતા! અતિશય ગુણગણધારી!
શિવપુરીમાં સાથે રાખો—એક જ અરજ અમારી....દર્શન૦ ૧૨

❀

દૂર કાં પ્રભુ! દોડ તું, મારે રમત રમવી નથી;
આ નયનબંધન છોડ તું, મારે રમત રમવી નથી. ...દૂર૦ ૧.

પ્યાસુ પરમ રસનો સદા, શોધું પરમ-રસ-રૂપને;
અનુભવ મને અવળો થયો, એવી રમત રમવી નથી. ...દૂર૦ ૨.

હું તો સુધાનો સ્વાદિયો, ચાલ્યો સુધાની શોધમાં;
ત્યાં ઝેરનો પ્યાલો મળ્યો, એવી રમત રમવી નથી. ...દૂર૦ ૩.

તું આવીને ઉત્સાહ દે કાં ફેંક કિરણ પ્રકાશનાં;
આ લક્ષ વિણ રખડી મર્યાની, રમતને રમવી નથી. ...દૂર૦ ૪.

હે તાત! તાપ અમાપ આ, તપવી રહ્યા છે ત્રિવિધના;
એ તાપમાંહી તપી મર્યાની, આ રમત રમવી નથી. ...દૂર૦ ૫.

નથી સહન કરી શકતો પ્રભુ! તારા વિરહની વેદના;
હે દેવ! તુજ દર્શન વિના, મારે રમત રમવી નથી. ...દૂર૦ ૬.

નથી સમજ પડતી હે પ્રભુ! કઈ જાતની આ રમત છે;
ગભરાય છે ગાત્રો બધાં, મારે રમત રમવી નથી. ...દૂર૦ ૭.

હોયે રમત ઘડી બે ઘડી, બહુ તો દિવસ બે ચારની;
આ તો અનંતા યુગ ગયા, એવી રમત રમવી નથી. ...દૂર૦ ૮.

ત્રિભુવનપતિ! તુજ નામના થાક્યો કરી કરી સાદને;
સુણતા નથી કયમ દાસને, આવી રમત રમવી નથી. ...દૂર૦ ૯.

❀

## જેઠ સુદ ૫–શ્રુત પંચમી

જય સમયસાર! જય સમયસાર!
જય ધવલાસાર! જય ધવલાસાર!

સુખ પ્રકાશિની માતા તૂ હૈ,
દુ:ખવિનાશિની માતા તૂ હૈ,
નયવિકાશિની માતા તૂ હૈ,
સ્વર્ગ મુક્તિ દાતાર....જય. ૧

તૂ હૈ નિર્મળ જ્ઞાન હમારા,
તૂ હૈ ગુણ છવિમાન હમારા,
તૂ હૈ સ્વર્ણ વિહાન હમારા,
મૂર્તિમાન ઉપકાર....જય. ૨

તૂ એકાન્ત નશાનેવાલી,
અનેકાન્ત દરશાનેવાલી,
જગકા ધ્વાન્ત મિટાનેવાલી,
નાશક મિથ્યાચાર....જય. ૩



તુઝમેં વિમલાભાસ ભરા હૈ,
તુઝમેં જ્ઞાનવિકાસ ભરા હૈ,
તુઝમેં ધર્મ પ્રકાશ ભરા હૈ.
તૂ હૈ ગુણભંડાર....જય. ૪

તુઝસે હૈ જગ મેં ઉજિયાલા,
તૂ પવિત્ર હૈ જ્ઞાન નિરાલા,
તૂ હૈ ગુણમંડિત મણિમાલા,
તૂ જગકા શૃંગાર...જય. ૫

સમ્યગ્ દર્શન મિત્ર હમારા,
સમ્યગ્ જ્ઞાન વિચિત્ર હમારા,
સત્ સમ્યક્ચારિત્ર હમારા,
તૂ સમ્યક્ત્વ ત્રિધાર...જય. ૬

તૂ હૈ તીર્થંકરકી વાણી,
પીકર તેરા નિર્મલ પાની,
બનતા હૈ જગ કેવલજ્ઞાની,
તૂ હૈ જ્ઞાનાગાર....જય. ૭

માં તૂ હૈ સદ્જ્ઞાન ઉજાગર,
મહિમામય ભૂષિત ગુણ-આગર,
શાન્તિ, પ્રેમ, નયકા સુખ સાગર,
મહિમા અપરંપાર....જય. ૮

માં! હમકો સ્વાત્માભિમાન દે,
આત્મોન્નતિકા મધુર દાન દે,
કર્મ વિનાશક વિમલ જ્ઞાન દે,
દે શ્રુતિજ્ઞાન ઉદાર....જય. ૯

રક્ષક તૂ હૈ જનનિ હમારી,
હમ હૈં તેરે કૃપાભિખારી,

તન મન ધન તુઝ પર બલિહારી,
વરદ સ્વપાણિ પસાર...જય. ૧૦

માં અજ્ઞાન હમારા હર દે,
સુંદર શુચિકર શુચિતર વર દે,
શશિ--શીકર બનકર જગ ભર દે,
હર દે સકલ વિકાર....જય. ૧૧

❀

આચાર્ય શ્રીધરસેન જો, ન ગ્રન્થ લિખાતે.
હમ જૈસે બુદ્ધિ હીન, તત્ત્વ કૈસે લહાતે....ટેક..

અપને અલૌકિક જ્ઞાન સે, સબ ભેદ જાનકર,
બુલવાયે દો મુનિરાજ, કી મહિમા નગર ખબર,
ગર વે નહિં મુનિરાજ, યુગલ એસે બુલાતે....હમ૦ ૧

આને સે પહલે સ્વપ્ન મેં, હી યોગ્ય જાનકર,
દો મંત્ર સિદ્ધિ દ્વારા ફિર, પરખા પ્રધાન કર,
ઉત્તીર્ણ હોકર યોગ્યતા, ગર વે ન દિખાતે....હમ૦ ૨

પશ્ચાત્ પઢાયા ઉન્હેં, નિજ શિષ્ય માનકર,
ઉનને ભી ગ્રંથ લિખા, ગુરુ ઉપકાર માનકર,
કરુણા નિધાન મુનિ નહીં, ગર ગ્રન્થ રચાતે....હમ૦ ૩

શ્રી પુષ્પદંત સૂરિ, પ્રથમ ખન્ડ બનાયા,
અભિપ્રાય જાનને કો, ભૂતબલિ પૈ પઢાયા,
યદિ વે નહિં ઉસ ગ્રન્થ કા, પ્રારમ્ભ કરાતે....હમ૦ ૪

ઉનસે પ્રસન્ન હોય, શેષ ગ્રન્થ રચાયા,
શ્રી જ્યેષ્ઠ શુક્લ પંચમી કો, પૂરણ કરાયા,
ગર વે નહિં ઈસ ગ્રન્થ કો, સમ્પૂર્ણ કરાતે....હમ૦ ૫



ગ્રન્થાધિરાજ કી હુઈ, થી આજ હી પૂજા,
ઈસ કાલ મેં ઈસસે બડા, ઉપકાર ન દૂજા,
કરુણા નિધાન ગુરુ અગર, એસા ન કરાતે....હમ૦ ૬

❀

## અષાઢ વદ ૧
## દિવ્યધ્વનિ દિવસ

(રાગ–પ્રભુ પાવન કરોને મારું આંગણું રે)

આજ દિવ્યધ્વનિ છૂટી વીર મુખથી રે,
આજ ૐ ધ્વનિ છૂટી વીર મુખથી રે,
અનંત જીવોના તારણહાર.....આજ.
સહુ મહોત્સવ કરીએ આજ.....આજ.

આજ ઈંદ્રોના ટોળાં ઊતર્યાં રે,
આ ભરતક્ષેત્રની માંહી.....આજ.

ઋજુવાલિકાએ શુક્લધ્યાન આદર્યું રે,
પ્રભુ પામ્યા છો કેવળજ્ઞાન.....આજ.

પ્રભુ સમોસરણ રચના બની રે,
ભવ્યો જુએ છે ધ્વનિ વાટ.....આજ.

આજ પાત્ર ગૌતમજી પધારીયા રે,
પ્રભુ દિવ્યધ્વનિના છૂટ્યા ધોધ.....આજ.

વિપુલાચલે સમોસરણ જામીયા રે,
શ્રેણિક રાજાની રાજધાની માંહી.....આજ.
રૂડી રાજગૃહી નગરીમાંહી.....આજ.

પ્રભુ ગગને વાજિંત્રો વાજીયા રે,
વાગ્યા ત્રણ ભુવનમાં નાદ.....આજ.

આજ દિવ્યધ્વનિના ધોધ ઉછળ્યા રે,
આજ ૐકાર નાદો ગાજીયા રે,
જાણે ઊછળ્યો સમુદ્ર અગાધ.....આજ.

ચાર તીર્થ ધ્વનિરસે તરબોળ થયા રે,
ગણધર–મુનિ–શ્રાવકના થયા વૃંદ.....આજ.
આત્મ આનંદમાં નાચી ઉઠ્યા આજ.....આજ.

સાક્ષાત્ જિનેન્દ્ર ભરતમાં બિરાજતા રે;
ત્રિલોકીનાથ ભરતમાં બિરાજતા રે,
એ દિવસ ઊગ્યો છે આજ.....આજ.
ધન્ય ધન્ય તે દિન રાત.....આજ.

વીરપુત્ર એવા કહાનગુરુ પાકીયા રે,
જેણે સુણાવ્યા ૐના સ્વરૂપ.....આજ.

અદ્ભુત રચના રચિ કહાનગુરુએ રે,
ખોલ્યા દિવ્યધ્વનિનાં રહસ્ય.....આજ.

દેવ ગુરુની સેવા હૃદયે વસો રે,
વસો વસો પ્રભુ એ ત્રિકાળ આજ.

❀

વીર સભામાં આજ ગૌતમ પધાર્યા, અમૃત વરસ્યા મેહ રે;
વીરજીની વાણી છૂટી રે.
વૈશાખ માસથી વાદળ ચડ્યાં, આજ શ્રાવણે વરસ્યો મેહ રે;
વીરજીની વાણી છૂટી રે.....વીરસભામાં. ૧

દેવ દુદુંભીનાદ ગગડીયા, ઈંદ્ર ઈંદ્રાણી હરખાય રે;
વીરજીની વાણી છૂટી રે.
રત્ન અમોલક ગણધર દેવશ્રી, શોભાવ્યા શાસન રે,
વીરજીની વાણી છૂટી રે.....વીર સભામાં. ૨.



તરસ્યાં ચાતક–દેવમાનવ તિર્યંચની, તત્ત્વ પિપાસા છિપાય રે,
વીરજીની વાણી છૂટી રે.
સંસારતાપના દુઃખ દાવાનળ, એકી ક્ષણે બુઝાય રે,
વીરજીની વાણી છૂટી રે.....વીર સભામાં. ૩.

દર્શન, જ્ઞાન ને ચારિત્ર કેરા, મોંઘેરા ફાલ્યા ફાલ રે,
વીરજીની વાણી છૂટી રે.
મોંઘો મારગ જ્યાં મુક્તિ તણો ત્યાં, જીવોના જૂથ ઉભરાય રે,
વીરજીની વાણી છૂટી રે.....વીર સભામાં. ૪.

ધન્ય નગર ધન્ય સમવસરણ, ધન્ય ધન્ય સભા નરનાર રે,
વીરજીની વાણી છૂટી રે.
દિવ્યધ્વનિના વહ્યા પ્રવાહ એ, ધન્ય દિવસ ધન્ય રાત રે,
વીરજીની વાણી છૂટી રે.....વીર સભામાં. ૫.

દિવ્યધ્વનિની થોડી શી વાનગી, પરમાગમમાં જણાય રે,
વીરજીની વાણી છૂટી રે.
ધન્ય આચાર્ય ધન્ય ઉપાધ્યાય, ધન્ય કૃપાળુ ગુરુરાજ રે,
વીરજીની વાણી છૂટી રે.....વીર સભામાં. ૬.

સાક્ષાત્ સુણવા એ દિવ્ય ધ્વનિને, મન મારું તલસાય રે,
વીરજીની વાણી છૂટી રે.....વીર સભામાં. ૭.

❀

## શ્રાવણ સુદ ૧૫–રક્ષાબંધન

(રાગ–તેરે પૂજન કો ભગવાન)

જય જય મુનિવર વિષ્ણુકુમાર, ગુરુ તુમ ધર્મ કે રક્ષણહાર.
દુષ્ટ બલિ ને કુમતિ ઉપાઈ, મુનિયોં કી નર યજ્ઞ રચાઈ;
મચ ગયા ગજપુર હા હા કાર....જય૦ ૧

સંઘ ઘાતકી ખબર યે પાકર, પુષ્પદન્ત મુનિ અતિ ઘબરા કર;
આન કે આપ સે કરી પુકાર....જય૦ ૨

તુમ હો સ્વામી અતિ બલધારી, તપ બલ સિદ્ધિ પ્રાપ્ત હૈ ભારી;
ધર્મ પૈ ચલતા આજ કુઠાર....જય૦ ૩

બૌને દ્વિજ કા ભેષ બનાયા, ચમત્કાર તપ કા દિખલાયા;
પડગયા બલિ નૃપ ચરણ મંઝાર....જય૦ ૪

મુનિયોં કા ઉપસર્ગ હટાયા, સબકો ધર્મ દયા બતલાયા;
હુઆ જિનધર્મ કા જય જયકાર....જય૦ ૫

ક્ષમાભાવ કર બલિ કો છોડા, ઉસને હિંસા સે મુખ મોડા;
જિનમત ધાર લિયા સુખકાર....જય૦ ૬

ગજપુર કે શ્રાવક નરનારી કઠિન પ્રતિજ્ઞા દિલ મેં ધારી,
કષ્ટ ટરે પર કરેં આહાર....જય૦ ૭

વિષ્ણુ મુનિ આદર્શ હમારે, પ્રેમ સુપાઠ પઢાવન હારે;
જય બોલો શિવરામ પુકાર....જય૦ ૮

❀

## શ્રાવણ વદ ૨–પૂ. બહેનશ્રીની જન્મજયંતી

(રાગ–આવો આવો સીમંધરનાથ)

સખી! દેખ્યું કૌતુક આજ માતા 'તેજ' ઘરે;
એક આવ્યા વિદેહી મહેમાન, નીરખી નેન ઠરે.
વિદેહી વિભૂતિ મહાન ભરતે પાય ધરે;
મા 'તેજ' તણે દરબાર 'ચંપા' પુષ્પ ખીલે....સખી૦

શી બાળલીલા નિર્દોષ, સૌનાં ચિત્ત હરે;
શા મીઠા કુંવરીબોલ, મુખથી ફૂલ ઝરે.



શી મુદ્રા ચંદ્રની ધાર, અમૃત-નિર્ઝરણી;
ઉર સૌમ્ય સરલ સુવિશાળ, નેનન ભયહરણી....સખી૦

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.
મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી....સખી૦

સીમંધર–ગણધર–સંતનાં, તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.
તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો....સખી૦

❀

પ્રશમમૂર્તિ નામ છે, સોનગઢ જેનું ધામ છે,
એવા ભગવતી માતને, વારંવાર પ્રણામ છે....
બોલો ધન્ય માત....(૩) સહુ બોલો.....

તેજબા જેની મૈયા છે, હિંમતભાઈ ભૈયા છે,
એવા ભગવતી માતને, વારંવાર પ્રણામ છે.....
બોલો ધન્યમાત.....(૩) સહુ બોલો......

સીમંધરની છાયા છે, ગુરુ કહાન મન ભાયા છે....
એવા ધર્મ રતનને, વારંવાર પ્રણામ છે....બોલો૦

ઘુંટડે ઘુંટડે અમૃતપીતા, નિર્વિકલ્પ આનંદમાં રહેતા,
એવા સમ્યક્ધામને, વારંવાર પ્રણામ છે....બોલો૦

કલ્પવેલી કલ્યાણી છે, કેવળ કરુણામૂર્તિ છે.....
દેવેન્દ્રકિર્તી ભગવાનને, વારંવાર પ્રણામ છે....બોલો૦

હિરા–મોતીથી વધાવે છે, શાશ્વત શરણું માંગે છે......
એવા અદ્‌ભૂત માતને, વારંવાર પ્રણામ છે.....બોલો૦

❀

શ્રાવણ મહિનાની બીજલડી આવી
અંતરમાં આનંદ ન માય,
કે માતા તારા જન્મ વધામણાં

જેઠાભાઈ ઘેર આજ તોરણ બંધાયા
તેજબાના ઓરડે ઉજાસ....કે માત૦

વીરપુરીમાં જન્મ જ લીધાં,
સુવર્ણપુરીમાં કીધો વાસ....કે માત૦

નાની ઉંમરમાં સમ્યક્ત્વ પામીયા,
દેખ્યો છે ચૈતન્ય દેવ.....કે માત૦

વિદેહથી આ માત પધાર્યા,
આપી સીમંધર વાણ.....કે માત૦

અજોડ રત્ન આ ભારતમાં પાકીયું,
જગમાં જય જયકાર....કે માત૦

દેશ પરદેશથી ભક્તો સહુ આવે
જન્મોત્સવ ઉજવવા કાજ.....કે માત૦

અમર તપો મારા ભગવતી માતા,
ચરણોમાં રહીયે સદાય....કે માત૦

માતાજી અમારા ભાવિગણધર છે
જ્ઞાયક દેખાડ્યો છે આજ....કે માત૦

❀

શ્રાવણીયાની બીજ આવી મંગળ વધાઈ લાવી
તેજબાના આંગણે પધારિયા મા ભગવતી
ધર્મરત્નની જન્મજયંતી મંગલકારી
ધર્મરત્નની જગમાં ગુંજે જય જયકારી



વિદેહી દેવરાજ આવે, સ્વર્ણિમ પગલા ભરતમાં આજે (૨)
તેજબાના મંદિરિયામાં ચોઘડિયા શરણાઈ વાગે (૨)
સાથિયા પુરાવ્યા આજ દિવડા પ્રગટાવ્યા આજ
તેજબાનાં આંગણે પધારિયા મા ભગવતી.....ધર્મરત્ન૦

સ્વરૂપમાં નિવાસ કર્યો તે ધ્યાન દશા અદ્ભૂત તારી (૨)
અમૃતઘટમાં પ્રભુનાં ન્યાયો, ભરીને ભરતે લાવ્યા માત (૨)
રિદ્ધિ સિદ્ધિ નિધાન માતા જ્ઞાયકમાં રમનાર માતા
તેજબાનાં આંગણે પધારિયા મા ભગવતી.....ધર્મરત્ન૦

માત તમે ગુણોના સાગર, વચનામૃત ગાગરમાં સાગર (૨)
દિવ્યધ્વનિનો સાર લાવ્યા જ્ઞાનનો અવતાર માતા (૨)
વચનામૃતની રચના ભારે મીઠા મધુરા મંત્રો જાણે
તેજબાનાં આંગણે પધારિયા મા ભગવતી.....ધર્મરત્ન૦

ચૈતન્યરસની અમૃતસરિતા, સર્વાંગે શાંતિરસ ઝરતા (૨)
કલ્યાણી કલ્પેવેલી માતા, સુખનું ધામ જ અમને મળિયા (૨)
વંદન હોજો લાખ અમારા દર્શનથી પામે ભવપારા
તેજબાને આંગણે પધારિયા મા ભગવતી.....ધર્મરત્ન૦

❀

## શ્રાવણ વદ ૧૪-જ્ઞાનવૈભવ પ્રકાશનદિન

આજે આનંદ અપાર (૨) જ્ઞાનવૈભવ મંગલકાર (૨)
સુવર્ણનગરીમાં ગાજે આજે જય જયકાર
સંવત ૯૩ મી સાલ, ચૈત્ર અષ્ટમી મંગલકાર
જાગ્યા પૂર્વભવોના સ્મરણો મંગલકાર.....આજે૦

દેખ્યા સીમંધર ભગવાન, દર્શન કુંદકુંદ ભગવાન
નીરખે રત્નત્રય પ્રતિમા મનહાર.....આજે૦

દિવ્યજ્ઞાનનો ભંડાર, આશ્ચર્યકારી છે તુજ જ્ઞાન,
સમવશરણની જેમાં મહિમા છે અપાર.....આજે૦

રત્નરાશિ મળિયો આજ, કલ્પવૃક્ષ ફળિયા આજ
જેમાં સોહે છે રત્નોની મંગળ માળ.....આજે૦

ડંકા વાગે ભરત મોઝાર, ભક્તો ઉત્સવ ઉજવે આજ
જ્ઞાન વૈભવ નો ગાજે આજે જય જયકાર.....આજે૦

પ્રકાશન જ્ઞાનવૈભવનો થાય, આનંદ મંગળ છવાય,
ભગવતી માતાનો ગાજી રહ્યો જય જયકાર.....આજે૦

લાવ્યા ૐ ધ્વનિના નાદ, ગુરૂવર ભાવિના ભગવાન
રાજકુંવરનો મહિમા વિદેહમાં ગવાય.....આજે૦

શાશ્વત તપજો તારા રાજ, જ્ઞાન વૈભવનો જય જયકાર,
હરક્ષણ ભક્તજનો ગાવે તારા યશગાન.....આજે૦

❀

## ભાદરવા સુદ ૫ થી ૧૪
## દશલક્ષણી પર્યુષણ મહોત્સવ

રૂડા પર્યુષણ દિન આજ દીપતા રે,
શ્રી દશલક્ષણાધિરાજ—રૂડા.

આજ રત્નત્રય દિન દીપતા રે,
સહુ રત્નત્રય પ્રગટ કરો આજ—રૂડા.

શુક્લ ધ્યાને જિનેશ્વર લીન થયા રે,
એવી લીનતા કરવાનો દિન આજ—રૂડા.

ધર્મધ્યાને મુનિવરો રાચતા રે,
ભવ્યોને દેખાડે એ રાહ—રૂડા.



ક્ષમા નિર્લોભતા આદિ અનંત ગુણમાં રે,
રમી રહ્યા જિનેશ્વરદેવ–રૂડા.

આ અષ્ટમી ચતુર્દશી દિનમાં રે,
થયા પુષ્પદંત વાસુપૂજ્ય સિદ્ધ.....રૂડા.

એવા નિર્મળ દિવસ છે આજના રે,
સહુ નિર્મળ કરો આત્મદેવ....રૂડા.

પ્રભુ વીરે એ માર્ગ બતાવીયો રે,
કુંદકુંદે રોપ્યા રાજથંભ.....રૂડા.

કહાન ગુરુએ કાદવમાંથી કાઢીયા રે,
ચડાવ્યા એ રાજમાર્ગ દ્વાર.....રૂડા.

સીમંધરના નાદ કુંદ લાવીયા રે,
રણશીંગા વગાડ્યા ભરતમાંય......રૂડા.

ગુરુ કહાને રણશીંગા સાંભળ્યા રે,
વગાડનાર એ છે કોણ...રૂડા.

ગુરુ કહાને એ કુંદકુંદ શોધીયા રે,
શોધી લીધો શાસન થંભ.....રૂડા.

ગુરુ કહાને ભરતને જગાડીયું રે,
જાગો જાગો એ ઊંઘતા અંધ.....રૂડા.

ગુરુ કહાને ચિદાતમ બતાવીયો રે,
રોપ્યા છે મુક્તિ કેરા થંભ.....રૂડા.

એવા શાસનસ્થંભ મારા નાથ છે રે,
તેને જોઈ જોઈ અંતર ઉભરાય.....રૂડા.

ગુરુના હૃદયે જિનેશ્વર વસી રહ્યા રે,
ગુરુના શિરે જિનેશ્વરનો હાથ.....રૂડા.

પ્રભુ સેવક રત્નત્રય માગતા રે,
એ તો લળી લળી લાગે પાય.....રૂડા.

❀

થાંકી ઉત્તમ ક્ષમાપૈ જી......અચંભો મ્હાને આવે.......(૨)
કિસ વિધ કીને કરમ ચકચૂર.....થાંકી ઉત્તમ ક્ષમા પૈ.

એક તો પ્રભુ તુમ પરમ દિગંબર
પાસ ન તિલ તુસ માત્ર હજૂર,
દૂજે જીવ દયા કે સાગર
તીજે સંતોષી ભરપૂર.....કિસવિધ.

ચૌથે પ્રભુ તુમ હિત ઉપદેશી
તારણ તરણ જગત ભાસૂર,
કોમલ વચન સરલ સત વક્તા
નિર્લોભી સંયમ તપસૂર.....કિસવિધ.

કૈસે જ્ઞાનાવરણી જિ નાસ્યો
કૈસે ગેર્યો અદર્શન ચૂર,
કૈસે મોહમલ્લ તુમ જીત્યો
કૈસે કિયે ચ્યારું ઘાતિયા દૂર.....કિસવિધ.

કૈસે કેવલ જ્ઞાન ઉપાયો
અંતરાય કૈસે કિયે નિર્મૂલ,
સુરનર સેવે મુનિ ચર્ણ તુમારે,
તો ભી નહીં પ્રભુ તુમકું ગરૂર.....કિસવિધ.

કરત આશ અર દાસ નૈન સુખ
કીજે યહ મોહે દાન જરૂર,
જનમ જનમ પદ પંકજ સેવું
ઔર ન ચિત્ત કછુ ચાહ હજૂર.....કિસવિધ.

❀



(રાગ–મારા નેમિ પિયા ગિરનારી ચાલ્યા......)

મારા પરમ દિગંબર મુનિવર આયા સબ મિલ દરશન કર લો......હાં૦
બાર બાર આનો મુશકિલ છે ભાવ ભક્તિ ઉર ભર લો....હાં૦

હાથ કમંડલ કાઠ કો પીંછી પંખ–મયુર,
વિષય આશ આરંભ સબ પરિગ્રહ સે હૈ દૂર;
શ્રી વીતરાગ વિજ્ઞાની કો કોઈ જ્ઞાન હિયા બિચ ધર લો......હાં૦ ૧

એક વાર કર પાત્રમેં અન્તરાય દોષ ટાળ;
અલ્પ આહાર હો લે ખડે નીરસ રસધર તોષ;
સૌભાગ્ય તરણ તારણ મુનિવર કા તારણ ચરણ પકડ લો....હાં૦ ૨

ચારોં ગતિ દુઃખ સે ડરી આત્મસ્વરૂપ કો ધ્યાય,
પુણ્ય–પાપ સે દૂર દૂર જ્ઞાન–ગુફામેં આય;
ઐસે મુનિ મારગ ઉત્તમ ધારી તિનકે ચરણ નમૂં મૈં.......હા૦ ૩

❀

(રાગ–તન મન ફૂલા દર્શન પા......)

નિત ઊઠ ધ્યાઉં ગુણ ગાઉં, પરમ દિગંબર સાધુ, પરમ દિગંબર સાધુ
મહાવ્રત ધારી...ધારી....મહાવ્રતધારી.......

રાગ દ્વેષ નહીં લેશ જિન્હોં કે મનમેં હૈ.....મનમેં હૈ;
કનક કામિની મોહ કામ નહીં તનમેં હૈ.....તનમેં હૈ;
પરિગ્રહ રહિત નિરારંભી, જ્ઞાની વ ધ્યાની તપસી.....
જ્ઞાની વ ધ્યાની તપસી નમોં હિત કારી.....કારી......નમોં હિતકારી.....૧

શીતકાલ સરિતા કે તટ પર જો રહતે......જો રહતે;
ગ્રીષમ ઋતુ ગિરિરાજ શિખર ચઢ અઘ દહતે અઘ દહતે;
તરુતલ રહકર વર્ષામેં, વિચલિત ન હોતે લખ ભય
વિચલિત ન હોતે લખ ભય વન અંધિયારી...ભારી...વન અંધિયારી...૨

કંચન–કાય મસાન–મહલ સમ જિનકે હૈ....જિનકે હૈ;
અરિ–અપમાન માન–મિત્ર સમ તિનકે હૈ.....તિનકે હૈ;
સમદર્શી સમતાધારી, નગ્ન દિગંબર મુનિ હૈ;
નગ્ન દિગંબર મુનિ હૈ ભવજલ તારી.....તારી....ભવજલ તારી...૩

ઐસે પરમ તપોનિધિ જહાં જહાં જાતે હૈ....જાતે હૈ;
પરમ શાંતિ સુખ લાભ જીવ સબ પાતે હૈ....પાતે હૈ;
ભવભવમેં સૌભાગ્ય મિલે, ગુરુપદ પૂજું ધ્યાઉં
ગુરુપદ પૂજું ધ્યાઉં વરું શિવનારી....નારી....વરું શિવનારી

❀

આજ અનંત ચતુર્દશી દિન છે રે.....
એ વ્રત અહો અણમૂલ
આજ દીઠા જિનેન્દ્ર ભગવાનને રે.... ૧

અનંત આનંદ પ્રગટો મુજ અંતરે રે,
એ ચૈતન્ય સ્વરૂપ અદ્‌ભુત....આજ.... ૨

અનંત અનંત ગુણોમાં પ્રભુ ઝૂલતા રે,
તારી ભક્તિ કરું દિનરાત....આજ.... ૩

ધન્ય ધન્ય આચાર્ય મુનિવૃંદને રે,
નિત્ય આતમમાં રમનાર....આજ.... ૪

એવો અપૂર્વ દિન ક્યારે આવશે રે,
અહો! લઈએ સંયમના પંથ....આજ.... ૫

જ્યારે થશે રત્નત્રય એકતા રે,
દિન રાત અહો એ ધન્ય....આજ.... ૬

જિનદેવે ક્ષમાદિ પ્રગટાવીયા રે,
એ આત્મ વ્રતો અણમૂલ....આજ.... ૭



પ્રભુ કેવળ જ્યોતિ જળહળે રે,
જિનરાજ કૃતકૃત્ય સ્વરૂપ....આજ.... ૮

હું તો નજરે નીહાળું જિનેન્દ્રદેવને રે,
મુજ દીલડે વસો જિનદેવ....આજ.... ૯

મુજ મનમંદિરે જિનનાથ છો રે,
પ્રભુ ચાલ્યો આવું છું તુજ પાસ....આજ.... ૧૦

ગુરુદેવ કૃપા વરસાવતા રે,
એની કરુણા તણો નહિ પાર....આજ.... ૧૧

ગુરુરાજ પ્રતાપે જિન દેખશું રે,
પ્રભુ રાચશું ચિદાતમ માંહી....આજ.... ૧૨

દેવ ગુરુની સમીપતા પામશું રે,
જેથી પામશું પૂર્ણાનંદ....આજ.... ૧૩

❀

(રાગ–અયોધ્યા નગરીમાં જનમિયા રે લાલ–રાગ)

અનંત ચતુર્દશી દિન આજનો રે લાલ,
જિનદેવ ઝૂલે આનંદરસે રે લાલ;
ધન્ય દિવસ ચિદ્‌ધર્મના રે લાલ.

અનંતાનંદ પ્રગટો મુજ અંતરે રે લાલ,
સેવક ઈચ્છે એ સ્વરૂપને રે લાલ.....ધન્ય.

અનંત ગુણ પ્રગટાવીયા રે લાલ,
ભક્તિ કરું હું તારી ભાવથી રે લાલ.....ધન્ય.

ધન્ય મુનિ આચાર્યવૃંદને રે લાલ,
ચિદ્‌સંયમ પ્રગટાવીયો રે લાલ.....ધન્ય.

અપૂર્વદિન ક્યારે આવશે રે લાલ,
ચિદ્‌સંયમ પ્રગટાવશું રે લાલ.....ધન્ય.

જ્યારે થશે રત્નત્રય એકતા રે લાલ,
દિનરાત અહો એ ધન્ય છે રે લાલ.....ધન્ય.

જિનદેવે ક્ષમાદિ પ્રગટાવીયા રે લાલ,
સહુ પ્રગટાવો શુદ્ધ ભાવને રે લાલ.....ધન્ય.

પ્રભુ કેવળ જ્યોતિ જળહળે રે લાલ,
જિનરાજ કૃતકૃત્ય સ્વરૂપ છો રે લાલ.....ધન્ય.

નજરે નિહાળું જિનનાથ રે લાલ,
લયલીન બનું ભક્તિભાવમાં રે લાલ.....ધન્ય.

મુજ મન મંદિરે જિનનાથ છો રે લાલ,
ચાલ્યો આવું છું તુજ પાસમાં રે લાલ....ધન્ય.

ગુરુદેવ કૃપા વરસાવતા રે લાલ,
મુજ અંતર આતમ ઉલ્લાસતા રે લાલ....ધન્ય.

ગુરુરાજ પ્રતાપે જિન ભેટશું રે લાલ,
ચિદાત્મમાંહી રાચશું રે લાલ.....ધન્ય.

દેવગુરુની સમીપતા પામશું રે લાલ,
જેથી પૂર્ણાનંદને પામશું રે લાલ.
ધન્ય દિવસ ચિદ્‌ધર્મના રે લાલ.

❀

ઉત્તમ જૈન ધર્મની નૌબત વાગે સુવર્ણ મોઝાર,
હે ગુરુવર તુજ ચરણકમળમાં વંદન વારંવાર. ૧

મહા મંગળ દિન ગુરૂજી પ્રતાપે, સુવર્ણપુરીમાં આજ,
ભાગ્ય ખીલ્યા છે ભવ્ય તણા, અમ મલ્યા તમે સુકાન. ૨

ઉત્તમ ક્ષમા ધર્મકે ધારી, અહો મહા મુનિરાજ,
ચૈતન્ય રસમાં ઝૂલી પ્રભુજી, પામ્યા કેવળજ્ઞાન. ૩



ધન્ય ધન્ય હે મહામુનીરાયા, વંદન ક્રોડો આજ,
દશલક્ષણ ધર્મમાં ઝુલતા, દર્શનદ્યોને નાથ. ૪

સત્ય ધરમનો ગુંજારવ તે કર્યો ભરત મોઝાર,
વીર શાસનની અખંડધારા વર્તે તુજ પ્રતાપ. ૫

અનંત ભવ્ય જીવોના સાચા, કહાનગુરુ તારણહાર,
મંગલમૂર્તિ કહાનગુરૂની, જોડ નહીં જગમાંય. ૬

વીતરાગી વાણી છે તારી, ત્રિકાળી નહીં ફરનાર,
સુપાત્ર જીવને અંતર, સ્પર્શી ખોલે આતમદ્વાર. ૭

વીર શાસનની ઉન્નતિ કરવા, તારો છે અવતાર,
જુગ જુગ જીવો સિદ્ધપદ સાધક, કહાનગુરૂ ભગવાન. ૮

❀

## ભાદરવા વદ ૧
## ક્ષમાવણી દિન

ગુરુદેવ! તારાં ચરણમાં ફરી ફરી કરું હું વંદના,
સ્થાપી અનંતાનંત તુજ ઉપકાર મારા હૃદયમાં. ૧.

કરીને કૃપાદૃષ્ટિ, પ્રભુ! નિત રાખજો તુમ ચરણમાં,
રે! ધન્ય છે એ જીવન જે વીતે શીતળ તુજ છાંયમાં. ૨

ગુરુદેવ! અવિનય કંઈ થયો, અપરાધ કંઈ પણ જે થયા,
કરજો ક્ષમા અમ બાળને, એ દીનભાવે યાચના. ૩

મન-વચન-કાય થકી થયા જાણ્યે-અજાણ્યે દોષ જે,
કરજો ક્ષમા સૌ દોષની, હે નાથ! વિનવું આપને. ૪.

તારી ચરણસેવા થકી સૌ દોષ સહેજે જાય છે,
ક્રોધાદિ ભાવ દૂરે થઈ ભાવો ક્ષમાદિક થાય છે. ૫

ગુરુવર! નમું હું આપને, અમ જીવનના આધારને,
વૈરાગ્યપૂરિત જ્ઞાન-અમૃત સીંચનારા મેઘને. ૬

મિથ્યાત્વભાવે મૂઢ થઈ નિજતત્ત્વ નહિ જાણ્યું અરે!
આપી ક્ષમા એ દોષની આ પરિભ્રમણ ટાળો હવે. ૭

સમ્યક્ત્વ-આદિક ધર્મ પામું, તુજ ચરણ-આશ્રય વડે;
જય જય થજો પ્રભુ! આપનો, સૌ ભક્ત શાસનના ચહે. ૮

❀

# આસો વદ ૧૫–મહાવીર નિર્વાણ દિન

## મહાવીરાષ્ટક-ભાષા

(શિખરિણી–છંદ)

જિન્હોંકી પ્રજ્ઞામેં, [1]મુકુરસમ ચૈતન્ય જડ ભી,
સ્થિતિ ધ્રૌવ્યોત્પત્તી યુત ઝલકતે સાથ સબ હી.
જગત સાક્ષી માર્ગ પ્રગટ કરતા સૂર્યસમ જો,
મહાવીરસ્વામી દરશ હમકોં દેં પ્રગટ વે. ૧

જિન્હોંકે દો ચક્ષૂ પલક અરુ લાલી રહિત હો,
જનોંકો દર્શાતે, હૃદયગત [2]ક્રોધાતિલયકો,
જિન્હોંકી શાન્તાત્મા અતિવિમલમૂર્તિ સ્ફુટ મહા. મહાવીર૦ ૨

નમંતે ઇન્દ્રોંકે, મુકુટમણિકી કાન્તિ ધરતા,
જિન્હોંકે ચર્ણોંકા યુગ, લલિત, સંતપ્ત જનકો,
ભવાગ્નિકા હર્તા, સ્મરણ કરતે હી સુજલ હૈ. મહાવીર૦ ૩

જિન્હોંકી પૂજાસે, મુદિત મન હો [3]–મેંઢક જબૈ,
હુઆ સ્વર્ગી, તાહી સમયગુણધારી અતીસુખી;
લહૈં જો મુક્તિકે સુખ ભગત તો વિસ્મય કહા? મહાવીર૦ ૪

---
૧ મુકુરસમ=દર્પણ સમાન ૨ ક્રોધાદિનો અતિશયક્ષય. ૩ દેડકો.



તપેસ્વર્ણ જ્યોં ભી, રહિત વપુસે, જ્ઞાનગૃહ હૈ,
અકેલે નાના ભી, નૃપતિવર સિદ્ધાર્થ સુત હૈ;
અજન્મા ભી શ્રીમાન્ ભવરત નહીં અદ્‌ભૂતગતી. મહાવીર૦ ૫

જિન્હોંકી વાગ્ગંગા, અમલ નય કલ્લોલ ધરતી,
ન્હવાતી લોંગોંકો, સુવિમલ મહા જ્ઞાન જલસે;
અભી ભી સેતે હૈં, બુધજન મહા હંસ જિસકો, મહાવીર૦ ૬

ત્રિલોકીકા જેતા મદનભટ જો દુર્જય મહા,
યુવાવસ્થામેં ભી, વહ દલિત કીના સ્વબલસે;
પ્રકાશી મુક્તિ કે, અતિ સુ સુખદાતા જિનવિભૂ, મહાવીર૦ ૭

મહામોહ વ્યાધી, હરણ કરતા વૈદ્ય સહજ,
વિના ઇચ્છા બંધૂ, પ્રથિત જગ કલ્યાણ કરતા;
સહારા ભવ્યોં કો સકલ જગમેં ઉત્તમ ગુણી,
મહાવીર સ્વામી દરશ હમકો દેં પ્રગટ વે...............૮

*(શ્રી ભાગચંદ્રજી)*

❀

વીર પ્રભુજી મોક્ષ પધાર્યા ગૌતમ કેવળજ્ઞાન રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

દેવ દેવેન્દ્ર મહોત્સવ કરે જ્યાં દિન દિવાળી ઉજવાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

શૈલેશીકરણે ચડ્યા પ્રભુજી અયોગીપદ ધર્યું આજ રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

સર્વે કર્મનો ક્ષય કરીને સિદ્ધપદ પ્રાપ્ત થાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

પાવાપુરી સિદ્ધક્ષેત્ર પ્રભુજી સમશ્રેણી કહેવાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

નિર્વાણકલ્યાણક સુરપતિ ઊજવે સ્વર્ગેથી ઉતરી આજ રે,
વીરજીનું શાસન ઝૂલે રે.
અખંડાનંદ સ્વરૂપ પ્રગટાવી પહોંચ્યા શિવપુર ધામ રે,
વીરજીનું શાસન ઝૂલે રે.
દેવ દુંદુભિ વાજીંત્ર વાગે નિર્વાણ મહોત્સવ થાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે.
ત્રીશ વર્ષ પ્રભુ દિવ્યધ્વનિનો અપૂર્વ છૂટ્યો ધોધ રે,
વીરજીનું શાસન ઝૂલે રે.
ધ્વનિ સુણીને ભવ્ય જીવોના હૃદયપટ પલટાય રે,
વીરજીનું શાસન ઝૂલે રે.
વીરના વારસ કહાન ગુરુજી વર્તાવે જય જયકાર રે,
વીરજીનું શાસન ઝૂલે રે.

❀

(રાગ–ભેટે ઝૂલે છે તલવાર)

નિર્વાણ મહોત્સવ દિન આજ,
વીર પ્રભુ સિદ્ધ થયા છે.
વીર જિનેશ્વર સિદ્ધ થયા છે,
ગૌતમ કેવળજ્ઞાન—વીર.
સમશ્રેણી પ્રભુ પાવાપુરીમાં,
મુક્તિમાં બિરાજ્યા નાથ—વીર.
અનાદિ દેહનો સંબંધ છૂટીને,
ચૈતન્ય ગોળો છૂટ્યો આજ—વીર.
યોગ વિભાવનું કંપન છૂટ્યું,
અનંત અકંપતા આજ—વીર.



અનંત અનંત ગુણ પર્યાયે પરિણમ્યા,
પ્રગટ્યો અગુરુલઘુ મહાન—વીર.
પુનિત પગલાં કાલ હતાં ભરતમાં,
આજે થયા ચિદ્‌બિંબ—વીર.
કાલે વીરજી અરિહંત હતા,
આજે સિદ્ધ ભગવાન—વીર.
ભરતક્ષેત્રે પાવાપુરીમાં,
સ્મરણ વીરનાં થાય—વીર.
દેવ દેવેંદ્રો પાવાપુરીમાં ઊતર્યા;
નિર્વાણ મહોત્સવ કાજ—વીર.
વિરહ પડ્યા આ ભરતક્ષેત્રમાં,
ત્રિલોકીનાથના આજ—વીર.
હે વીર! હે વીર! ભરતક્ષેત્રમાં,
સેવક કરે તુને સાદ—વીર.
સિદ્ધ મંદિરે નાથ બિરાજ્યા,
શાસનમાં જાગ્યા કોઈ સંત—વીર.
સાદ સાંભળ્યો સેવક તણો એ,
જાગ્યા કુંદ–કહાન સંત—વીર.
કુંદકુંદ અમૃતાદિ કહાનગુરુ પાકીયા
શાસનના રક્ષણહાર—વીર.
કહાનગુરુને શ્રુતસાગર ઊછળ્યા,
અમૃત વરસ્યા મેહ.....વીર.
આતમ આધાર એ અમ સેવકના,
શિવપુરનો એ સાથ.....વીર.

❀

# નિત્ય ભક્તિ ગીતો

(રાગ–કાલી કામલીવાલે.....)

નમીયે શ્રી પંચપદને નેહે, મંગલકામ,
ભવિયા, મંગલકામ ॥ નમીયે ॥

ઘાતી કર્મનો ઘાત કરીને, કેવલ કમલા વિમલા વરીને,
પ્રથમ નમો અરિહંત ॥ ભવિયા......

અઠવિધ કર્મના મર્મ પ્રજાળી, સિદ્ધ પ્રભુની પ્રભુતા ભારી,
નમો સિદ્ધિના કન્ત ॥ ભવિયા......

ચાર તીર્થના સ્તંભ જે નેતા, શાસન ધૂર્વહ આનંદ યુતા
આચાર્ય મહારાજ ॥ ભવિયા......

આગમ અર્થને ભણે ભણાવે, ઉપાધ્યાય મહાસંત કહાવે;
જિનશાસન સામ્રાજ્ય ॥ ભવિયા......

ચરણ કરણના ગુણને સેવે, શિવપદને યું મુનિવર લેવે,
નમો નમો મુનિરાજ ॥ ભવિયા.......

આત્મતત્ત્વ શ્રદ્ધારૂપ મૂલ, દર્શનમોહ વિનાશનશૂલ,
દર્શનપદ મનોહાર ॥ ભવિયા.....

જ્ઞાન સમ્યક્ છે ભવજલ તરવા, મોહતિમિરનો વિનાશ કરવા,
જાસ પ્રભા સુખદાય ॥ ભવિયા....

સંયમપદ સંયમતા આપે, દુઃખ દારિદ્રયના કારણ કાપે,
વંદે સુર નર રાય ॥ ભવિયા......

નમી શ્રી જિનવર પુણ્ય પ્રભાવે, પંચપદ મહિમા દિલમાં ધ્યાવે,
આતમને હિતકાર ॥ ભવિયા......

❀



મૈં દેવ નિત અરહંત ચાહૂં, સિદ્ધકા સુમિરન કરૌં;
મૈં સુર ગુરુ મુનિ તીનિ પદ મૈં સાધુપદ હૃદય ધરૌં;
મૈં ધર્મકરુણામયી ચાહૂં જહાં હિંસા રંચ ના;
મૈં શાસ્ત્રજ્ઞાન વિરાગ ચાહૂં જાસુ મૈં પરપંચ ના. ૧

ચૌબીસ શ્રીજિનદેવ ચાહૂં ઔર દેવ ન મન બસેં;
જિન બીસ ક્ષેત્ર વિદેહ ચાહૂં બંદિતે પાતિકનશૈ;
ગિરનાર શિખર સંમેદ ચાહૂં, ચમ્પાપુરી પાવાપુરી;
કૈલાસ શ્રી જિનધામ ચાહૂં, ભજતભાજૈં ભ્રમજુરી. ૨

નવતત્ત્વકા સરધાન ચાહૂં ઔર તત્ત્વ ન મન ધરે;
ષટદ્રવ્ય ગુણ પરજાય ચાહૂં ઠીકતાસોં ભય હરોં;
પૂજા પરમ જિનરાજ ચાહૂં ઔર દેવ ન હૂં સદા;
તિહુંકાલકી મૈં જાપ ચાહૂં પાપ નહિ લાગૈ કદા. ૩

સમ્યક્ત્વ દરશન જ્ઞાન ચારિત્ર સદા ચાહૂં ભાવસોં;
દશલક્ષણી મૈં ધર્મ ચાહૂં મહા હર્ષ ઉછાવસોં;
સોલહ જુ કારણ દુઃખનિવારણ સદા ચાહૂં પ્રીતિસો;
મૈં ચિત્ત અઠાઈ પર્વ ચાહૂં મહા મંગલ રીતિસોં. ૪

મૈં વેદ ચારોં સદા ચાહૂં આદિ અંત નિવાહસોં;
પાએ ધરમકે ચાર ચાહૂં અધિક ચિત્ત ઉછાહસોં;
મૈં દાન ચારોં સદા ચાહૂં ભુવન વશિ લાહો લહૂં;
આરાધના મૈં ચારિ ચાહૂં અન્તમેં જેઈ ગહૂં. ૫

ભાવન બારહ સદા ભાઊં ભાવ નિરમલ હોત હૈં;
મૈં વ્રત જુ બારહ સદા ચાહૂં ત્યાગ ભાવ ઉદ્યોત હૈં;
પ્રતિમા દિગમ્બર સદા ચાહૂં ધ્યાન આસન સોહના,
વસુકર્મતૈં મૈં છુટા ચાહૂં શિવ લહૂં જહૈ મોહના. ૬

મૈં સાધુજનકો સંઘ ચાહૂં પ્રીતિ તિન હીં સો કરૌં;
મૈં પર્વકે ઉપવાસ ચાહૂં અરમ્ભૈ મૈં પરિહરૌં;

ઈસ દુઃખ પંચમકાલ માહીં કુલ શરાવક મૈં લહૌં;
અરુ મહાવ્રત ધરિ સકૌં નાહીં નિબલ તન મૈને ગહો. ૭
આરાધના ઉત્તમ સદા ચાહૂં સુનો જિનરાયજી;
તુમ કૃપાનાથ અનાથ ઘાનત દયાકરના ન્યાયજી;
વસુકર્મનાશ વિકાશ જ્ઞાન પ્રકાશ મોકો કીજીએ;
કરિ સુગતિ ગમન સમાધિ મરન સુભક્તિ ચરનન દીજિએ. ૮

❀

અશરીરી-સિદ્ધ ભગવાન, આદર્શ તુમ્હીં મેરે,
અવિરુદ્ધ શુદ્ધ ચિદ્‌ઘન ઉત્કર્ષ તુમ્હીં મેરે.
સમ્યક્ત્વ સુદર્શન જ્ઞાન, અગુરુલઘુ અવગાહન,
સૂક્ષ્મત્વ વીર્ય ગુણખાન, નિર્બાધિત સુખવેદન;
હે ગુણ અનન્તકે ધામ, વન્દન અગણિત મેરે. ૧.
રાગાદિ રહિત નિર્મલ, જન્માદિ રહિત અવિકલ,
કુલ ગોત્ર રહિત નિશ્કુલ, માયાદિ રહિત નિશ્ચલ;
રહતે નિજમેં નિશ્ચલ, નિષ્કર્મ સાધ્ય મેરે. ૨.
રાગાદિ રહિત ઉપયોગ, જ્ઞાયક પ્રતિભાસી હો,
સ્વાશ્રિત શાશ્વત-સુખ ભોગ, શુદ્ધાત્મ-વિલાસી હો;
હે સ્વયં સિદ્ધ ભગવાન, તુમ સાધ્ય બનો મેરે. ૩.
ભવિજન તુમ સમ નિજ-રૂપ ધ્યાકર તુમ સમ હોતે,
ચૈતન્ય પિંડ શિવભૂપ હોકર સબ દુઃખ ખોતે;
ચૈતન્યરાજ સુખખાન, દુખ દૂર કરો મેરે. ૪.

❀

નિરખો અંગ-અંગ જિનવર કે, જિનસે ઝલકે શાન્તિ અપાર.
ચરણ કમલ જિનવર કહેં, ઘૂમા સબ સંસાર,
પર ક્ષણભંગુર જગત મેં, નિજ આત્મ તત્ત્વ હી સાર,
યાતેં પદ્માસન વિરાજે જિનવર, ઝલકે શાન્તિ અપાર.



હસ્ત યુગલ જિનવર કહેં, પર કા કરતા હોય,
એસી મિથ્યા બુદ્ધિ સે હી, ભ્રમણ ચતુરગતિ હોય,
યાતેં પદ્માસન વિરાજે જિનવર, ઝલકે શાન્તિ અપાર.
લોચન દ્વય જિનવર કહેં, દેખા સબ સંસાર,
પર દુઃખ મય ગતિ ચતુર મેં, ધ્રુવ આત્મ તત્ત્વ હી સાર,
યાતેં નાશા દૃષ્ટિ વિરાજે જિનવર, ઝલકે શાન્તિ અપાર.
અન્તર્મુખ મુદ્રા અહો, આત્મ તત્ત્વ દરશાય,
જિનદર્શન કર નિજ દર્શન પા, સત્ગુરુ વચન સુહાય,
યાતેં અન્તર્દ્રષ્ટિ વિરાજે જિનવર, ઝલકે શાન્તિ અપાર.

❀

રસીલા ધર્મીનાં હૈડાં, સંયમમાં અહર્નિશ રમતાં;
સલુણાં જિનનાં સ્વપ્નાં, નજરથી ના જરી ખસતાં. રસીલા૦ ૧
આગમ જો હોય હૈડે તો, બધીયે ઋદ્ધિ પાસે છે;
ખસે દૂર જો હૃદયથી એ, જીવન આ શૂન્ય ભાસે છે. રસીલા૦ ૨
અસાર સંસારને માની, જે વીતરાગને ધ્યાવે;
સકલ દૂરિત કરી હાની, એ સિદ્ધિમાં સધાવે છે. રસીલા૦ ૩
સમતા રસભરી મુદ્રા, અહો જિન તુલ્ય ભાસે છે;
ધરીને ભાવથી વંદે, જનમ નિસ્તાર તેને છે. રસીલા૦ ૪
પૂર્ણ આનંદને ધ્યેયે, જે જિનરાજને ગાવે;
અમર આત્મ સુખનો ભોગી, થઈ અમૃત સુહાવે છે. રસીલા૦ ૫

❀

તુમ્હારે દર્શ બિન સ્વામી, મુઝે નહિ ચૈન પડતી હૈ;
છબિ વૈરાગ તેરી સામને, આઁખોં કે ફિરતી હૈ.
નિરાભૂષણ વિગત દૂષણ, પરમ આસન મધુર ભાષણ;
નજર નૈનોં કી નાશા કી, અની પર સે ગુજરતી હૈ. ૧.

નહીં કર્મોં કા ડર હમકો, કિ જબ લગ ધ્યાન ચરણન મેં;
તેરે દર્શન સે સુનતે હૈ, કરમ રેખા બદલતી હૈ. ૨.
મિલે ગર સ્વર્ગ કી સમ્પત્તિ, અચમ્ભા કૌનસા ઈસમેં;
તુમ્હેં જો નયન ભર દેખે, ગતિ દુરગતિ કી ટરતી હૈં. ૩.
હજારોં મૂર્તિયાં હમને બહુતસી, અન્યમત દેખીં;
શાઁતિ મૂરત તુમ્હારીસી, નહીં નજરોં મેં ચઢતી હૈ. ૪.
જગત સિરતાજ હો જિનરાજ, 'સેવક' કો દરશ દીજે;
તુમ્હારા કયા બિગડતા હૈ, મેરી બિગડી સુધરતી હૈં. ૫.

❀

આજ હમ જિનરાજ તુમ્હારે દ્વારે આયે,
હાં જી હાં....હમ આયે....આજ હમ૦
ઓ હિતકારી કરુણા સાગર,
સેવક તુમ્હારે શિર ઝૂકાયે......૧
દેખેં દેવ જગત કે સારે, એક નહીં મન ભાયે,
પુણ્ય ઉદયસે આજ તુમ્હારે, દર્શન કર સુખ પાયે.....૨
જન્મ--મરણ નિત કરતે કરતે, કાલ અનેક ગમાયે,
અબ તો સ્વામી જન્મ--મરણકા, દુઃખડા સહા નહીં જાયે...૩
ભવ સાગરમેં નાવ હમારી, કબસે ગોતા ખાયે,
તુમહી સ્વામી હાથ બઢાકર, તારો તો તિર જાયે....૪
અનુકંપા હો જાયે આપકી, આકુલતા મિટ જાયે,
પંકજ કી પ્રભુ યહી વિનતિ, ચરણ શરણ મિલ જાયે....૫

❀

ભાવે ભજો ભાવે ભજો જિનરાયા
ચોવીસ જિવનર પાયા જી પાયા.
ઋષભ, અજીત, સંભવ. અભિનંદન,
સુમતિ, પદ્મ, સુપાર્શ્વ જિનરાયા,
ભાવે વંદો (૨) જિનરાયા....ચોવીસ



ચંદ્ર, પુષ્પ, શીતલ, શ્રેયાંસ પ્રભુ,
વાસુપુજ્ય કા પુજન રચાયા,
નમન કરો (૨) જિનરાયા...ચોવીસ

વિમલ, અનંત, ધરમનાથ ઉજ્વલ,
શાંતિ, કુંથુ, અર, મલ્લિ મનાયા,
હૈયે ધરો (૨) જિનરાયા....ચોવીસ

મુનિસુવ્રત, નમિનાથ, નેમપ્રભુ,
પાર્શ્વ વીરકો દિલમેં બસાયા,
ઐસા બનું, તુજ જૈસા બનું જિનરાયા...ચોવીસ

ચોવીસ પ્રભુકા પુજન કર કર,
શુદ્ધ આતમ કો કમલ ધર કર,
મુક્ત બનું (૨) જિનરાયા....ચોવીસ

❀

દેખો જી આદીશ્વર સ્વામી, કૈસા ધ્યાન લગાયા હૈ,
કર ઉપર કર સુભગ વિરાજૈ, આસન થિર ઠહરાયા હૈ.

જગત વિભૂતિ ભૂતિ સમ તજકર, નિજાનન્દ પદ ધ્યાયા હૈ,
સુરભિત શ્વાસા આશા વાસા, નાસા દૃષ્ટિ સુહાયા હૈ.

કંચન વરન ચલે મન રંચ ન, સુર-ગિરિ જ્યોં થિર થાયા હૈ,
જાસ પાસ અહિ મોર મૃગી હરિ, જાતિ વિરોધ નશાયા હૈ.

શુદ્ધ-ઉપયોગ હુતાશન મેં જિન, વસુવિધિ સમિધ જલાયા હૈ,
શ્યામલિ અલકાવલિ સિર સોહે, માનો ધુઆં ઉડ઼ાયા હૈ.

જીવન-મરન અલાભ-લાભ જિન, સબકો નાશ બનાયા હૈ,
સુર નર નાગ નમહિં પદ જાકે, ''દૌલ'' તાસ જસ ગાયા હૈ.

❀

(રાગ–મ્હારા છૈલ ભંવર કસૂંબો પીવે)

મ્હારા નેમ પિયા ગિરનારી ચાલ્યા, મત કોઈ રોક લગાજ્યો
લાર લાર સંયમ મૈં લેસ્યું, મત કોઈ પ્રીત બઢાજ્યો ॥ટેક॥

સાજન ત્યાગો પાપયુત, દેખ જગત વ્યવહાર ।
રાજ તાજ કુલ સંપદા, મનમેં દયા વિચાર ॥
મ્હારા માથા મેં સાથણિયા, કોઈ મત સિંદૂર લગાજ્યો ॥૧॥

ભોગ રોગકી ખાન હૈ, ભોગ નરકકો દ્વાર ।
જો જીત્યો ઈહ ભોગનેં, તિર ગયો ભવદધિ પાર ॥
ઓ મન ભોલી અનજાન જોગકી રીત નિભાજ્યો ॥૨॥

ધન્ય ધન્ય જિન જોગ લે, દ્વાદશાંગ તપ ધાર ।
કર્મ કાટ શિવપુર ગયે, નમોં જગત હિતકાર ॥
યો નરભવકો 'સૌભાગ્ય' સજની તપ કર સફળ બનાજ્યો ॥૩॥

❀

(રાગ–ઓધવજી સંદેશો.)

ગિરી નગરના વાસી નેમ જિણંદજી,
થયાં પ્રભુનાં કલ્યાણિક ત્રણ ગિરનારજો;
તુજ દરશનથી મારું મન પ્રસન્ન થયું,
પૂરો પ્રભુજી શિવપુરની મુજ આશ જો. ગિરી. ૧

શાસન પ્રભુનું સર્વ ધર્મ શિરે વસે,
સ્યાદ્વાદ ને સાત નયનો વાસ જો;
રત્નત્રયીના ગુણ અનંતા જ્યાં રહ્યાં,
ધર્મ ભાવમાં દિલ થયું મમ લીનજો. ગિરી. ૨

તારા મતમાં સદ્‌યુક્તિ પ્રગટી રહી,
માનું તારા શ્રુત સાગરની લહેરજો;



અખંડ લહેરમાં હર્ષે જે નાચી રહ્યા,
લેશે ઝટપટ શિવપુર સુંદર શહેર જો. ગિરી. ૩

આત્મ મહેલમાં સ્થાપ્યા જેણે જિનવરો,
તેના ઘટમાં સર્વ શક્તિ પ્રકાશ જો;
ભવોભવ હોજો મુજ મન તુજ પદપંકજે,
પદ સેવાથી શિવલક્ષ્મી વિલાસ જો. ગિરી. ૪

❀

તુમ સે લાગી લગન, લે લો અપની શરણ, પારસ પ્યારા,
મેટો મેટો જી સંકટ હમારા.

નિશ દિન તુમકો જપૂં, પર સે નેહા તજૂં,
જીવન સારા, તેરે ચરણોં મેં બીતે હમારા. મેટો....

અશ્વસેન કે રાજ દુલારે, વામાદેવી કે સુત પ્રાણ પ્યારે,
સબ સે નેહા તોડ઼ા, જગ સે મુંહ કો મોડા, સંયમ ધારા. મેટો....

ઈન્દ્ર ઔર ધરણેન્દ્ર ભી આયે, દેવી પદ્‌માવતી મંગલ ગાયે,
આશા પૂરો સદા, દુઃખ નહીં પાવે કદા, સેવક થારા. મેટો....

જગ કે દુઃખ કી તો પરવાહ નહીં હૈ, સ્વર્ગ-સુખ કી ભી ચાહ નહીં હૈ,
મેટો જામન મરણ, હોવે ઐસા યતન, પારસ પ્યારા. મેટો....

લાખોં બાર તુમ્હેં શીશ નવાઊં, જગ કે નાથ તુમ્હેં કૈસે પાઊં,
'પંકજ' વ્યાકુલ ભયા, દર્શન બિન યહ જિયા, લાગે ખારા. મેટો....

❀

જય પારસ, જય પારસ, જય પારસ દેવા ..ટેક..

માતા તોરી વામાદેવી, પિતા અશ્વસેના.
કાશીજી મેં જન્મ લિયા, પ્રભુ હો દેવન કે દેવા.....જય

આપ તેઈસવેં હો તીર્થંકર, ભક્તોં કો સુખ દેવા.
પાઁચો પાપ મિટાકર હમરે, શરણ દેવો જિનદેવા....જય

નાગિન-નાગ બચાકર તુમને, ભવ સે કિયા પારા.
વૈરાગી હો મુનિ પદ ધારે, વંદન આજ અમારા....જય

આત્મધ્યાન લગાકર પ્રભુજી, કેવલજ્ઞાન જગાયા.
સમ્મેદશિખર કી સ્વર્ણ ટૂંક સે, સિદ્ધાતમ પદ પાયા...જય

દૂજા ઔર કોઈ ના દીખે, પાર લગાવો ખેવા.
આનંદ મંગલ વૃદ્ધિ હોવે, જો કરે આપકી સેવા...જય

❀

મેરે મન મંદિર મેં આન, પધારો મહાવીર ભગવાન.

ભગવન તુમ આનન્દ સરોવર, રુપ તુમ્હારા મહા મનોહર,
નિશિદિન રહે તુમ્હારા ધ્યાન, પધારો મહાવીર ભગવાન.

સુર કિન્નર ગણધર ગુણ ગાતે, યોગી તેરા ધ્યાન લગાતે,
ગાતે સબ તેરા યશ ગાન, પધારો મહાવીર ભગવાન.

જો તેરી શરણાગત આયા, તૂને ઉસકો પાર લગાયા,
તુમ હો દયા નિધિ ભગવાન, પધારો મહાવીર ભગવાન.

ભક્તજનોં કે કષ્ટ નિવારેં, આપ તરેં હમકો ભી તારેં,
કીજે હમકો આપ સમાન, પધારો મહાવીર ભગવાન.

આયે હેં હમ શરણ તિહારી, ભક્તિ હો સ્વીકાર હમારી,
તુમ હો કરુણા દયાનિધાન, પધારો મહાવીર ભગવાન.

રોમ-રોમ પર તેજ તુમ્હારા, ભૂ-મન્ડલ તુમસે ઉજિયારા,
રવિ-શશિ તુમ સે જ્યોર્તિમાન, પધારો મહાવીર ભગવાન.

❀



સીમંધરનાથજી! મોહ ટાળજો, સુખદ એહવો ધર્મ આપજો;
પરમ ભાવથી ધ્યાન હું ધરું, જિનપતિ! તને વંદના કરું. ૧.

જગત નાથજી! દર્શન આપજો, સુખદ એહવી ભક્તિ આપજો;
પરમ ભાવથી ધ્યાન હું ધરું, જિનપતિ! તને વંદના કરું. ૨.

જગત તાતજી! કષ્ટ કાપજો, સુખદ એહવું સ્વરૂપ આપજો;
પરમ ભાવથી ધ્યાન હું ધરું, જિનપતિ! તને વંદના કરું. ૩.

પરમ નાથજી! દુઃખ કાપજો, અચલ એહવું શર્મ આપજો;
પરમ ભાવથી ધ્યાન હું ધરું, જિનપતિ! તને વંદના કરું. ૪.

પરમ દેવરે! વ્યાધિ કાપજો, અચલ એહવી શાંતિ આપજો;
પરમ ભાવથી ધ્યાન હું ધરું, જિનપતિ! તને વંદના કરું. ૫.

અચલ દેવરે! શત્રુ વારજો, શરણ તાહરું સર્વદા હજો;
પરમ ભાવથી ધ્યાન હું ધરું, જિનપતિ! તને વંદના કરું. ૬.

વિપત્તિ દાસની સર્વ કાપજો, ચરણ પદ્મની સેવના હજો;
પરમ ભાવથી ધ્યાન હું ધરું, જિનપતિ! તને વંદના કરું. ૭.

❀

સીમંધર સભામાં નાદ છૂટ્યા કે કુંદકુંદ ઊભા અહો રંગરસીયા
જિનને જિનેન્દ્ર અમે જોયા કે કુંદકુંદ ઊભા ભગવંતને ભેટવા

એ...ભારત દેશથી આવિયા અને કુંદકુંદ જેનું નામ
પહાડ પોન્નુરથી વિચરતા એ પધાર્યા વિદેહ ધામ
દેહ નાનકડો દિગમ્બર કુંદકુંદ ઊભા ભગવંતને ભેટવા. જિનને જિનેન્દ્ર....

એ...સમોસરણમાં આવતા અને ગાજ્યા દુદુંભીના નાદ
ચક્રી પૂછે ભક્તિથી કોણ છે આ મુનિરાજ ?
સમર્થ આચાર્ય ભારત દેશના કુંદકુંદ ઊભા અહો રંગરસિયા. જિનને જિનેન્દ્ર....

એ...જ્ઞાન ધ્યાન વૈરાગ્યમાં ઝૂલતા એ મુનિરાજ
પ્રમત્ત અપ્રમત્તમાં મહાલતા એને ભેટ્યા ખુદ ભગવાન
સીમંધર સ્વામીનો ઉપકાર રે કુંદકુંદ ઊભા ભગવંતને ભેટવા. જિનને જિનેન્દ્ર....

એ...વિદેહથી પધારીયા અને લખ્યું સમયસાર
આજ કહાન ગુરુજી પ્રતાપથી જાણ્યો સમયનો સાર
નજરે જોયેલી આ વાતજો કુંદકુંદ આવ્યા વિદેહ કેરા ધામમાં. જિનને જિનેન્દ્ર...

❀

(રાગ–આવો! આવો! સીમંધર જિનરાજજી રે)

દેખ્યા દેખ્યા બાહુબલી મુનિરાજને રે....બાહુ

દેખ્યા દેખ્યા ૠષભનંદન મુનિરાજને રે....ૠષભ
મુનિવર મહિમાથી વાંછિત કારજ પામીએ.

મનહર મુદ્રા સોહે બાહુબલી દેવની રે....સોહે
તુજ દર્શનથી અંતર અમ ઉછળી રહ્યાં,

બાર બાર માસની તપશ્ચર્યા આદરી રે....તપ
આવી ઉભા વન---જંગલ ઘનઘોરમાં.

નિશ્ચલ ઉભા મુનિવર આતમધ્યાનમાં રે....મુનિ
વેલડિયું વીંટાણી આખા દેહમાં.

ભરતચક્રી ત્યાં મુનિવરદર્શન સંચર્યા રે....મુનિ
ભક્તિભાવથી બાહુબલી-પદ પૂજિયા,

બાહુબલીજી શ્રેણી--આરોહણ આદર્યા રે....શ્રેણી
કેવલલક્ષ્મી ક્ષણમાં મુનિવર પામિયાં.

પૂર્ણચતુષ્ટય બાહુબલીજિન સોહતા રે....બાહુ
અનંત ગુણ--આનંદ મુનિવર પામિયાં.

અનંત જ્ઞાને બાહુબલીજિન સોહતા રે....બાહુ
અનુપમ શાશ્વત પૂર્ણાનંદને પામિયાં.



દેવી મુદ્રા બાહુબલીજિન દીપતી રે....બાહુ
ચૈતન્યદેવની દિવ્યતા દર્શાવતી.

મુનિવરમુદ્રા જિનમુદ્રા સમ જાણીએ રે....જિન
અપૂર્વ શાંતિ ઉપશમરસ વરસી રહ્યા.

મુનિવરસેવા મહાભાગ્યેથી પામિએ રે....મહા
ભવ્યોને અહો! ભવથી પાર ઉતારતી.

મુનિવરસેવા કલ્પવૃક્ષ---ચિંતામણિ રે....કલ્પ
સેવકને અહો! મનવાંછિત ફલ આપતી.

ગુરુજી--પ્રતાપે આનંદરસ વરસી રહ્યા રે....આનંદ
દેવ--ગુરુજી નિત્ય રહો મનમંદિરે....દેખ્યા દેખ્યા.

❀

(રાગ–એક તૂંહી આધાર હો જગમેં........ઓ મેરે ભગવાન....કી.....)

ધન્ય મુનીશ્વર આતમ હિતમેં છોડ દિયા પરિવાર.....કિ......
તુમને છોડા સબ ઘરબાર......!

ધન છોડા વૈભવ સબ છોડા સમઝા જગત અસાર.....કિ
તુમને છોડા સબ સંસાર......

કાયાસે મમતાકો ટારી, કરતે સહન પરિષહ ભારી;
પંચ મહાવ્રત કે હો ધારી, તીન રતન કે બને ભંડારી;
આત્મ સ્વરૂપમેં ઝૂલતે કરતે નિજ આતમ ઉદ્ધાર.....કિ
તુમને છોડા સબ ઘરબાર.....ધન્ય૦ ૧

રાગ દ્વેષ સબ તુમને ત્યાગે વૈર વિરોધ હૃદયસે ભાગે,
પરમ આતમ કે અનુરાગે, વૈર કર્મ પલાયન ભાગે,
સત્સન્દેશ સુના, ભવિજનકા કરતે બેડા પાર.....કિ
તુમને છોડા સબ સંસાર.....ધન્ય૦ ૨

હોય દિગંબર વનમેં વિચરતે નિશ્ચલ હોય ધ્યાન જબ ધરતે,
નિજપદકે આનંદમેં ઝૂલતે ઉપશમરસકી ધાર બરસતે,

મુદ્રા સૌમ્ય નીરખ કર વૃદ્ધિ નમતા વારંવાર....કિ
તુમને છોડા સબ ઘરબાર....ધન્ય૦ ૩

❀

ઐસે મુનિવર દેખેં, વનમેં.....(૨)
જાકે રાગ–દ્વેષ નહીં તનમેં.......

ગ્રીષ્મ ઋતુ શિખર કે ઉપર.....(૨)
મગન રહે ધ્યાનનમેં......૧

ચાતુર્માસ તરુતલ ઠાડે......(૨)
બુંદ સહે છિન છિન મેં......૨

શીતમાસ દરિયા કે કિનારે......(૨)
ધીરજ ધારે ધ્યાનનમેં......૩

ઐસે ગુરુકો મૈં નિત પ્રતિ ધ્યાઉં......(૨)
દેત ઢોક ચરણનમેં.......૪

❀

હોલી ખેલે મુનિરાજ શિખર વન મેં રે અકેલે વન મેં મધુવનમેં,
મધુવન મેં આજ મચી રે હોલી મધુવન મેં.

ચૈતન્ય ગુફા મેં મુનિવર બસતે, અનન્ત ગુણો મેં કેલી કરતે
એક હી ધ્યાન રમાયે વન મેં, મધુવન મેં.....॥૧॥

ધ્રુવધામ ધ્યેય કી ધૂની લગાઈ, ધ્યાન કી ધધકતી અગ્નિ જલાઈ
વિભાવ કા ઈંધન જલાવે વન મેં, મધુવન મેં.....॥૨॥

અક્ષય ઘટ ભરપૂર હમારા, અંદર બહતી અમૃત ધારા
પતલી ધાર ન ભાયી મન મેં, મધુવન મેં.....॥૩॥

હમેં તો પૂર્ણ દશા હી ચાહિયે, સાદિ અનંત કા આનંદ લહિયે
નિર્મલ ભાવના ભાયી વન મેં, મધુવન મેં......॥૪॥



પિતા ઝલક જ્યોં પુત્ર મેં દિખતી, જિનેન્દ્ર ઝલક મુનિરાજ ચમકતી
શ્રેણી માંડી પલક છિન મેં, મધુવન મેં......॥૫॥

નેમિનાથ ગિરનાર મેં દેખો, શત્રુંજય પર પાંડવ દેખો
કેવલજ્ઞાન લિયો છિન મેં, મધુવન મેં......॥૬॥

બાર-બાર વંદન હમ કરતે, શીશ ચરણ મેં ઉનકે ધરતે
ભવ સે પાર લગાયે વન મેં, મધુવન મેં......॥૭॥

❀

હે પરમ દિગંબર મુદ્રા જિનકી, વન વન કરેં બસેરા।
મૈં ઉન ચરણોં કા ચેરા, હો વંદન ઉનકો મેરા॥

શાશ્વત સુખમય ચૈતન્ય-સદન મેં, રહતા જિનકા ડેરા।
મૈં ઉન ચરણોં કા ચેરા, હો વંદન ઉનકો મેરા॥ટેક॥

જહાં ક્ષમા માર્દવ આર્જવ સત્ શુચિતા કી સૌરભ મહકે।
સંયમ તપ ત્યાગ અકિંચન સ્વર પરિણતિમેં પ્રતિપલ ચહકે।
હૈં બ્રહ્મચર્ય કી ગરિમા સે, આરાધ્ય બને જો મેરા॥૧॥

અંતર-બાહર દ્વાદશ તપ સે, જો કર્મ-કાલિમા દહતે।
ઉપસર્ગ પરીષહ-કૃત બાધા જો, સામ્ય-ભાવ સે સહતે।
જો શુદ્ધ અતીન્દ્રિય આનંદ-રસ કા, લેતે સ્વાદ ઘનેરા॥૨॥

જો દર્શન જ્ઞાન ચારિત્ર વીર્ય તપ, આચારોં કે ધારી।
જો મન-વચ-તન કા આલમ્બન તજ, નિજ-ચૈતન્ય વિહારી।
શાશ્વત સુખ દર્શક વચન-કિરણ સે, કરતે સદા સબેરા॥૩॥

નિત સમતા સ્તુતિ વંદન અરુ, સ્વાધ્યાય સદા જો કરતે।
પ્રતિક્રમણ ઔર પ્રતિ-આખ્યાન કર, સબ પાપોં કો હરતે।
ચૈતન્યરાજ કી અનુપમ નિધિયાં, જિનમેં કરેં બસેરા॥૪॥

❀

જંગલ વસાવ્યું રે જોગીએ, તજી તનડાની આશજી;
વાત ન ગમેરે આ વિશ્વની, આઠે પહોર ઉદાસજી. જંગલ૦ ૧
સેજ પલંગ પર પોઢતાં, મંદિર ઝરૂખા માંયજી;
તેને નહિ તૃણ સાથરો, રહેતા તરૂતલ છાંયજી. જંગલ૦ ૨
સાલ દુશાલા ઓઢતાં, ઝીણા જરકશી જામજી;
તેણે રે ન રાખ્યું તૃણ વસ્ત્રનું, સહે શિરસીત-ધામજી. જંગલ૦ ૩
હાજી કહેતાં હજાર ઉઠતા, ચાલતાં લશ્કર લાવજી;
તે નર ચાલ્યા રે એકલા, નહિ પેંજાર પાવજી. જંગલ૦ ૪
ભલો રે ત્યાગ રાજા રામનો, ત્યાગી અનેક નારજી;
મંદિર ઝરૂખા મેલી કરી, આસન કીધલાં દૂરજી. જંગલ૦ ૫
ધન્ય ધન્ય શ્રી સુકુમાર મુનિ, ગ્રહ્યું સ્વરૂપ નિર્ગ્રંથજી;
રાજ સાજ સુખ પરિહરી, વેગે ચાલીયા વનજી. જંગલ૦ ૬
એ વૈરાગવંતને જાઉં વારણે, બીજાં ગયારે અનેકજી;
ધન્ય રે જનો એ અવનીવિષે, તેને કરું હું નમનજી. જંગલ૦ ૭

❀

મને કોને કુંદકુંદ પ્રભુ કેવા હશે ?
ક્યાં રહેતા હશે ? શું કરતા હશે ? મને૦ ૧
સીમંધર દેવના દર્શન કરીને
સંદેશો લાવનાર કેવા હશે ? મને૦ ૨
સાર–સમય કેરી બંસરી બજાવી
હૈયા ડોલાવનાર કેવા હશે ? મને૦ ૩
દર્શન મહત્તા ને ચેતનની શુદ્ધતા
વિશ્વે ગજાવનાર કેવા હશે ? મને૦ ૪
નિશ્ચય નિહાળનાર શાસન શોભાવનાર
સુધાના સીંચનાર કેવા હશે ? મને૦ ૫

❀

સોનગઢ આપણું રે કહેવાય એ કોઈથી ના ભુલાય
જેના અણુ અણુમાં ગુંજે ગુરૂવર કહાન રે
જેની સાથે આપણા જોડાયેલા પ્રાણ રે...

લાવ્યા સીમંધરના નાદ, હૃદયે ઉતરે સોંસરવાટ,
લાવ્યા કુંદકુંદના નાદ, હૃદયે ઉતરે સોંસરવાટ,
સમયસાર કેરી ગંગા વહાવી, કહાનગુરુના સર્વાંગે...સોનગઢ

વરસ્યા અમૃતના વરસાદ, બન્યા ભક્તો માલામાલ,
ગુંજ્યા ઘરઘરમાં જયનાદ, સહુના હર્ષતણો નહીં પાર,
એ તો યાદ અપાવે ચોથા કાળની,
આ તો વાણી છે વીતરાગી ત્રિલોકીનાથની...સોનગઢ

આ છે નજરે જોયેલી વાત, એમાં શંકાને નહીં સ્થાન,
એના સાક્ષી ચંપામાત, જ્ઞાનવૈભવમાં દીધો સાર,
દેશ વિદેશમાં સંદેશા પહોંચાડ્યા,
જૈન ધર્મના ઝંડા ફરકાવીયા...સોનગઢ

મંગળ મુહુર્ત આજ સુવર્ણપુરી નગરીમેં,
અવસર આવ્યો મહાન સુવર્ણપુરી નગરીમેં.
કે છાયો છાયો આનંદ અપાર સોનગઢ નગરીમેં,
આયો જન્મ મહોત્સવ આજ સોનગઢ નગરીમેં,
બોલો કહાન ગુરૂનો જયયકાર સોનગઢ નગરીમેં (૨)

આજ અનુપમ અવસર આયા
કહાન ગુરૂકા દર્શન પાયા
એ.....ધુન મચી હૈ આજ....સોનગઢ નગરીમેં (૨)

દશોં દિશામેં આનંદ છાયો, મુમુક્ષુઓનો મેળો ભરાયો
ઉગ્યો સોના સુરજ આજ...સોનગઢ નગરીમેં
બોલો કહાન ગુરૂનો જયજયકાર...સોનગઢ નગરીમેં



અનંત ઉપકાર કહાન ગુરૂનો
સાથે અમારા ભગવતી માતનો (૨)
તમને વંદન વારંવાર...સોનગઢ નગરીમેં
બોલો કહાન ગુરૂનો જયકાર...સોનગઢ નગરીમેં

યે સંતોકા દેશ હૈ, દુઃખકા નહીં પ્રવેશ હૈ
સુવર્ણપુરી હૈ નામ અહો, યહાં નહીં કિટ્ટકા લેશ હૈ....યે સંતોકા....

વીરશાસનકે દિવ્ય વચનસે, ફેલી હૈ હરિયાલિયાં,
શાંતિપંથકા માર્ગ બતાયા, છાઈ હૈ ખુશહાલિયાં,
મુક્તિકે દાતાર હૈ, જગકે તારણહાર હૈ,
જગત શિરોમણિ ત્રિશલાનંદન, શાસનકે શણગાર હૈ....યે સંતોકા....

છાયા થા મિથ્યાત્વ અંધેરા, લુપ્ત ધર્મકા પંથ થા,
ભવ્યજનોંકા હૃદય તલસતા, કરના ભવકા અંત થા,
વીર હાક લલકારને, જગકો પાર ઉતારને,
સુવર્ણપુરીમેં સંત પધારે, શાસનકો શોભાવને....યે સંતોકા....

દિવ્ય વિભૂતિ કહાન ગુરૂજી, સિંહ કેશરી હૈ જાગે,
ધર્મ ચક્રીકી અમર પતાકા, દેશોદેશમેં ફહરાયે,
વાણી અમૃત ઘોલી હૈ, સારી દુનિયા ડોલી હૈ,
વીતરાગકે ગુપ્ત હૃદયકી, અંતર ગ્રંથિ ખોલી હૈ....યે સંતોકા....

તીર્થસમા પાવન વન હૈ, ખીલા હુવા નંદનવન હૈ
ભોલી સી તુઝ સુરત પર, ન્યોછાવર સબ જગજન હૈ...
શાશ્વત શરણ તુમ્હારા હો, ચાહે જગત કિનારા હો
ભવભવમેં તુમ દાસ રહે, બસ તું આદર્શ હમારા હો....યે સંતોકા....

વીર શાસનકા પુર્ણપુણ્ય, અબ ભારતમેં હૈ ઉદિત હુઆ
જ્ઞાન વૈરાગ્ય ભક્તિ કા જોટા, જગમેં અનુપમ ચમક ઊઠા,

મહિમા ઈનકી કરના હૈ, અંતર ઉન્હેં બિઠાના હૈ
સાધના કી રાહો મેં, સાધક બન તુમ સંગ આના હૈ....યે સંતોકા....

યે સંતોકા ધામ હૈ સાધક કા વિશ્રામ હૈ
સુવર્ણપુરીમેં મસ્ત વિચરતે ગુરૂવર આતમ રામ હૈ

❀

નાના નાના બાળ મળી સૌ, ગીત આતમના ગાશું
અમે ગીત ગુરુના ગાશું.
આતમજ્ઞાની સુકાની મળિયાં, કહાનગુરુજી અમને,
અનંત ભવના બંધન ટળિયાં, મુક્તિની ભેરી વાગે,
સેવા કરશું, ચરણોમાં રહેશું, ભક્તિ ગુરુની કરશું
અમે ગીત ગુરુના ગાશું.

ડગલે–પગલે રાગના બંધન, આતમભાવને રોકે,
ગુરુદેવ આપો આશીષ અમને, શક્તિ સ્વભાવમાં લાગે,
પરભાવોમાં જાતાં ધ્યાનને, સ્વભાવમાં સ્થિર કરશું,
અમે ગીત ગુરુના ગાશું.

મુક્તિપુરીના પથિક એવા, ગુરુજીની વાણી સૂણશું,
સ્વાધ્યાય મનન કરતાં કરતાં, આતમ અનુભવ કરશું,
અનુભવ કરશું, આનંદ લેશું સિદ્ધ સમાન બની જાશું,
અમે ગીત ગુરુના ગાશું.

❀

કલ્પવૃક્ષ આંગણે પધાર્યા રે,
પૂર્યા સાથિયા રે, કરૂં સ્વાગત કહાન ગુરૂદેવના...

ભાવઅર્ઘના થાળ ભરીને, ભક્તિ પુષ્પોની માળ ગુંથીને
ચૈતન્ય રત્નને હિરલે વધાવીએ રે હૈડે હરખીયે રે... કરૂં સ્વાગત...કલ્પ

સ્વાનુભૂતિના નંદનવનમાં, મસ્ત બનીને આપ વિચરતાં
ધ્રુવ ધામની ધુણી ધખાવતાં રે, સાધના કરતા રે રે... કરૂં સ્વાગત...કલ્પ



દિવ્યવિભૂતિ આ વિદેહધામની, ભરત ભુમિમાં આશ્ચર્યકારી
શાશ્વત મંગળ તારૂં દ્રવ્ય છે રે, તીર્થનાથનું રે... કરૂં સ્વાગત...કલ્પ

મતિશ્રુત સાગરમાં ભરતી આવી, રોમ રોમમાં ચૈતન્યતા ટપકતી
જ્ઞાયક જ્ઞાયકની ધૂન અજબ ગાજતી રે, કેવળ લાવતી રે... કરૂં સ્વાગત...કલ્પ

મહાસુખ સાગરનો માર્ગ બતાવતા, શુદ્ધાત્મ સ્પર્શી વાણી વર્ષાવતા
મળી તુજ ચરણોની સેવના રે, મહાભાગ્યથી રે... કરૂં સ્વાગત...કલ્પ

મુક્તિમંડપ નિજ મંદિરે રચાવ્યા, પંચ પરમેષ્ઠી તેમાં પધાર્યા
નિજ જ્ઞાયકની આરાધના કરતા રે, ગુરૂ કહાન છે રે... કરૂં સ્વાગત...કલ્પ

બે કર જોડી તુજ બાળક વિનવે, મુક્તિ નગરમાં સાથે જ રહીએ
તારા સમવસરણમાં આવવું રે, પ્રભુ માંગું છું રે... કરૂં સ્વાગત...કલ્પ.

❀

ગુરૂદેવ....ગુરૂદેવ...ગુરૂદેવ તમારા ચરણોમાં, શત્ શત્ વંદન...(૨)
ઊપકાર તમે આ બાળક પર, કીધા ગુરૂદેવ અનંત અનંત...(૨)

તમે નવા નવા ન્યાયો દીધા, જે જગે કદી સુણ્યા નો'તા,
આગમના ગુઢ રહસ્ય બધા, ગુરૂદેવ સરલ તમે કરી દીધા.
રાગાદિ વિભાવથી ભિન્ન અતિ, અંદરમાં ધ્રુવ બિરાજે છે,
શરણું ને ઓથ તું એની લે, તો કર્મ તારા સૌ નષ્ટ થશે ગુરૂદેવ....

આ ક્ષણે જ તું પરિપૂર્ણ છે, ના કાંઈ કચાશ છે તારામાં,
જ્ઞાન દરશન સુખ તથા વીર્ય, અનંતા ભર્યા છે તારામાં,
પુણ્ય ને પાપ એક સમજ તે, જુદી કાંઈ ચીજ નથી,
સંસારમાં રખડાવે બંને, તને સાચી સહેજે ખબર નથી ગુરૂદેવ....

ગુરૂદેવનું દ્રવ્ય અલૌકિક છે, ગુરૂદેવ તો મંગળમૂર્તિ છે,
આ કાળે મુક્તિ તણો મારગ, પ્રકાશ્યો છે શ્રી ગુરૂદેવે,
બધો ઉપકાર ગુરૂદેવનો છે, હું તો તેમનો દાસાનુદાસ,
ઊલસી ઊલસી આવો મહિમા, ખુદ ગાતા'તા શ્રી ભગવતી માત ગુરૂદેવ...

એક દિનમાં બસ ત્રણ વાર મળે, સુણવા જિનવાણી સમોસર્ણે,
પણ અમને તો એ જિનવાણી, ગુરૂ આપી તમે પ્રત્યેક ક્ષણે,
સુર્યકીર્તિરૂપે ભલે હમણાં મળ્યા, પણ પહેલેથી ગુરૂદેવ તમે,
અમ માટે ભગવંત હતા, અમ માટે તો ભગવંત હતા ગુરૂદેવ...

❀

તત્ત્વની ઉંચી વાત, ગુરૂ કહાને આપી છે,
ભવિ જીવને માટે તો, બહુ બહુ હિતકારી છે...તત્ત્વની...

આ દેહના દેવળમાં, ભગવાન બિરાજે છે,
પૂર્ણાનંદનો તું નાથ, છે જ્ઞાન તણો ભંડાર,
સુખ શાંતિનું તું છે ધામ, એને અંતરમાં તું ઉતાર...તત્ત્વની...

જ્ઞાની તો જ્ઞાનને રાગના ભેદને દેખે છે,
રાગમાં એકતા બુદ્ધિ, નહીં જ્ઞાનીને વર્તે છે,
અકર્તા રાગનો થઈ જ્ઞાનમાં જ બની તન્મય...તત્ત્વની...

વિકલ્પનો એકે અંશ, નહિ સ્હેજે છે મારો,
છું એક અખંડ જ્ઞાયક, આ એક જ સત્ માનો,
સ્વાશ્રય ભાવ બસ એક જ, મુક્તિ તણું કારણ...તત્ત્વની...

સ્વભાવનું હોય જ જ્ઞાન પછી, હોય ભલે તે અલ્પ,
ક્રમે ક્રમે વધશે, ને અંતે થશે કેવલ.
બાહ્ય સંયોગનું તો જ્ઞાન, તે સમજી પામશે નાશ...તત્ત્વની...

બુદ્ધિ તેને કહીએ, જે અંતરમાં જવા પ્રેરે,
વીર્ય તેને કહીએ, સ્વરૂપને રચે છે જે,
બુદ્ધિને વીર્ય વંત છે ધીર તેમ જ તે વીર...તત્ત્વની...

❀



ભજ ભજ પ્યારે! ભજ ભગવાન, જો તૂ ચાહે નિજ કલ્યાણ. ટેક.
શ્રી અરહંતા સિદ્ધમહાન, હૈ પરમાતમ ધરિયે ધ્યાન....ભજ૦
શ્રી આચારજ ગુરુ મુનિરાજ, ભજ ભજ તારનતરન જિહાજ....ભજ૦
વૃષભાદિક ચૌબીસ જિનેશ, ભજ સીમંધર આદિ મહેશ....ભજ૦
ભજ ભજ ગૌતમ ગુરુ ભગવાન, કુન્દકુન્દ આચાર્ય મહાન....ભજ૦
ભજ અકલંક મહાવિદ્વાન, સ્વામી વિદ્યાનંદ મહાન....ભજ૦
ઉન સબકો પહિચાવનહાર, પરમ પ્રતાપી ભજ ગુરુ કહાન....ભજ૦
ભજ જિનવાણી સરસ્વતી નામ, ઉત્તમ ધામ મિલે તુમદાસ....ભજ૦

❀

ચિન્મૂરત દગ્ધારીકી મોહિ, રીતિ લગત હૈ અટાપટી....ટેક.

બાહિર નારકિકૃત દુઃખ ભોગૈ, અન્તર સુખરસ ગટાગટી,
રમત અનેક સુરનિ સંગ પૈ તિસ, પરનતિતૈં નિત હટાહટી....૧

જ્ઞાનવિરાગ શક્તિતૈં વિધિફલ, ભોગત પૈ વિધિ ઘટાઘટી,
સદનનિવાસી તદપિ ઉદાસી, તાતૈં આસ્રવ છટાછટી....૨

જે ભવહેતુ અબુધકે તે તસ, કરત બન્ધકી ઝટાઝટી,
નારક પશુ તિય ષંઢ વિકલત્રય, પ્રકૃતિનકી હ્વૈ કટાકટી....૩

સંયમ ધર ન સકૈ પૈ સંયમ, ધારન કી ઉર ચટાચટી,
તાસુ સુયશ ગુનકી 'દૌલત' કે, લગી રહે નિત રટારટી....૪

❀

હમકો કછુ ભય ના રે, જાન લિયો સંસાર....ટેક

જો નિગોદ મેં, સો હી મુઝમેં, સો હી મોક્ષ મંઝાર,
નિશ્ચયભેદ કછૂ ભી નાહીં, ભેદ ગિનૈ સંસાર....૧

પરવશ હ્વૈ આપા વિસારિ કે, રાગ દોષ કો ધાર,
જીવન ભર અનાદિ કાલ તૈં, યૌં હી હૈં ઉરઝાર....૨

જાકરિ જૈસે જાહિ સમય મેં, જે હોતા જા દ્વાર,
સો બનિ હૈ ટરિ હૈ કછુ નાહિં, કરિ લીનૌ નિરધાર....૩
અગનિ જરાવૈ પાની બોવે, બિછુરત મિલત અપાર,
સો પુદ્‌ગલ રૂપી, મૈં બુધજન, સબકો જાનનહાર....૪

❀

બહુ પુણ્યકેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો આંટો નહીં એક્કે ટળ્યો;
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયકંર ભાવમરણે, કાં અહો રાચી રહો? ૧
લક્ષ્મી અને અધિકાર વધતાં, શું વધ્યું તે તો કહો?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું, એ નય ગ્રહો;
વધવાપણું સંસારનું નરદેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો! એક પળ તમને હવો!!! ૨
નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે;
પરવસ્તુમાં નહિ મૂંઝવો, એની દયા મુજને રહી,
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત દુઃખ તે સુખ નહીં. ૩
હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારૂં ખરું?
કોના સંબંધે વળગણા છે? રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં, સિદ્ધાંતતત્ત્વ અનુભવ્યા. ૪
તે પ્રાપ્ત કરવા વચન કોનું, સત્ય કેવળ માનવું?
નિર્દોષ નરનું કથન માનો 'તેહ' જેણે અનુભવ્યું;
રે! આત્મ તારો! આત્મ તારો! શીઘ્ર એને ઓળખો,
સર્વાત્મમાં સમદૃષ્ટિ ઘો આ વચનને હૃદયે લખો. ૫

❀



ક્યારે રેશું! અખંડ આનંદમાં જો,
બની સ્યાદ્‌વાદી ધરી સમભાવ; ક્યારે૦
નિજ વસ્તુને ખરેખર ઓળખી જો,
કષાયનો કરીશું અભાવ....ક્યારે૦ ૧
અરે! કોઈ નિંદે કે કોઈ જપે જાપનેજો,
તેમાં કરશું નહીં રાગદ્વેષ; ક્યારે૦
પરમોત્કૃષ્ટ ચૈતન્યને નિહાળવાજો,
વળી ટાળવા કર્મનો ક્લેશ....ક્યારે૦ ૨
કેવળ આત્મકલ્યાણને કારણેજો,
વસવા જઈશું વનચરને વાસ; ક્યારે૦
વસી વનરાજાના વાસમાં જો,
એક ચિત્તેથી ધરશું ધ્યાન....ક્યારે૦ ૩
યોગ માર્ગના અંતિમ અંગને જો,
સાધી લઈશું જે છે શ્રીકાર; ક્યારે૦
છોને રમતાં જે સાથે શીયાળીયા જો,
સિંહ વાઘાદિ પશુઓ અપાર....ક્યારે૦ ૪
પેખી રમતા પરમાણુ પરભાવને જો,
લાવશું ના આશ્ચર્ય લગાર; ક્યારે૦
જ્ઞાન–ધ્યાન વૃદ્ધિનું નિદાન છે જો,
અધિષ્ઠાતાનું જે અધિષ્ઠાન....ક્યારે૦ ૫
એક પુદ્‌ગલને જોઈતું નિભાવવા જો,
આહાર દઈશું પણ નહિ રસવાન. ક્યારે૦
વેશ સ્વભાવથી જે શરીરનો જો,
નવીન કરીશું નહિ લવલેશ....ક્યારે૦ ૬
એક વાર કરી ભોજન કરપાત્રમાં જો,
કહે તુમ સેવક શિવવાસ; ક્યારે૦

દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતા જો,
જેથી પામશું પૂર્ણસ્વરૂપ....ક્યારે૦ ૭

❀

સદાય જિનવર શરણ હો... શરણ હો જિનમાર્ગ,
સત્ય શરણ આત્માતણું, સદાય રહેજો સાથ.

જેણે આતમ જાણીયો, જેને આત્મ સહાય
ભવ ચોરાસીથી બચ્યો, બસ આતમ છે સુખકાજ.

સમરૂં પ્રથમ આતમદેવ (૨) લેવાં સુખના લાવા કાજે
સાચું શરણ એનું રે (૨) લેવા સુખના લાવા કાજે.

આ....મિથ્યાદર્શન ઊંધી શ્રદ્ધા, મોટી ભૂલ અમારે,
આ....અનાદિ કાળથી આથડવું આ ક્યારે પાર આ આવે. સમરૂં.....

આ....પરના કર્તા પળ પળ થાતા, ઘાત થતો રે અમારો
આ....જે જે જ્યાં છે તે તેમજ રહેતું, બંધન આ બંધાતું. સમરૂં.....

આ....જૈન ધર્મ કોઈ વાડો નથી, ને નથી આ પંથની વાતું,
આ...પરમપિતાએ સ્વરૂપ કહ્યું જે, વર્ણન એનું થાતું. સમરૂં.....

આ....આત્મસ્વરૂપની ઓળખ આપી, દીધું ભવ ભવ ભાતું,
આ....વંદન ''કમલ'' એ કહાનગુરૂને, ભાવે શીશ નમાવી. સમરૂં.....

❀

સંત સાધુ બન કે વિચરૂં, વહ ઘડી કબ આયેગી,
ચલ પડૂં મૈં મોક્ષ પથ મેં, વહ ઘડી કબ આયેગી.

હાથ મેં પીછી કમંડલ, ધ્યાન આતમ રામ કા,
છોડકર ઘરબાર દીક્ષા, કી ઘડી કબ આયેગી.

આયેગા વૈરાગ્ય મુઝકો, ઈસ દુઃખી સંસાર સે,
ત્યાગ દૂંગા મોહ મમતા, વહ ઘડી કબ આયેગી.



પાંચ સમિતિ તીન ગુપ્તિ, બાઈસ પરીષહ ભી સહૂં,
ભાવના બારહ જુ ભાઊં, વહ ઘડી કબ આયેગી.

બાહ્ય ઉપધિ ત્યાગ કર, નિજ તત્ત્વ કા ચિંતન કરૂં,
નિર્વિકલ્પ હોવે સમાધિ, વહ ઘડી કબ આયેગી.

ભવ ભ્રમણ કા નાશ હોવે, ઈસ દુઃખી સંસાર સે,
વિચરૂં મૈં નિજ આતમા મેં, વહ ઘડી કબ આયેગી.

❀

ધ્રુવ આંગણમાં દરિયા ઉછળતા
ચૈતન્ય રાજાનાં તળ આ મળતાં
આનંદ ઝરણાં ત્યાંય રે....મારા ધ્રુવ૦

સિદ્ધ દેખાતાં, જગતના જીવ સૌ,
ચૈતન્ય ચૈતન્ય ભાસે આ સૌ,
રાગ દ્વેષ ભુલાય રે....મારા ધ્રુવ૦

તળ ઉપર જ્યાં દૃષ્ટિ લાગી,
આતમ અનુભવ જ્યોતિ જાગી,
શુદ્ધ પર્યાય ભુલાય રે....મારા ધ્રુવ૦

ચૈતન્ય દોરો રાખજો હાથે,
હલચલથી ભિન્ન ધ્રુવની સાથે,
ફરમાવે ભગવતી માત રે....મારા ધ્રુવ૦

❀

ન સમજો મિત્ર અભી કિતના અંધેરા,
જભી જાગ જાઓ તભી હૈ સબેરા.

ગઈ સો ગઈ મત ગઈ કો બુલાઓ,
નયા દિન હુઆ હૈ નયા ડગ બઢાઓ.

ન સોચો ન લાઓ વદન પર મલિનતા,
તુમ્હારે કરો મેં હૈ કલ કી સફલતા,
જલી જ્યોત બનકર ઢલેગા અંધેરા...જભી જાગ..

પિઓ મિત્ર શોલે સમજકર કે પાની,
દુઃખોને લીખી હૈ સુખોંકી કહાની,
નહીં પઢ સકા કોઈ કિસ્મત કા કાસા,
નહીં જાનતા થા કબ પલટ જાય પાસા,
ચલા જો મિલા મંજિલોંકા બસેરા...જભી જાગ..

વ્યથાએં મિલેં તો ઉન્હે તુમ દુલારો,
પ્રગતિ પ્રેમ સે મિલે તો પુકારો,
દુઃખોં કી સદા ઉમ્ર છોટી રહી હૈ,
સદાશ્રમ સુખોંકે હી બોતી રહી હૈ,
સદા પતઝડોં ને બહારોં કો ટેરા...જભી જાગ..

ગુરૂદેવ કે દ્વારા નયા દિન મિલા હૈ
જો નિધિયાં વિખરતી વો લુંટો હમેંશા,
અનેક ગ્રંથ મંથનસે હીરા નિકાલા,
તુમ જૌહરી બનકે કર દો ઉજાલા,
જરા ભુલ કી તો નરક મેં બસેરા...

જભી જાગ જાઓ તભી હૈ સવેરા.
અભી જાગ જાઓ અભી હૈ સવેરા.

❀

આજ મારા જીવનમાં, શું શું કર્યું મેં હિતનું!
શું કાર્ય કરવું રહી ગયું, ક્ષણ ક્ષણ અરે આ આત્મનું.

ક્યા દોષ છોડ્યા આત્મથી, ક્યા ગુણની પ્રાપ્તિ કરી,
કઈ ભાવી ઉજ્વળ ભાવના, સમ્યક્ત્વ આદિક ભાવની.



કઈ કઈ ક્ષણે ચિંતવન કર્યું, નિજ આત્માના શુદ્ધ ગુણનું,
કઈ કઈ રીતે સેવન કર્યું, મેં દેવ ગુરૂ ધર્મનું.

રે! જીવન મોંધુ જાય મારૂં, શીઘ્ર સાધુ ધર્મને,
ફરી ફરી છે દુર્લભ અરે! આ પામવો નર દેહને.

સમ્યક્ત્વ સાધું, જ્ઞાન સાધું, ચરણ સાધું આત્મમાં,
એ રત્નત્રયના ભાવથી, કરૂં સફળતા આ જીવનમાં.

પ્રમાદ છોડીને હવે હું, ભાવું છું નિજ આત્મને,
નિજ આત્મના ભાવન વડે, કરૂં નાશ આ ભવચક્રને.

❀

સુનું તો થયું રે પીંજર સુનું તો થયું રે
પંછી તો ઊડ્યું ને પીંજર સુનું તો થયું....

ચેતન પુછે રે કાયા, માન તું વાત મારી
જીવન ભર થયા ભેગા, જાઉં કેમ એકલો રે...પંછી...

કાયા બોલે વેણ મીઠા, સુણ તું ચેતન હંસા
અમે જડ તું ચેતન, અનાદિના જુદે જુદા રે...પંછી...

જીવ સમજાવે કાયા, લાલન પાલન મેં તો કીધું
રેશમના ચીર હીરા મોતીથી મઢી દીધું રે...પંછી...

કાયા બોલે ચેતન ભોળા, તું ભીંત ભૂલ્યો રે
પુદ્‌ગલના ખેલ એમાં તું કેમ રાચ્યો રે....પંછી...

ચેતન કહે વાત છેલ્લી, સાંભળ ઓ કાયા ઘેલી
મારો સંગ છોડવાથી, ભસ્મ થવું જોશે રે...પંછી...

વાહ ચેતન વાત તારી, મને તેની તમા નાંહી
માટીના પુતળાને હરખ શોક કાંઈ નહીં રે...પંછી...

ગુરૂ કહે વાણી મીઠી, સાંભળ તું ભવિ પ્રાણી
હીરા જેવી જિંદગી, આતમ રામ ભજી લે રે...પંછી...

❀

આટલું તો આપજે ભગવન મને છેલ્લી ઘડી
ના રહે માયા તણા બંધન મને છેલ્લી ઘડી...

આ જિંદગી મોંઘી મળી પણ જીવનમાં જાગ્યો નહિ
અંત સમયે મને રહે સાચી સમજ છેલ્લી ઘડી...

જ્યારે મરણ શય્યા પરે મીંચાય છેલ્લી આંખડી
તુ આપજે પ્રભુમય મન મને છેલ્લી ઘડી...

હાથ પગ નિર્બળ બને ને શ્વાસ છેલ્લો સંચરે
ઓ! દયાળુ આપજે દર્શન મને છેલ્લી ઘડી...

હું જીવન ભર સળગી રહ્યો સંસારના સંતાપમાં
તું આપજે શાંતિભરી નિદ્રા મને છેલ્લી ઘડી...

અગણિત અધર્મો મેં કર્યાં તન મન વચન યોગે કરી
હે ક્ષમાસાગર! ક્ષમા મને આપજે છેલ્લી ઘડી...

અંત સમયે આવી મુજને ના દમે ઘટ દુશ્મનો
જાગ્રત પણે મનમાં રહે તારૂં સ્મરણ છેલ્લી ઘડી...

❀

સંમેદ સિદ્ધધામ, પ્રભુજીને લાખો પ્રણામ;
અનંત જિનેશ્વરનાથ, પ્રભુજીને લાખો પ્રણામ;
—પ્રભુજીને ક્રોડો પ્રણામ.
ચોવીસો ભગવાન, પ્રભુજીને ક્રોડો પ્રણામ;
શાશ્વત તીરથધામ, પ્રભુજીને લાખો પ્રણામ;
—તીર્થને ક્રોડો પ્રણામ. ૧.



અનંત જિનેશ્વર મુક્તિ પધાર્યા,
સમશ્રેણીએ સિદ્ધ બિરાજ્યા;
પ્રગટ્યાં પૂર્ણ નિધાન.....પ્રભુજીને૦ ૨.

અનંત ગુણોના સાગર ઊછળ્યા,
અપૂર્વ સિદ્ધપરિણતિએ પ્રણમ્યા;
તનવિરહિત ભગવાન.....પ્રભુજીને૦
જ્ઞાનશરીર ભગવાન....પ્રભુજીને૦ ૩.

ચૈતન્યમંદિરે નિત્ય વિચરતા,
અનુપમ આનંદે જિન રમતા;
ગુણોના નિધાન.....પ્રભુજીને૦ ૪.

ત્રિભુવન-તારણહાર પધાર્યા,
સુરમુનિના નાથ બિરાજ્યા;
દિવ્યામૃત આ વિશ્વે વરસ્યા;
ભારતના ભગવાન.....પ્રભુજીને૦ ૫.

વિચર્યા નંત તીર્થંકરદેવા,
કણ કણ પાવન થયા શિખરના;
મંગળકારી મહાન.....પ્રભુજીને૦ ૬.

ચારણઋદ્ધિધારી પધાર્યા,
ગણધરમુનિનાં વૃંદ પધાર્યા;
ધ્યાન કર્યાં આ ધામ.....પ્રભુજીને૦ ૭.

અનંત સંતે સ્વરૂપ સાધ્યા,
ક્ષપકશ્રેણીએ અનંત ચડિયા;
પ્રગટ્યા કેવળજ્ઞાન.....પ્રભુજીને૦
—પામ્યા સિદ્ધિ મહાન...પ્રભુજીને૦ ૮.

ઈન્દ્ર-નૃપતિવર-વૃંદો ઊતરે,
પ્રભુજી-ચરણે શીશ ઝુકાવે;
શ્રી ગિરિરાજ મહાન.....પ્રભુજીને૦ ૯.

વનવૃક્ષોની ઘટાથી સોહે,
મનહર ચૈત્યધામ બતાવે;
સર્વ ગિરિ શિરતાજ.....પ્રભુજીને૦ ૧૦.

અનંત તીર્થંકર સ્મરણે આવે,
અનંત મુનિનાં ધ્યાનો સ્ફુરે;
પાવન સંમેદધામ.....પ્રભુજીને૦ ૧૧.

ભરતભૂમિમાં અનંત ચોવીસી,
શિખરજીથી પામ્યા સિદ્ધિ;
મહિમાવંત મહાન.....પ્રભુજીને૦
–વંદન સિદ્ધ ભગવાન.....પ્રભુજીને૦ ૧૨.

દેવ-દેવેન્દ્રો તુજને પૂજે,
આનંદ-મંગળ નિત્યે વર્તે;
ઉન્નત શિખરધામ.....પ્રભુજીને૦ ૧૩.

અપૂર્વ યાત્રા ગુરુજી સાથે,
અંતરમાં કોઈ આનંદ ઊલસે;
વંદન હો ગુરુરાજ.....પ્રભુજીને૦ ૧૪.

આવાં ધામ પવિત્ર નિહાળ્યે,
અંતરમાં આનંદ બહુ ઊછળે;
વંદન વારંવાર, તીરથને લાખો પ્રણામ;
વંદન હો અનંત, તીરથને ક્રોડો પ્રણામ. ૧૫.

❀

(રાગ : સ્વર્ણપુરે ભાવી ભગવંત પધાર્યા રે)

આજે ગુરુજી મારા પોન્નુર પધાર્યા રે,
ગુરુ-ઉર વસિયા પોન્નુર-ઋષિરાયા રે.
કુંદકુંદદેવા! તારી શી શી કરું સેવા,
મહાભાગ્યે મળિયા મુનિવરદેવા;



ધન્ય ધન્ય મહામુનિ મંગળકારા રે,
પંચમકાળે આદર્શ મુનિરાયા રે.....આજે૦ ૧.

શાસનશિરોમણિ કુંદકુંદસ્વામી,
રત્નત્રયધારી ચૈતન્ય-આરાધી;
જિનશાસનસ્તંભ! તારી બલિહારી રે,
અનુપમ જ્ઞાનધારી આત્મવિહારી રે.....આજે૦ ૨.

પોન્નુર પર તુજ પદચિહ્ન સોહે,
દર્શન કરી યાત્રી પાવન થાયે;
અધ્યાતમ-અધિપતિ કુંદકુંદદેવ રે,
અધ્યાત્મ-ધોધ તેં વિશ્વે વહાવ્યા રે.....આજે૦ ૩.

પોન્નુરગિરિ! પૂછું, ઉત્તર તું દેજે,
અમ સંવેદન હૈયે તું ધરજે;
કુંદપ્રભુની મીઠી વાર્તા સુણાવો રે,
કુંદપ્રભુના મીઠા સંદેશા આપો રે.....આજે૦ ૪.

કેવા હતા મારા કુંદકુંદસ્વામી?
વસતા'તા ક્યાં અહો આતમ-આરામી?
કોણ ભૂમિમાં વન-શિખરે બિરાજ્યા રે,
કોણ ભૂમિમાં ઊંડા આત્મધ્યાન સાધ્યાં રે.....આજે૦ ૫.

ગિરિરાજ કહેઃ કુંદસ્વામી પધાર્યા,
પરમ વૈરાગી મુનિ અહીં બહુ વિચર્યા;
અમારે વન-પર્વત માંહી બિરાજ્યા રે,
અમ ભૂમિમાં ઊંડા આત્મધ્યાન સાધ્યાં રે.....આજે૦ ૬.

કુંદપ્રભુએ ઊંડા આત્મધ્યાન સાધ્યાં,
નિશદિન આતમદેવ આરાધ્યા;
સાતિશય શ્રુતધારી, જિનમુદ્રાધારી રે,
સ્વાનુભૂતિમાં ઝૂલે મુનિ વીતરાગી રે.....આજે૦ ૭.

કુંદદેવને લાગી પ્રભુદર્શનની લગની,
અંતર માંહી સીમંધર-રઢ જાગી;
(અંતર માંહી જપે જિનવરસ્વામી;)
કેમ દેખું સાક્ષાત સીમંધરદેવા રે,
વિદેહક્ષેત્રે બિરાજે જિનવરરાયા રે.....આજે૦ ૮.

મુનિધ્યાન ફળિયાં ને પ્રભુજી ઉચ્ચરિયા,
વિદેહીનાથનાં કૃપામૃત વરસ્યાં;
સીમંધરનાથે આશીર્વાદ આપ્યા રે,
સમોસર્ણે સભાજનો આશ્ચર્ય પામ્યા રે.....આજે૦ ૯.

જંબૂ-ભરતમાંથી ઊપડ્યા વિદેહે,
પંચમ કાળે પહોંચ્યા પ્રભુજીની પાસે;
સાક્ષાત્ પ્રભુજીનાં દર્શન લાધ્યાં રે,
ઊંચી ઊંચી ભાવનાનાં ફળ રૂડાં પામ્યા રે.....આજે૦ ૧૦.

ભારતના મુનીશ્વર વિદેહયાત્રા પામ્યા,
સીમંધરનાથને નજરે નિહાળ્યા;
ઋદ્ધિધારી આશ્ચર્યકારી આત્મવિકાસી રે,
કહાનગુરુએ કુંદમહિમા પ્રકાશી રે.....આજે૦ ૧૧.

સીમંધરનાથના નાદને ઝીલી,
અંતર આતમમાં ઊંડા ઉતારી;
પરમાગમ-શાસ્ત્રોમાં ભાવો ભરી દીધા રે,
સ્વાનુભૂતિના સત્ય પંથ પ્રકાશ્યા રે;
કુંદકુંદ-ગુણગીતો શાસ્ત્રોમાં ગાયા રે,
કુંદકુંદનાં ગુણગીતો મુનિઓએ ગાયા રે.....આજે૦ ૧૨.

પંચમ કાળમાં અચિંત્ય ઉપકારી,
અગણિત ગુણધારી કુંદકુંદસ્વામી;
જ્ઞાનેશ્વરી તપેશ્વરી ગગનવિહારી રે,



ચિદનિધિધારી, અપૂર્વ મહિમાધારી રે,
નિત્ય હોજો કુંદકુંદસેવા (મુનિવરસેવા)
મંગલકારી રે.....આજે૦ ૧૩.

તુજ પરમ ભક્ત મારા કહાનગુરુ પાક્યા,
અમ સેવકના આતમ ઉજાળ્યા;
તુજ વાણી-અમૃત ઘોળી ઘોળી પીધાં રે,
તુજ વાણી-અમૃત ભરતે વહાવ્યાં રે.....આજે૦ ૧૪.

અપૂર્વ યાત્રા ગુરુદેવે કરાવી,
અમ સેવક પર કૃપા વરસાવી;
નિત્ય હોજો ગુરુજીનો સાથ મંગળકારી રે,
નિત્ય હોજો ગુરુજીની સેવા મંગળકારી રે.....આજે૦ ૧૫.

આ જૈનધર્મનો દીપક, જેની પાવન જ્યોત નિરાળી
નિજ આતમ ધ્યાન ધરીને, જિન દેવોએ પ્રગટાવી
આ જૈનધર્મનો...

આ ઝળહળતા દીવડાને, તમે ઝાંખો થવા ન દેશો
એની જ્યોત કદી ન બુઝાયે, એવા કામ ન કાંઈ કરશો
આ જૈનધર્મનો...

અમે વીર પ્રભુના પુત્રો, એક વાત હૃદયાં ધરશું
મહાવીર પ્રભુ શાસનનો, જયકાર હંમેશા કરશું
આ જૈનધર્મનો

અમે કહાનગુરૂના ભક્તો, દૃઢ શ્રદ્ધા હૈયે ધરશું
ગુરૂ-માત તણા શાસનને, પળ પળ ઉજ્વળ કરીશું
આ જૈનધર્મનો...

જે સમ્યક્દૃષ્ટિ જીવોએ, આ પંથ પરમ પ્રકાશ્યો
તે પંથ પગલા ભરીને, નિજ આત્મ લક્ષ્મી વરીશું
આ જૈનધર્મનો.....

ગુરૂજીના ગુણો સ્મરીને, એ પાવન પંથે જઈશું
તેઓના મુક્તિ સંઘમાં, સૌ મુમુક્ષુઓ જઈ મળીશું
આ જૈનધર્મનો...

સુવર્ણપુરીના કણમાં ગુંજે છે આતમ નાદ
ઘર ઘરમાં નિત્ય વહે છે, રૂડી સમયસારની વાત
આ જૈનધર્મનો...

❀

જિનવાણી માતા દર્શન કી બલિહારિયાં....ટેક..

પ્રથમ દેવ અરહન્ત મનાઊઁ, ગણધરજી કો ધ્યાઊં.
કુન્દકુન્દ આચારજ સ્વામી, તિનકો શીશ નવાઊં....જિન૦

યોનિ લાખ ચૌરાસી માંહી, ઘોર મહાદુઃખ પાયો.
તેરી મહિમા સુનકર માતા! શરણ તુમ્હારી આયો....જિન૦

જાનૈ થારો શરણોં લીનોં, અષ્ટ કર્મ ક્ષય કીનોં.
જામન--મરણ મેટકે માતા! મોક્ષ મહાપદ દીનોં....જિન૦

વાર-વાર મૈં વિનવું માતા, મહરજુ મો પર કીજે;
પાર્શ્વદાસ કી અરજ યહી હૈ, ચરણ શરણ મોહી લીજે....જિન૦



## **શ્રી અમિતગતિ સામાયિક પાઠ** (પદ્યાનુવાદ)

(હરિગીત છંદ)

સૌ પ્રાણી આ સંસારનાં, સન્મિત્ર મુજ વ્હાલાં થજો,
સદ્ગુણમાં આનંદ માનું, મિત્ર કે વેરી હજો;
દુખિઆ પ્રતિ કરુણા અને, દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ, પામો હૃદયમાં સ્થિરતા. ૧.

અતિ જ્ઞાનવંત અનંત શક્તિ, દોષહીન આ આત્મ છે,
એ મ્યાનથી તરવાર પેઠે, શરીરથી વિભિન્ન છે;
હું શરીરથી જુદો ગણું એ, જ્ઞાનબળ મુજને મળો,
ને ભીષણ જે અજ્ઞાન મારું નાથ! તે સત્વર ટળો. ૨.

સુખ–દુઃખમાં, અરિ મિત્રમાં, સંયોગ કે વિયોગમાં,
રખડું વને વા રાજભુવને, રાચતો સુખભોગમાં;
મમ સર્વકાળે સર્વ જીવમાં, આત્મવત્ બુદ્ધિ બધી,
તું આપજે મુજ મોહ કાપી, આ દશા કરુણાનિધિ. ૩.

તુજ ચરણ કમળનો દીવડો, રૂડો હૃદયમાં રાખજો,
અજ્ઞાનમય અંધકારનો, આવાસ તુરત બાળજો;
તદ્રૂપ થઈ તે દીવડે, હું સ્થિર થઈ ચિત્ત બાંધતો,
તુજ ચરણયુગ્મની રજમહિં, હું પ્રેમથી નિત્ય ડૂબતો. ૪

પ્રમાદથી પ્રયાણ કરીને, વિચરતાં પ્રભુ અહીં તહીં,
એકેન્દ્રિયાદિ જીવને, હણતાં કદી ડરતો નહીં;
છેદી વિભેદી દુઃખ દઈ, મેં ત્રાસ આપ્યો તેમને,
કરજો ક્ષમા મુજ કર્મ હિંસક, નાથ વિનવું આપને. ૫.

કષાયને પરવશ થઈ બહુ, વિષય સુખ મેં ભોગવ્યા,
ચારિત્રના જે ભંગ વિભુ, મુક્તિ પ્રતિકૂળ થઈ ગયા;
કુબુદ્ધિથી અનિષ્ટ કિંચિત્, આચરણ મેં આદર્યું,
કરજો ક્ષમા સૌ પાપ તે, મુજ રંકનું જે જે થયું. ૬

મન વચન કાયા કષાયથી, કીધાં પ્રભુ મેં પાપ બહુ,
સંસારનાં દુઃખ બીજ સૌ, વાવ્યાં અરે હું શું કહું?
તે પાપને આલોચના, નિંદા અને ધિક્કારથી,
હું ભસ્મ કરતો મંત્રથી, જેમ વિષ જાતું વાદીથી. ૭

મુજ બુદ્ધિના વિકારથી, કે સંયમના અભાવથી,
બહુ દુષ્ટ દુરાચાર મેં, સેવ્યા પ્રભુ કુબુદ્ધિથી;
કરવું હતું તે ના કર્યું, પ્રમાદ કેરા જોરથી,
સૌ દોષ મુક્તિ પામવા, માગું ક્ષમા હું હૃદયથી. ૮

મુજ મલિન મન જો થાય તો, તે દોષ અતિક્રમ જાણતો,
વળી સદાચારે ભંગ બનતાં, દોષ વ્યતિક્રમ માનતો;
તે અતિચારી સમજવો, જે વિષય સુખમાં મ્હાલતો,
અતિ વિષય સુખ આસક્તને, હું અનાચારી ધારતો. ૯

મુજ વચન વાણી ઉચ્ચારમાં, તલભાર વિનિમય થાય તો,
જો અર્થ માત્રા પદ મહીં, લવલેશ વધઘટ હોય તો;
યથાર્થ વાણી ભંગનો, દોષિત પ્રભુ હું આપનો,
આપી ક્ષમા મુજને બનાવો, પાત્ર કેવળ બોધનો. ૧૦.

પ્રભુવાણી! તું મંગલમયી, મુજ શારદા હું સમજતો,
વળી ઈષ્ટ વસ્તુ દાનમાં, ચિંતામણિ હું ધારતો;
સુબોધને પરિણામશુદ્ધિ, સંયમને વરસાવતી,
તું સ્વર્ગનાં દિવ્ય ગીત સુણાવી, મોક્ષલક્ષ્મી અર્પતી. ૧૧

સ્મરણ કરે યોગી જનો, જેનું ઘણા સન્માનથી,
વળી ઈન્દ્ર નર ને દેવ પણ, સ્તુતિ કરે જેની અતિ;
એ વેદ ને પુરાણ જેના, ગાય ગીતો હર્ષમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૨

જેનું સ્વરૂપ સમજાય છે, સદ્જ્ઞાન દર્શન યોગથી,
ભંડાર છે આનંદના જે, અચળ છે વિકારથી;



પરમાત્મની સંજ્ઞા થકી, ઓળખાય જે શુભ ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૩

જે કઠીન કષ્ટો કાપતા ક્ષણવારમાં સંસારનાં,
નિહાળતા જે સૃષ્ટિને જેમ, બોરને નિજ હસ્તમાં;
યોગી જનોને ભાસતા જે, સમજતા સૌ વાતમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૪

જન્મો મરણનાં દુઃખને, નહિ જાણતા કદી જે પ્રભુ,
જે મોક્ષપથ દાતાર છે, ત્રિલોકને જોતા વિભુ;
કલંકહીન દિવ્યરૂપ જે, રહેતુ નહિ પણ ચંદ્રમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૫

આ વિશ્વના સૌ પ્રાણી પર, શુદ્ધ પ્રેમ નિસ્પૃહ રાખતા,
નહિ રાગ કે નહિ દ્વેષ જેને, અસંગ ભાવે વર્તતા;
વિશુદ્ધ ઈન્દ્રિય શૂન્ય જેવા, જ્ઞાનમય છે રૂપમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૬

ત્રિલોકમાં વ્યાપી રહ્યા છે, સિદ્ધ ને વિબુદ્ધ જે,
નહિ કર્મ કેરા બંધ જેને, ધૂર્ત સમ ધૂતી શકે;
વિકાર સૌ સળગી જતા, મન મસ્ત થાતાં ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં. ૧૭

સ્પર્શ તલભાર તિમિર કેરો, થાય નહિ જ્યમ સૂર્યને,
ત્યમ દુષ્કલંકો કર્મના, અડકી શકે નહિ આપને;
જે એક ને બહુરૂપ થઈ, વ્યાપી બધે વિરાજતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૧૮

રવિ તેજ વિણ પ્રકાશ જે, ત્રણ ભુવનને અજવાળતો,
તે જ્ઞાનદીપ પ્રકાશ તારા, આત્મમાં શું દીપતો;
જે દેવ મંગળ બોધ મીઠા, મનુજને નિત્ય આપતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૧૯

જો થાય દર્શન સિદ્ધનાં, તો વિશ્વદર્શન થાય છે,
જ્યમ સૂર્યના દીવા થકી, સુસ્પષ્ટ સૌ દેખાય છે;
અનંત અનાદિ દેવ જે, અજ્ઞાનતિમિર ટાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૨૦

જેણે હણ્યા નિજ બળવડે, મન્મથ અને વળી માનને,
જેણે હણ્યા આ લોકના, ભય શોક ચિંતા મોહને;
વિષાદને નિદ્રા હણ્યા, જ્યમ અગ્નિ વૃક્ષો બાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણ હું માગતો. ૨૧

હું માગતો નહિ કોઈ આસન, દર્ભ પત્થર કાષ્ટનું,
મુજ આત્મના નિર્વાણ કાજે, યોગ્ય આસન આત્મનું;
આ આત્મ જો વિશુદ્ધ ને, કષાય દુશ્મન વિણ જો,
અણમૂલ આસન થાય છે, ઝટ સાધવા સુસમાધિ તો. ૨૨

મેળા બધા મુજ સંઘના, નહિ લોકપૂજા કામની,
જગબાહ્યની નહિ એક વસ્તુ, કામની મુજ ધ્યાનની;
સંસારની સૌ વાસનાને, છોડ વ્હાલા વેગથી,
અધ્યાત્મમાં આનંદ લેવા, યોગ બળ લે હોંશથી. ૨૩

આ જગતની કો વસ્તુમાં તો, સ્વાર્થ છે નહિ મુજ જરી,
વળી જગતની પણ વસ્તુઓનો, સ્વાર્થ મુજમાં છે નહિ;
આ તત્ત્વને સમજી ભલા, તું મોહ પરનો છોડજે,
શુભ મોક્ષનાં ફળ ચાખવા, નિજ આત્મમાં સ્થિર તું થજે. ૨૪

જે જ્ઞાનમય સહજ આત્મ, તે સ્વાત્મા થકી જોવાય છે,
શુભ યોગમાં સાધુ સકળને, આમ અનુભવ થાય છે;
નિજ આત્મમાં એકાગ્રતા, સ્થિરતા વળી નિજ આત્મમાં,
સંપૂર્ણ સુખને સાધવા તું, આત્મથી જો આત્મમાં. ૨૫

આ આત્મ મારો એક ને, શાશ્વત નિરંતર રૂપ છે,
વિશુદ્ધ નિજ સ્વભાવમાં, રમી રહ્યો છે નિત્ય તે;



વિશ્વની સહુ વસ્તુનો, નિજ કર્મ ઉદ્‌ભવ થાય છે,
નિજ કર્મથી વળી વસ્તુનો, વિનાશ વિનિમય થાય છે. ૨૬

જો આત્મ જોડે એકતા, આવી નહીં આ દેહની,
તો એકતા શું આવશે, સ્ત્રી પુત્ર મિત્રો સાથની?
જો થાય જુદી ચામડી, આ શરીરથી ઉતારતાં,
તો રોમ સુંદર દેહપર, પામે પછી શું સ્થિરતા? ૨૭

આ વિશ્વની કો વસ્તુમાં, જો સ્નેહ બંધન થાય છે,
તો જન્મ મૃત્યુ ચક્રમાં, ચેતન વધુ ભટકાય છે;
મુજ મન, વચન ને કાયનો, સંયોગ પરનો છોડવો,
શુભ મોક્ષના અભિલાષનો, આ માર્ગ સાચો જાણવો. ૨૮

સંસારરૂપી સાગરે, જે અવનતિમાં લઈ જતી,
તે વાસનાની જાળ પ્યારા, તોડ સંયમ જોરથી;
વળી બાહ્યથી આત્મ છે જુદો, ભેદ મોટો જાણવો,
તલ્લીન થઈ ભગવાનમાં, ભવપંથ વિકટ કાપવો. ૨૯

કર્મો કર્યાં જે આપણે, ભૂતકાળમાં જન્મો લઈ,
તે કર્મનું ફળ ભોગવ્યા વિણ, માર્ગ એકે છે નહિ;
પરનું કરેલું કર્મ જો, પરિણામ આપે મુજને,
તો મુજ કરેલા કર્મનો, સમજાય નહિ કંઈ અર્થને. ૩૦

સંસારના સૌ પ્રાણીઓ, ફળ ભોગવે નિજ કર્મનું,
નિજ કર્મના પરિપાકનો, ભોક્તા નહિ કો આપણું;
લઈ શકે છે અન્ય તેને, છોડ એ ભ્રમણા બુરી,
પ્રભુ ધ્યાનમાં નિમગ્ન થા, તુજ આત્મનો આશ્રય કરી. ૩૧

શ્રી અમિતગતિ અગમ્ય પ્રભુજી, ગુણ અસીમ છે આપના,
આ દાસ તારો હૃદયથી, ગુણ ગાય તુજ સામર્થ્યના;
પ્રગટતા જો ગુણ બધા, મુજ આત્મમાં સદ્‌ભાવથી,
શુભ મોક્ષને વરવા પછી, પ્રભુ વાર ક્યાંથી લાગતી? ૩૨

(દોહરો)

બત્રીસ ચરણનું આ બન્યું, મંગળ સુંદર કાવ્ય;
અનુભવતા એક ધ્યાનથી, મોક્ષગતિ જીવ જાય. ૩૩

✻

## આલોચના પાઠ

(દોહા)

વન્દો પાંચો પરમ ગુરુ, ચૌવીસોં જિનરાજ,
કરૂં શુદ્ધ આલોચના, શુદ્ધિ કરન કે કાજ. ૧

(સખી છન્દ)

સુનિયે જિન અરજ હમારી, હમ દોષ કિયે અતિ ભારી,
તિનકી અબ નિવૃત્તિ કાજ, તુમ શરણ લહી જિનરાજ. ૨

ઈક બે તે ચઉ ઈન્દ્રીવા, મનરહિત સહિત જે જીવા,
તિનકી નહિ કરૂણા ધારી, નિરદઈ હવે ઘાત વિચારી. ૩

સમરંભ સમારંભ આરંભ, મનવચતન કીને પ્રારંભ,
કૃત કારિક મોદન કરિકૈ, ક્રોધાદિ ચતુષ્ટય ધરિકૈ. ૪

શત આઠ જુ ઈમ ભેદનતૈં, અઘ કીને પરછેદનતૈં,
તિનકી કહું કોલૌં કહાની, તુમ જાનત કેવલજ્ઞાની. ૫

વિપરીત એકાંત વિનયકે, સંશય અજ્ઞાન કુનયકે,
વશ હોય ઘોર અઘ કીને, વચતૈં નહીં જાત કહીને. ૬

કુગુરુનકી સેવા કીની, કેવલ અદયાકરિ ભીની,
યા વિધિ મિથ્યાત ભ્રમાયો, ચહુગતિમધિ દોષ ઉપાયો. ૭

હિંસા, પુનિ જૂઠ જો ચોરી, પરવનિતાસૌં દગ જોરી,
આરંભ પરિગ્રહ ભીનો, પન પાપ જુ યાવિધિ કીનો. ૮

સપરસ રસના ઘ્રાનનકો, દગ કાન વિષય સેવનકો,
બહુ કરમ કિયે મનમાને, કછુ ન્યાય અન્યાય ન જાને. ૯



ફલ પંચ ઉદમ્બર ખાયે, મધુ માંસ મદ્ય ચિત્ત ચાહે,
નહિં અષ્ટ મૂલ ગુણધારી, સેયે કુ વિષયન દુઃખકારી. ૧૦

દુઈ બીસ અભખ જિન ગાયે, સો ભી નિશદિન ભુંજાયે,
કછુ ભેદાભેદ ન પાયો, જ્યોં ત્યોં કરિ ઉદર ભરાયો. ૧૧

અનંતાનુ સો બંધી જાનો, પ્રત્યાખ્યાન અપ્રત્યાખ્યાનો,
સંજ્વલન ચૌકરી ગુનિયે, સબ ભેદ જુ ષોડશ સુનિયે. ૧૨

પરિહાસ અરતિ રતિ શોક, ભય ગ્લાનિ તિવેદ સંયોગ,
પનવીસ જુ ભેદ ભયે ઈમ, ઈનકે વશ પાપ કિયે હમ. ૧૩

નિદ્રાવશ શયન કરાઈ, સુપને મધિ દોષ લગાઈ,
ફિર જાગિ વિષય વન ધાયો, નાના વિધ વિષફલ ખાયો. ૧૪

કિયે આહાર નિહાર વિહારા, ઈનમેં નહિ જતન વિચારા,
બિન દેખે ધરી ઉઠાયા, બિન શોધી ભોજન ખાયા. ૧૫

તબ હી પરમાદ સતાયો, બહુ વિધિ વિકલ્પ ઉપજાયો,
કછુ સુધિ બુદ્ધિ નાહિ રહી હૈ, મિથ્યામતિ છાઈ ગઈ હૈ. ૧૬

મરજાદા તુમ ઢિગ લીની, તાહૂ દોષ જુ કીની,
ભિન ભિન અબ કૈસે કહિયે, તુમ જ્ઞાનવિષે સબ પઈયે. ૧૭

હા હા મેં દુષ્ટ અપરાધી, ત્રસ જીવનરાશિ વિરાધી,
થાવરકી જતન ન કીની, ઉરમેં કરૂણા નહિ લીની. ૧૮

પૃથ્વી બહુ ખોદ કરાઈ, મહલાદિક જાગાં ચિનાઈ,
પુન વિન ગાળ્યો જલ ઢોળ્યો, પંખાતૈ પવન વિલોલ્યો. ૧૯

હા હા! મૈં અદયાચારી, બહુ હરિતકાય જુ વિદારી,
તા મધિ જીવન કે ખંદા, હમ ખાયે ધરિ આનંદા. ૨૦

હા હા! પરમાદ બસાઈ, વિન દેખે અગ્નિ જલાઈ,
તામધ્યે જીવ જુ આયે, તેહુ પરલોક સિધાયે. ૨૧

બિંધ્યો અન રાત પિસાયોં, ઈંધન વિન સોધ્યો જલાયો,
ઝાડુ લે જાગાં બુહારી, ચિંટી આદિક જીવ વિદારી. ૨૨

જલ છાનિ જીવાની કીની, સોહું પુનિ ડારિ જુ દીની,
નહિં જલથાનક પહુંચાઈ, કિરિયા વિન પાપ ઉપાઈ. ૨૩

જલ મલ મોરિન ગિરવાયો, કૃમિ કુલ બહુ ઘાત કરાયો,
નદિયન બિચ ચીર ધુંવાયે, કોસન કે જીવ મરાયે. ૨૪

અન્નાદિક શોધ કરાઈ, તામેં જુ જીન નિસરાઈ,
તિનકા નહિ જતન કરાયા, ગલિયાલૈ ધૂપ ડરાયા. ૨૫

પુનિ દ્રવ્ય કમાવન કાજ, બહુ આરંભ હિંસા સાજ,
કિય તિસનાવશઅઘ ભારી, કરૂણા નહિ રંચ વિચારી. ૨૬

ઈત્યાદિક પાપ અનંતા, હમ કીને શ્રી ભગવંતા,
સંતતિ ચિરકાલ ઉપાઈ, બાનીતૈં કહિયે ન જાઈ. ૨૭

તાકો જુ ઉદય જબ આયો, નાનાવિધ મોહિ સતાયો,
ફલ ભુંજત જિય દુઃખ પાવૈ, વચતૈ કૈસે કરિ ગાવૈ. ૨૮

તુમ જાનત કેવલજ્ઞાની, દુઃખ દૂર કરો શિવથાની,
હમ તો તુમ શરણ લહી હૈ, જિન તારન વિરહ સહી હૈ. ૨૯

જો ગાંવપતિ એક હોવૈ, સો ભી દુઃખિયા દુઃખ ખોવૈ,
તુમ તીન ભુવનકે સ્વામી, દુઃખ મેટો અન્તર જામી. ૩૦

દ્રૌપદીકો ચીર બઢાયો, સીતા પ્રતિ કમલ રચાયો,
અંજનસે કિયે અકામી, દુખ મેટો અન્તરજામી. ૩૧

મેરે અવગુન ન ચિતારો, પ્રભુ અપનો વિરદ સમ્હારો,
સબ દોષ રહિત કરી સ્વામી, દુખ મેટહું અન્તરજામી. ૩૨

ઈન્દ્રાદિક પદવી નહિં ચાહું, વિષયનિમેં નાહિં લુભાઉ,
રાગાદિક દોષ હરીજે, પરમાતમ નિજપદ દીજે. ૩૩



(દોહા)

દોષરહિત જિનદેવજી, નિજપદ દીજ્યો મોય,
સબજીવનકે સુખ બઢે, આનંદ મંગલ હોય. ૩૪

અનુભવ માણિક પારખી, જૌહરી આપ જિનન્દ,
યેહી વર મોહિ દીજિયે, ચરણ શરણ આનન્દ. ૩૫

❁

## સમાધિમરણ ભાષા (પં. સૂરચન્દજી રચિત)

(નરેન્દ્ર છન્દ)

વન્દૌં શ્રી અરહંત પરમગુરુ, જો સબકો સુખદાઈ;
ઈસ જગ મેં દુઃખ જો મૈં ભુગતે, સો તુમ જાનો રાઈ.
અબ મૈં અરજ કરું પ્રભુ તુમસે, કર સમાધિ ઉર માંહી;
અંત સમય મેં યહ વર માંગૂઁ, સો દીજે જગ રાઈ. ૧

ભવ-ભવ મેં તન ધાર નયે મૈં, ભવ-ભવ શુભ સંગ પાયો;
ભવ-ભવ મેં નૃપ રિદ્ધિ લઈ મૈં, માત પિતા સુત ધાયો.
ભવ-ભવ મેં તનપુરુષ-તનોં ધર, નારી હૂઁ તન લીનોં;
ભવ-ભવ મેં મૈં ભયો નપુંસક, આતમગુણ નહિ ચીનોં. ૨

ભવ-ભવ મેં સુરપદવી પાઈ, તાકે સુખ અતિ ભોગે;
ભવ-ભવ મેં ગતિ નરકતની ધર, દુઃખ પાયે વિધિ યોગે.
ભવ-ભવ મેં તિર્યંચ યોનિ ધર, પાયો દુઃખ અતિ ભારી;
ભવ-ભવ મેં સાધર્મી જન કો, સંગ મિલ્યો હિતકારી. ૩

ભવ-ભવ મેં જિનપૂજન કીની, દાન સુપાત્રહિં દીનોં;
ભવ-ભવ મેં મૈં સમવસરણ મેં, દેખ્યો જિનગુણ ભીનો.
એતી વસ્તુ મિલી ભવ-ભવ મેં, સમ્યકગુણ નહિં પાયો;
ના સમાધિયુત મરણ કિયો મૈં, તાતૈં જગ ભરમાયો. ૪

કાલ અનાદિ ભયો જગ ભ્રમતૈં, સદા કુમરણહિં કીનોં;
એકબાર હૂઁ સમ્યકયુત મૈં, નિજ આતમ નહિં ચીનોં.

જો નિજપરકો જ્ઞાન હોય તો, મરણ સમય દુઃખ કાંઈ;
દેહ વિનાસી મૈં નિજભાસી, શાંતિ સ્વરૂપ સદાઈ. ૫

વિષયકષાયન કે વશ હોકર, દેહ આપનો જાન્યો;
કર મિથ્યા સરધાન હિયે વિચ, આતમ નાહિં પિછાન્યો.
યોં ક્લેશ હિય ધાર મરણકર ચારોં ગતિ ભરમાયો;
સમ્યકદર્શન-જ્ઞાન-ચરન યે, હિરદે મેં નહિ લાયો. ૬

અબ યહ અરજ કરૂઁ પ્રભુ સુનિયે, મરણ સમય યહ માંગોં;
રોગ જનિત પીડા મત હોવો, અરુ કષાય મત જાગો.
યે મુઝ મરણસમય દુખદાતા, ઈન હર સાતા કીજૈં;
જો સમાધિયુત મરણ હોય મુઝ, અરુ મિથ્યામદ છીજૈ. ૭

યહ તન સાત કુધાતમઈ હૈ, દેખત હી ઘિન આવૈ;
ચર્મ લપેટી ઉપર સોહૈ, ભીતર વિષ્ટા પાવૈ.
અતિદુર્ગન્ધ અપાવનસોં યહ, મૂરખ પ્રીતિ બઢાવૈ;
દેહ વિનાસી જિય અવિનાશી, નિત્ય સ્વરૂપ કહાવૈ. ૮

યહ તન જીર્ણ કુટીસમ આતમ, યાતૈં પ્રીતિ ન કીજૈં;
નૂતન મહલ મિલૈ જબ ભાઈ, તબ યામૈં ક્યા છીજૈં.
મૃત્યુ હોન સે હાનિ કૌન હૈ, યાકો ભય મત લાવો;
સમતા સે જો દેહ તજોગે, તો શુભ તન તુમ પાવો. ૯

મૃત્યુ મિત્ર ઉપકારી તેરો, ઈસ અવસર કે માંહી;
જીરન તન સે દેત નયો યહ, યા સમ સાહુ નાહીં.
યા સેતી ઈસ મૃત્યુ સમય પર, ઉત્સવ અતિ હી કીજૈ;
ક્લેશભાવ કો ત્યાગ સયાને, સમતાભાવ ધરીજૈ. ૧૦

જો તુમ પૂરબ પુણ્ય કિયે હૈં, તિનકો ફલ સુખદાઈ;
મૃત્યુ મિત્ર બિન કૌન દિખાવૈ, સ્વર્ગ સમ્પદા ભાઈ.
રાગદ્વેષ કો છોડ સયાને, સાત વ્યસન દુઃખદાઈ;
અન્ત સમય મેં સમતા ધારો, પરભવ પંથ સહાઈ. ૧૧



કર્મ મહાદુઠ બૈરી મેરો, તાસેતી દુઃખ પાવૈ;
તન પિંજર મેં બન્દ કિયો મોહિ, યાસોં કૌન છુડાવૈ.
ભૂખ તૃષા દુઃખ આદિ અનેકન, ઈસ હી તન મેં ગાઢૈ;
મૃત્યુરાજ અબ આય દયાકર, તનપિંજરસે કાઢૈ. ૧૨

નાના વસ્ત્રાભૂષણ મૈંને, ઈસ તનકો પહરાયેં;
ગંધ સુગંધિત અતર લગાયે, ષટરસ અસન કરાયે.
રાત દિના મૈં દાસ હોયકર, સેવ કરી તનકેરી;
સો તન મેરે કામ ન આયો, ભૂલ રહ્યો નિધિ મેરી. ૧૩

મૃત્યુરાય કો શરન પાય તન, નૂતન ઐસો પાઊઁ;
જામે સમ્યકરતન તીન લહિ, આઠોં કર્મ ખપાઊઁ.
દેખો તન સમ ઔર કૃતઘ્ની, નાહિં સુ યા જગમાહીં;
મૃત્યુ સમય મેં યે હી પરિજન, સબ હી હૈં દુઃખદાઈ. ૧૪

યહ સબ મોહ બઢાવન હારે, જિયકો દુર્ગતિ દાતા;
ઈનસે મમત નિવારો જિયરા, જો ચાહો સુખ સાતા.
મૃત્યુ કલ્પદ્રુમ પાય સયાને, માંગો ઈચ્છા જેતી;
સમતા ધરકર મૃત્યુ કરો, તો પાવો સંપતિ તેતી. ૧૫

ચૌ આરાધન સહિત પ્રાણ તજ, તૌ યે પદવી પાવો;
હરિ પ્રતિહરિ ચક્રી તીર્થેશ્વર, સ્વર્ગ મુક્તિ મેં જાવો.
મૃત્યુ કલ્પદ્રુમ સમ નહિં દાતા, તીનોં લોક મઝારે;
તાકો પાય કલેશ કરો મત, જન્મ જવાહર હારે. ૧૬

ઈસ તનમેં ક્યા રાચૈ જિયરા, દિન-દિન જીરન હો હૈ;
તેજકાન્તિ બલ નિત્ય ઘટત હૈ, યા સમ અથિર સુ કો હૈ.
પાંચોં ઈન્દ્રી શિથિલ ભઈ અબ, સ્વાસ શુદ્ધ નહિં આવૈ;
તાપર ભી મમતા નહિં છોંડૈ, સમતા ઉર નહિં લાવૈ. ૧૭

મૃત્યુરાજ ઉપકારી જિયકો, તનસો તોહિ છુડાવૈ;
નાતર યા તનબંદીગૃહ મેં, પર્‌યો પર્‌યો બિલલાવૈ.

પુદ્‌ગલકે પરમાણુ મિલકર, પિણ્ડરૂપ તન ભાસી;
યાહી મૂરત મૈં અમૂરતી, જ્ઞાન જ્યોતિ ગુણખાસી. ૧૮

રોગ-શોક આદિક જો વેદન, તે સબ પુદ્‌ગલ લારૈ;
મૈં તો ચેતન વ્યાધિ બિના નિત હૈં સો ભાવ હમારે.
યા તનસોં ઈસ ક્ષેત્ર સમ્બન્ધી, કારણ આન બન્યો હૈ;
ખાન પાન દે યાકો પોષ્યો, અબ સમ ભાવ ઠન્યો હૈ. ૧૯

મિથ્યાદર્શન આત્મજ્ઞાન બિન, યહ તન અપનો જાન્યો;
ઈન્દ્રીભોગ ગિને સુખ મૈંને, આપો નાહિ પિછાન્યો.
તન વિનશનતૈં નાશ જાનિ નિજ, યહ અયાન દુઃખદાઈ;
કુટુમ્બ આદિ કો અપનો જાન્યો, ભૂલ અનાદિ છાઈ. ૨૦

અબ નિજ ભેદ જથારથ સમઝયો, મૈં હૂઁ જ્યોતિસ્વરૂપી;
ઉપજૈ વિનસૈ સો યહ પુદ્‌ગલ, જાન્યો યાકો રૂપી.
ઈષ્ટા નિષ્ટ જેતે સુખ દુઃખ હૈં, સો સબ પુદ્‌ગલ સાગૈ;
મૈં જબ અપનો રૂપ વિચારો, તબ વે સબ દુઃખ ભાગૈ. ૨૧

બિન સમતા તનડનંત ધરે મૈં, તિન મેં યે દુઃખ પાયો;
શસ્ત્રઘાતતૈંઅનન્ત બાર મર, નાના યોનિ ભ્રમાયો.
બાર અનંતહિ અગ્નિ માહિં જર, મૂવો સુમતિ ન લાયો;
સિંહ વ્યાઘ્ર અહિડનન્ત બાર મુઝ, નાના દુઃખ દિખાયો. ૨૨

બિન સમાધિ યે દુઃખ લહે મૈં, અબ ઉર સમતા આઈ;
મૃત્યુરાજકો ભય નહિં માનો, દેવૈ તન સુખદાઈ.
યાતૈં જબ લગ મૃત્યુ ન આવૈ, તબ લગ જપતપ કીજૈ;
જપ તપ બિન ઈસ જગ કે માહીં, કોઈ ભી ના સીજૈ. ૨૩

સ્વર્ગ સમ્પદા તપસોં પાવૈ, તપસોં કર્મ નસાવૈ;
તપહી સોં શિવકામિનિપતિ હૈ, યાસોં તપ ચિત લાવૈ.
અબ મૈં જાની સમતા બિન મુઝ, કોઊ નાહિં સહાઈ;
માત પિતા સુત બાંધવ તિરિયા, યે સબ હૈં દુઃખદાઈ. ૨૪



મૃત્યુ સમય મેં મોહ કરેં યે, તાતૈં આરત હો હૈ;
આરતતૈં ગતિ નીચી પાવૈ, યોં લખ મોહ તજ્યો હૈ.
ઔર પરિગ્રહ જેતે જગ મેં, તિનસોં પ્રીતિ ન કીજે;
પરભવ મેં યે સંગ ન ચાલૈં, નાહક આરત કીજે. ૨૫

જે-જે વસ્તુ લખત હૈં તે પર, તિનસોં નેહ નિવારો;
પરગતિ મેં યે સાથ ન ચાલૈં, ઐસો ભાવ વિચારો.
જો પરભવમેં સંગ ચલેં તુઝ, તિનસોં પ્રીતિ સુ કીજૈં;
પંચ પાપ તજ સમતા ધારોં, દાન ચાર વિધ દીજૈ. ૨૬

દશલક્ષણમય ધર્મ ધરો ઉર, અનુકમ્પા ઉર લાવો;
ષોડશકારણ નિત્ય વિચારો, દ્વાદશ ભાવન ભાવો.
ચારોં પરવી પ્રોષધ કીજૈ, અશન રાત કો ત્યાગો;
સમતા ધર દુરભાવ નિવારો, સંયમસોં અનુરાગો. ૨૭

અન્ત સમય મેં યહ શુભ ભાવહિ, હોવૈં આનિ સહાઈ;
સ્વર્ગ મોક્ષ ફલ તોહિ દિખાવૈં, ઋદ્ધિ દેહિં અધિકાઈ.
ખોટે ભાવ સકલ જિય ત્યાગો, ઉર મેં સમતા લાકૈં;
જા સેતી ગતિચાર દૂર કર, બસહુ મોક્ષપુર જાકૈં. ૨૮

મન થિરતા કરકૈ તુમ ચિંતો, ચૌ આરાધન ભાઈ;
યે હી તોકોં સુખકી દાતા, ઔર હિતૂ કોઉ નાહીં.
આગે બહુ મુનિરાજ ભયે હૈં, તિન ગહિ થિરતા ભારી;
બહુ ઉપસર્ગ સહે શુભ પાવન, આરાધન ઉરધારી. ૨૯

તિનમેં કછુ ઈક નામ કહૂઁ મૈં, સો સુન જિય ચિત લાકૈ;
ભાવસહિત અનુમોદે તાસોં, દુર્ગતિ હોય ન તાકૈ.
અરુ સમતા નિજ ઉરમેં આવે, ભાવ અધીરજ જાવૈ;
યોં નિશ દિન જો ઉન મુનિવરકો, ધ્યાન હિયે વિચ લાવૈ. ૩૦

ધન્ય-ધન્ય સુકુમાલ મહામુનિ, કૈસે ધીરજ ધારી;
એક શ્યાલની જુગ બચ્ચાજુત, પાંવ ભખ્યો દુઃખકારી.

યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૩૧

ધન્ય-ધન્ય જુ સુકૌશલ સ્વામી, વ્યાઘ્રીને તન ખાયો;
તો ભી શ્રીમુનિ નેક ડિગે નહિં, આતમ સો હિતલાયો.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૩૨

દેખો ગજમુનિકે શિર ઉપર, વિપ્ર અગિનિ બહુ બારી;
શીશ જલૈ જિમ લકડી તિનકો, તૌ ભી નાહિ ચિંગારી.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૩૩

સનતકુમાર મુની કે તન મેં, કુષ્ટ વેદના વ્યાપી;
છિન્ન-ભિન્ન તન તાસોં હૂવો, તબ ચિંત્યોં ગુણ આપી.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૩૪

શ્રેણિક સુત, ગંગા મેં ડૂબ્યો, તબ જિનનામ ચિતાર્યો;
ધર સલેખના પરિગ્રહ છોડ્યો, શુદ્ધ ભાવ ઉર ધાર્યો.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૩૫

સમંતભદ્ર મુનિવર કે તન મેં ક્ષુધા વેદના આઈ;
તા દુઃખ મેં મુનિ નેક ન ડિગિયો, ચિન્ત્યૌ જિનગુણભાઈ.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૩૬

લલિત ઘટાદિક તીસ દોય મુનિ, કૌશાંબી તટ જાનો;
નદ્દી મેં મુનિ બહકર મૂવે, સો દુઃખ ઉન નહિં માનો.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૩૭



ધર્મઘોષ મુનિ ચંપાનગરી, બાહ્ય ધ્યાન ધર ઠાડો;
એક માસ કી કર મર્યાદા, તૃષા દુઃખ સહ ગાઢો.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૩૮

શ્રીદત્તમુનિકો પૂર્વજન્મ કો, બૈરી દેવ સુ આકે;
વિક્રિય કર દુઃખ શીતતનો સો, સહ્યો સાધુ મન લાકે.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૩૯

વૃષભસેન મુનિ ઉષ્ણ શિલાપર, ધ્યાન ધર્યો મનલાઈ;
સૂર્યધામ અરુ ઉષ્ણ પવન કી, વેદન સહિ અધિકાઈ.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૪૦

અભયઘોષમુનિ કાકન્દીપુર, મહાવેદના પાઈ;
વૈરી ચણ્ડને સબ તન છેદ્યો, દુઃખ દીનો અધિકાઈ.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૪૧

વિદ્યુતચરને બહુ દુઃખ પાયો, તો ભી ધીર ન ત્યાગી;
શુભભાવનસોં પ્રાણ તજે નિજ, ધન્ય ઔર બડભાગી.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૪૨

પુત્ર ચિલાતી નામા મુનિકો, બૈરી ને તન ઘાતા;
મોટે-મોટે કીટ પડે તન, તાપર નિજ ગુણ રાતા.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૪૩

દણ્ડકનામા મુનિકી દેહી, બાણન કર અરિ ભેદી;
તાપર નેક ડિગે નહિં વે મુનિ, કર્મ મહારિપુ છેદી.

યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૪૪

અભિનંદન મુનિ આદિ પાંચસૌ, ઘાની પેલી જુ મારે;
તૌ ભી શ્રીમુનિ સમતાધારી, પૂરબકર્મ વિચારે.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૪૫

ચાણક મુનિ ગૌઘર કે માહીં, મૂંદ અગિનિ પરજાલ્યો;
શ્રીગુરુ ઉર સમભાવ ધારકૈ, અપનો રુપ સમ્હાલ્યો.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૪૬

સાતશતક મુનિવર દુઃખ પાયો, હથનાપુર મેં જાનો;
બલિ બ્રાહ્મણકૃત ઘોર ઉપદ્રવ, સો મુનિવર નહિં માનો.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? મૃત્યુ મહોત્સવ ભારી. ૪૭

લોહમયી આભૂષણ ઘડકે, તાતે કર પહરાયે;
પાંચોં પાંડવ મુનિકે તન મેં, તૌ ભી નાહિં ચિગાયે.
યહ ઉપસર્ગ સહ્યો ધર થિરતા, આરાધન ચિત ધારી;
તો તુમરે જિય કૌન દુઃખ હૈ? "મૃત્યુ મહોત્સવ" ભારી. ૪૮

ઔર અનેક ભયે ઈસ જગ મેં, સમતા રસ કે સ્વાદી;
વે હી હમકોં હોં સુખદાતા, હરિહૈં ટેવ પ્રમાદી.
સમ્યક્‌દર્શન જ્ઞાન, ચરણ તપ, યે આરાધન ચારોં;
યે હી મોંકો સુખ કી દાતા, ઈન્હેં સદા ઉર ધારો. ૪૯

યોં સમાધિ ઉરમાહીં લાવો, અપનો હિત જો ચાહો;
તજ મમતા અરુ આઠોં મદકો, જ્યોતિસ્વરૂપી ધ્યાવો.
જો કોઈ નિત કરત પયાનો, ગ્રામાંતર કે કાજે;
સો ભી શકુન વિચારૈ નીકે, શુભકે કારણ સાજે. ૫૦



માત પિતાદિક સર્વ કુટુમ સબ, નીકે શકુન બનાવૈ;
હલદી ધનિયા પુંગી અક્ષત, દૂધ દહી ફલ લાવૈ.
એક ગ્રામ જાને કે કારણ, કરે શુભાશુભ સારે;
જબ પર ગતિકો કરત પયાનો, તબ નહિં સોચો પ્યારે. ૫૧

સર્વકુટુમ્બ જબ રોબન લાગૈ, તોહિ રુલાવૈ સારે;
યે અપશકુન કરૈ સુન તોકોં, તૂ યોં ક્યોં ન વિચારૈ.
અબ પરગતિકો ચાલત બિરિયાઁ, ધર્મધ્યાન ઉર આનો;
ચારોં આરાધન આરાધો મોહતનોં દુઃખ હાનો. ૫૨

હોય નિઃશલ્ય તજો સબ દુવિધા, આતમ રામ સુધ્યાવો;
જબ પરગતિ કો કરહુ પયાનો, પરમ તત્ત્વ ઉર લાવો.
મોહજાલ કો કાટ પિયારે, અપનો રૂપ વિચારો;
મૃત્યુ મિત્ર ઉપકારી તેરો, યોં નિશ્ચય ઉર ધારો. ૫૩

(દોહા)

મૃત્યુ મહોત્સવ પાઠકોં, પઢો સુનો બુધિવાન;
સરધા ધર નિત સુખ લહો, 'સૂરચંદ' શિવથાન.
પંચ ઉભય નવ એક નભ, સંવત્ સો સુખદાય;
આશ્વિન શ્યામા સપ્તમી, કહ્યો પાઠ મન લાય. ૫૪

❀

## આરાધના પાઠ

(હરિગીત)

મૈં દેવ નિત અરહંત ચાહૂં સિદ્ધકા સુમિરન કરૌં,
મૈં સૂર ગુરુ મુનિ તીનિ પદ મૈં સાધુપદ હૃદયે ધરૌં;
મૈં ધર્મ કરુણામયી ચાહૂં જહાં હિંસા રંચ ના,
મૈં શાસ્ત્રજ્ઞાન વિરાગ ચાહૂં જાસુ મેં પરપંચ ના. ૧
ચૌબીસ શ્રી જિનદેવ ચાહૂં ઔર દેવ ન મન બસૈં,
જિન બીસ ક્ષેત્ર વિદેહ ચાહૂં બંદિતે પાતિક નશૈં;

ગિરનાર શિખર સંમેદ ચાહૂં, ચમ્પાપુરી પાવાપુરી,
કૈલાસ શ્રી જિનધામ ચાહૂં, ભજત ભાજેં ભ્રમજુરી. ૨

નવતત્ત્વકા સરધાન ચાહૂં, ઔર તત્ત્વ ન મન ધરૌં,
ષટદ્રવ્ય ગુણ પરજાય ચાહૂં ઠીકતાસોં ભય હરૌં;
પૂજા પરમ જિનરાજ ચાહૂં ઔર દેવ ન હૂં સદા,
તિહુંકાલકી મૈં જાપ ચાહૂં પાપ નહિ લાગૈ કદા. ૩

સમ્યક્ત્વ દરશન જ્ઞાન ચારિત્ર સદા ચાહૂં ભાવસોં,
દશલક્ષણી મૈં ધર્મ ચાહૂં મહા હર્ષ ઉછાવસોં;
સોલહ જુ કારણ દુઃખનિવારણ સદા ચાહૂં પ્રીતિસોં,
મૈં ચિત્ત અઠાઈ પર્વ ચાહૂં મહા મંગલ રીતિસોં. ૪

મૈં વેદ ચારોં સદા ચાહૂં આદિ અંત નિવાહસોં,
પાએ ધરમકે ચાર ચાહૂં અધિક ચિત્ત ઉછાહસોં;
મૈં દાન ચારોં સદા ચાહૂં ભુવન વશિ લાહો લહૂં,
આરાધના મૈં ચારિ ચાહૂં અન્તમેં યે હી ગહૂં. ૫

ભાવના બારહ સદા ભાઊં, ભાવ નિરમલ હોત હૈં,
મૈં વ્રત જુ બારહ સદા ચાહૂં ત્યાગ ભાવ ઉદ્યોત હૈં;
પ્રતિમા દિગમ્બર સદા ચાહૂં ધ્યાન આસન સોહના,
વસુકર્મતૈં મૈં છુટા ચાહૂં શિવ લહૂં જહં મોહ ના. ૬

મૈં સાધુજનકો સંઘ ચાહૂં પ્રીતિ તિન હી સોં કરૌ,
મૈં પર્વકે ઉપવાસ ચાહૂં અરમ્ભૈ મૈં પરિહરૌં;
ઈસ દુઃખ પંચમકાલ માહીં કુલ શરાવક મૈં લહૌં,
અરુ મહાવ્રત ધરિ સકૌં નાહીં નિબલ તન મૈંને ગહો. ૭

આરાધના ઉત્તમ સદા ચાહૂં સુનો જિનરાયજી,
તુમ કૃપાનાથ અનાથ 'દ્યાનત' દયા કરના ન્યાયજી;
વસુકર્મનાશ વિકાશ જ્ઞાન પ્રકાશ મોકો કીજીએ,
કરિ સુગતિગમન સમાધિમરન સુભક્તિ ચરનન દીજિએ. ૮

❐